દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 231 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ વદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 September 2024, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# ગુજરાતમાં ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભઃ ગરીબોને ૪૫૦૦ કરોડના લાભ-સહાય અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતમાં દર વર્ષે ગરીબોને સરકારી યોજનાઓનો લાભ-સહાય આપવા માટે યોજાતા ગરીબ કલ્યાણ મેળાનો મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે શુક્રવારે પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે,ગરીબ કલ્યાણ મેળાએ ગરીબોને મળવાપાત્ર સહાય, લાભ આપીને તેમના સશક્તિકરણનું જન અભિયાન બની ગયા છે.

ગુજરાતમાં તત્કાલીન મુખ્ય પ્રધાન અને વર્તમાન વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ૨૦૦૯-૧૦થી શરૂ થયેલી ગરીબ કલ્યાણ મેળાની ૧૪મી કડીનો રાજ્યવ્યાપી પ્રારંભ મુખ્ય પ્રધાને બનાસકાંઠાના ડિસાથી કરાવ્યો હતો.

મુખ્ય પ્રધાને ડિસા ખાતેના ગરીબ કલ્યાણ મેળામાં એક જ દિવસમાં એક જ સ્થળેથી ૧૧ હજાર ઉપરાંત ગરીબ લાભાર્થીઓને રૂ. ૪૫ કરોડના સહાય લાભોનું વિતરણ કર્યુ હતું. રાજ્યના ૩૩ જિલ્લાઓમાં પણ પ્રધાનોની ઉપસ્થિતિમાં શરૂ થયેલી ગરીબ કલ્યાણ મેળાની આ ૧૪મી શૃંખલામાં સમગ્રતયા ૧ લાખ ૭૩૪ લાભાર્થીઓને કુલ ૩૧૮ કરોડથી વધુની સહાયનો લાભ આપવામાં આવ્યો હતો. આ ૧૪મા તબક્કામાં યોજાનારા ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા અંદાજે ૧૨ લાખથી વધુ ગરીબોને રૂ. ૪૫૬૮ કરોડના લાભ અપાશે.

આ પ્રસંગે મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના શાસન સેવા દાયિત્વમાં દેશમાં ગરીબ કલ્યાણનો નવો અધ્યાય શરૂ થયો છે. ગરીબોનું આર્થિક-સામાજિક સશક્તિકરણ કેવી રીતે થઈ શકે તેનું ઉત્તમ ઉદાહરણ તેમણે દેશ અને દુનિયાને પૂરું પાડ્યું છે. પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, સ્વનિધિ યોજના, જન ધન યોજના જેવી યોજનાઓથી ગરીબોનું આર્થિક સશક્તિકરણ થયું છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ૨૦ જેટલા વિવિધ સરકારી વિભાગોની કલ્યાણકારી યોજનાઓના લાભ એક જ સ્થળેથી અને સંપૂર્ણ પારદર્શિતાથી ગરીબ લાભાર્થીઓને પહોંચાડીને સરકાર ગરીબોના સશક્તિકરણ માટે તેની પડખે ઊભી રહે છે. ■

# અમદાવાદમાં નવરાત્રિમાં રાત્રે ૧૨ વાગ્યા પછી લાઉડ સ્પીકર વગાડનારા પર ગુનો નોંધાશે

**પોલીસની માર્ગદર્શિકા જાહેર કરાઇ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:શહેરમાં રાત્રિના ૧૨ વાગ્યા સુધી જ ગરબા રમવાની મંજૂરી છે, જે પણ પાર્ટી પ્લોટ, સોસાયટી, ફ્લેટમાં ૧૨ વાગ્યા પછી લાઉડ સ્પીકર વાગતું હશે તે આયોજક સામે કાર્યવાહી કરવામાં આવશે અને જાહેરનામાના ભંગ હેઠળ ગુનો પણ નોંધવામાં આવશે.

શહેરમાં નવરાત્રિને અંગેની માર્ગદર્શિકા જાહેર કરતા પોલીસ કમિશનરે કહ્યું હતું કે, સુરક્ષાની તમામ જવાબદારી તે વ્યક્તિની રહેશે, નોઈસ પોલ્યુશન પાલન કરવાની જવાબદારી આયોજકની રહેશે તેમજ એન્ટ્રી અને એક્ઝિટના રસ્તા અલગ અલગ હોવા જોઈએ તે તમામ જવાબદારી આયોજકની રહેશે ૨૦૦ મીટર સુધી ટ્રાફિક ન થાય તે જવાબદારી આયોજકની તેમજ ફાયર સેફ્ટી આયોજન હેઠળ ઈલેક્ટ્રીક ફીટિંગ કરવું પડશે. પાર્કિંગ, રોડ ઉપર રાહદારીઓને અડચણ ન થાય તે જરૂરી બનશે. જો રસ્તામાં કોઈ પણ અડચણ ઊભી થશે તો ગરબાની મંજૂરી રદ કરવામાં આવશે તેમજ કાર્યક્રમના સ્થળે સીસીટીવી ફરજિયાત જોઈશે.

પોલીસ કમિશનરે વધુમાં કહ્યું હતું કે, ગરબા આયોજકે ગરબા સ્થળ પર સીસીટીવી લગાવવા ફરજિયાત છે.ટિકિટ અથવા પાસ ધરાવતા પાર્ટી પ્લોટ અને ક્લબની મંજૂરી સ્થાનિક પોલીસ સ્ટેશનથી મળશે નહીં.ગરબામાં સાઉન્ડ સિસ્ટમનું તમામ વર્ણન અને નોઈસ પોલ્યુશન પાલન કરવાની જવાબદારી પણ આયોજકોની રહેશે રાતના બાર વાગ્યા પછી માઈક કે લાઉડ સ્પીકર ચાલુ હશે તો જાહેરનામા ભંગની કાર્યવાહી કરવાનો આદેશ કરાયો છે.જે પણ વ્યકિત કે આયોજક પોલીસ કમિશનરના જાહેરનામાનું પાલન નહીં કરે તેની સામે ફરિયાદ નામજોગ કરવામાં આવશે.

સોશિયલ નેટવર્કિંગ સાઈટ દ્વારા મળેલી વ્યક્તિઓની સાથે મુલાકાત કરતી વખતે યોગ્ય સતર્કતા દાખવવી જરૂરી છે. ગરબા રમવા જાવ ત્યારે પરિચિત લોકો સાથે જ રહેજો, અજાણી વ્યક્તિની લિફ્ટ લેવી કે એમને લિફ્ટ આપવી નહીં સાથે સાથે ગરબા કાર્યક્રમ સ્થળે તમારો જવા-આવવાનો રસ્તો હંમેશાં ભીડભાડવાળો જ પસંદ કરજો જેથી તમને રોડ પર એકલું લાગે નહીં અને તમારી એકલતાનો કોઈ લાભ ઉઠાવે નહીં. રાત્રીના સમયે જો કોઈ વાહન ન મળતું હોય તો ૧૦૦ અથવા ૧૮૧ નંબર ડાયલ કરી પોલીસને જાણ કરવાની અપીલ કરવામાં આવી છે.

દરમિયાન નવરાત્રીમાં અમદાવાદ પોલીસની મહિલા ટીમ સાદા ડ્રેસમાં પાર્ટી પ્લોટમાં ફરજ બજાવશે અને રોમિયો પર ધ્યાન રાખશે.આ મહિલા પોલીસ કર્મચારીઓ ગરબાના વિવિધ સ્થળ પર ભીડમાં જઇને કાયદો વ્યવસ્થાની સ્થિતિ પર બાજ નજર રાખશે. મહિલાઓની છેડતી, અસામાજિક તત્ત્વોનો આતંક જણાશે તો આ મહિલા પોલીસકર્મીઓ તેને પાઠ ભણાવશે. ■

# દક્ષિણ ગુજરાતની પૂર્ણા નદી બે કાંઠે વહીઃ ચાર કલાકમાં પાંચ ફૂટ જળ સપાટી વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાત અને ખાસ કરીને ઉપવાસમાં વરસી રહેલા વરસાદને લીધે નવસારી જિલ્લાની પૂર્ણા નદી બે કાંઠે વહેવા લાગી છે. ઉપરવાસમાં ભારે વરસાદથી નદીમાં પાણીની આવક વધતા ચાર કલાકમાં પાંચ ફૂટ જળસપાટી વધી હતી.

પૂર્ણા નદીના કેચમેન્ટ વિસ્તારમાં ભારે વરસાદને લઈ પૂર્ણા નદીમાં પાણીની આવક યથાવત્ છે. નદી બે કાંઠે વહેતા નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરાયા હતા. ફાયર વિભાગની ટીમ નીચાણવાળા વિસ્તારમાં સ્ટેન્ડબાય છે સાથે સાથે અધિકારીઓ પણ નદી પટમાં પહોંચ્યા હતા અને લોકોને સતર્ક રહેલાની સૂચના આપી હતી. બીજી તરફ નદી કાંઠાના ગામોમાં પણ ભયનો માહોલ ફેલાયો હતો. દરમિયાન નવસારી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં શુક્રવારની સવારથી વરસાદ શરૂ થતા નદી-નાળા ફરી એકવાર છલકાયા છે. પાણીના વધતા પ્રવાહને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાવાનો ખતરો ઊભો થયો છે. તંત્ર દ્વારા સ્થિતિ પર કડક નજર રાખવામાં આવી રહી છે અને જરૂરી તકેદારી અપનાવવાની સૂચનાઓ આપવામાં આવી રહી છે. નદીની ભયજનક સપાટી ૨૩ ફૂટ છે, જ્યારે હાલ તે માત્ર ૭ ફૂટ દૂર છે. જિલ્લા વહીવટી તંત્રએ લોકોને મોસમની સ્થિતિને ધ્યાનમાં રાખીને સંભાળવાની અપીલ કરી છે. ■

# ઉકાઇ ડેમ ભયજનક સપાટીની નજીકઃ તાપી નદીમાં ૭૮ હજાર ક્યૂસેક પાણી છોડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાત અને તાપી નદીના કેચમેન્ટ વિસ્તારમાં વરસી રહેલા વરસાદને પગલે ગુરુવારની રાતથી જ નદીમાં આવરો વધ્યો છે તેમજ શુક્રવારે બપોરે ભયજનક જળ સપાટીથી એક ફૂટ ઓછું જળ સ્તર રહેતા ઉકાઇ ડેમમાંથી નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે.

ઉકાઈ ડેમના ઉપરવાસમાં વિતેલા ચોવીસ કલાકમાં સરેરાશ અડધો ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો ગુરુવારની મધરાતે ડેમમાં પાણીની આવક વધીને ૧.૦૩ લાખ ક્યુસેક થઈ હતી. છેલ્લા ચોવીસ કલાકમાં ડેમની સપાટી એક ફૂટ વધીને ૩૪૪.૦૫ ફૂટે પહોંચી હતી.

ગુરુવારે સવારે ડેમમાંથી ૬ હજાર ક્યુસેક પાણી છોડાયું હતું. બાદમાં પાણી છોડવાનું બંધ કરી ડેમને ભરવા દેવામાં આવી રહ્યો હતો. દરમિયાન બપોર બાદ પાણીની આવકમાં વધારો થયો હતો. વિતેલા ચોવીસ કલાકમાં ડેમની સપાટીમાં એક ફૂટનો વધારો થયો છે. ડેમ ૩૪૫ ફૂટે પુરેપુરો ભરાય છે, ત્યારે હાલ સપાટી ૩૪૪.૦૫ ફૂટ પર પહોંચી ગઈ છે. જેથી હવે ડેમ ભયજનક સપાટીથી એક ફૂટ જ દૂર છે. હાલ ઉકાઈ ડેમમાંથી ૭૮ હજાર ક્યૂસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૦૬માં સુરતમાં આવેલા પૂર બાદ સ્તુતિઓ ઉકાઈ ડેમની સપાટી પર સતત નજર રાખતા હોય છે. આ સાથે જ ઉકાઈ ડેમના ઉપરવાસમાં પડતા વરસાદ અને થતી પાણીની આવક ઉપર તંત્ર પણ નજર રાખીને બેઠું હોય છે. હાલ ઉકાઈ ડેમની સપાટી એક ફુટ જ દૂર હોવાથી તંત્ર પણ એલર્ટ થઈ ગયું છે.

દરમિયાન સુરત કલેકટર ડો. સૌરભ પારગીએ જણાવ્યું હતુ કે, હવામાન વિભાગે જે પ્રકારે આગાહી કરી હતી, તેજ પ્રમાણે વરસાદ વરસી રહ્યો છે. આપણે પહેલાથી જ એલર્ટ મોડ પર જ હતા અને તમામ સ્થિતિ ઉપર રાઉન્ડ ક્લોક નજર રાખવામાં આવી રહી છે. હાલ ઉકાઈ ડેમની સપટી ૩૪૪ ફૂટ ઉપર પહોંચી છે. ઇન્ફ્લો પણ ઉકાઈ ડેમમાં હાલ વધારે છે, જેથી અત્યારે આપણે એક લાખ વિશે કરતા વધારે પાણી છોડવાનો નિર્ણય કર્યો છે. તાજેતરમાં થોડા દિવસો પહેલા પણ ઉકાઈ ડેમમાં જ્યારે પાણીની આવક વધી હતી, ત્યારે આપણે અઢી લાખ જેટલું પાણી છોડ્યું હતું. અત્યારે સમગ્ર સ્થિતિ નિયંત્રણ હેઠળ છે, કોઈપણ પ્રકારની પેનિકની સ્થિતિ નથી અને તમામ તંત્ર જે છે તે ખડેપગે ઊભા રહીને ઉકાઈ ડેમની દરેક મિનિટે મોનિટરિંગ કરી રહ્યું છે. ■

# રાજકોટનો ભાદર ડેમ-૧ સિઝનમાં સતત ત્રીજી વાર ઓવરફ્લોઃ ૨૦ દરવાજા ખોલાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા વરસાદને પગલે રાજકોટનો ભાદર-૧ ડેમ સિઝનમાં ત્રીજી વાર ઓવરફ્લો થયો છે. ભાદર ડેમના ૨૦ દરવાજા ૬ ફૂટ ખોલીને ભાદર નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે.

શુક્રવારે બપોરની સ્થિતિએ ડેમમાં પાણીની આવક પ્રતિ કલાક ૩૬૬૮૭ ક્યુસેક હતી જેની સાથે ડેમમાં પાણીની જાવક પ્રતિ કલાક ૩૬૬૮૭ ક્યુસેક હતી. સલામતીને ધ્યાનમાં રાખીને ભાદર ડેમના પુલ ઉપર અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો બીજી તરફ ડેમમાંથી પાણી છોડવામાં આવતા જ ભાદર નદી બે કાંઠે વહેતી થઈ હતી. નદી મારફતે નાના ચેકડેમમાં પાણીની આવક થઈ છે, ડેમમાં પાણીની આવક થતા આ વખતે પીવાના પાણીની તકલીફ ઓછી સર્જાશે સાથે સાથે ખેડૂતોને પિયત માટે પાણી પણ મળી રહેશે ,ભાદર-૧ ડેમ સિઝનમાં ત્રીજી વખત ઓવરફ્લો થયો છે. ભાદર નદીમાં પણ ભરપૂર પાણીની આવક થતા નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરાયા છે. આ વખતે રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં સારો વરસાદ થવાથી ડેમો અને ચેકડેમો છલકાઈ ગયા છે.

આ ડેમમાંથી રાજકોટ અને જેતપુર ખોડલધામ જૂથ યોજના, વીરપુર સહિત ૨૨ લાખ જેટલી પ્રજાને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. સિંચાઈના હેતુ માટે જ બનાવેલ આ ડેમ તેની ૭૮ કિમી લંબાઇ ધરાવતી મેઈન કેનાલ દ્વારા ૪૬ ગામોની ૩૬,૮૪૨ હેક્ટર જમીનને સિંચાઈનું પાણી પૂરું પાડે છે. જેતપુર અને રાજકોટને પાણી પૂરું પાડતા ભાદર -૧ ડેમના નિર્માણનું કાર્ય ૧૯૫૨માં શરૂ થયું હતું અને ૧૯૬૪ માં ડેમ નિર્માણ થયો હતો. ત્યારથી આ ડેમ સૌરાષ્ટ્રની જીવાદોરી સાબિત થયો છે. ■

# કચ્છમાં બંધ કરી દેવામાં આવેલો સમુદ્રી સીમાદર્શન પ્રોજેક્ટ ફરી ટૂંક સમયમાં શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભાતીગળ પ્રદેશ કચ્છને જોવા-માણવા દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓ ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય જળસીમા અંગે જાણકારી મેળવે તેમ જ સંવેદનશીલ સરહદ પર તહેનાત સીમા સુરક્ષા દળના જવાનોની કામગીરીથી પરિચિત થાય તેવા ઉમદા હેતુથી ભારતમાં પ્રથમ વખત પશ્ચિમી છેડેથી સમુદ્રી સીમાદર્શન પ્રોજેક્ટને ગત ફેબ્રુઆરી મહિનામાં સમુદ્ર રફ બનવાનું કારણ આગળ ધરીને બંધ કરી દેવાયો હતો.

દીપોત્સવી પર્વના આગામી વેકેશનને ધ્યાને લઈને સરકાર દ્વારા કચ્છના સીમાવર્તી લક્કી નાળામાં નવી આધુનિક જેટીનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે જેથી આ સમુદ્રી સીમા દર્શન સેવા ટૂંક સમયમાં શરૂ થાય તેવા ઉજળા સંકેત મળી રહ્યા છે.

ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા દેશમાં પ્રથમ વખત સમુદ્રી સીમા દર્શનની શરૂઆત કરવામાં આવી છે. આ સ્થળે અગાઉ માત્ર એક બોટ હતી.અહીં વિવિધ અસુવિધા બાબતે પ્રવાસીઓએ રજૂઆતો પણ કરી હતી. આ પ્રકલ્પનો ફરી સર્વે કરીને જૂન માસમાં નવી જેટીનું કાર્ય ચાલુ કરાયું હતું.

લક્કી નાળામાં પ્રવાસીઓ માટે વેઇટીંગ રૂમ,બુકિંગ કાઉન્ટર સહિતની સુવિધા છે.૬ અને ૮ સીટની ગુજરાત મેરિટાઈમ બોર્ડ દ્વારા સંચાલિત કેટલીક વધારાની સેફટીના માપદંડ સાથેની બોટોનો ઉમેરો કરી દેવાશે જેથી પ્રવાસીઓ સમુદ્રી સીમા દર્શનનો આનંદ લઇ શકશે. મુસાફરોને બોટમાં ચડવા અને ઉતરવામાં સરળતા રહે એ ડિઝાઇનથી જેટીનું નિર્માણ કરાયું છે.

નારાયણ સરોવરમાં પ્રવાસન વિભાગની હોટલ તોરણમાં બોટનું બુકિંગ થાય છે તે ઉપરાંત નારાયણ સરોવર ત્રણ રસ્તે લક્કી તરફ જતા માર્ગે રસ્તા પર બોર્ડ લગાવાયું છે જેથી વાહન ચાલકો સહેલાઈથી લક્કી નાળા સુધી પહોંચી શકે. સમુદ્રી સીમા દર્શન માટે શરૂઆતમાં એક બોટ હતી ત્યારે સતત વેઈટિંગ રહેતું હવે બોટની સંખ્યામાં વધારો થતા લોકો વધુ સીમા દર્શન કરી શકશે.

આગામી સમયમાં અહીં ફ્લોટિંગ જેટી, વોચ ટાવર, મરીન ઇન્ટરપ્રીટેશન સેન્ટર, મેન્ગ્રોવ વોક, ફૂડ કિઓસ્ક, ઇન્ફોર્મેશન સેન્ટર, કન્વેશન સેન્ટર, પબ્લિક યુટિલિટી, બીએસએફ ઈન્ટરએક્શન ફેસિલીટી, ભુંગા રીસોર્ટ, એડવેન્ચર પાર્ક, નેચર ટ્રેઈલ્સ, મેન્ગ્રોવ વોક, ફૂડ કિઓસ્ક વગેરે જેવા આકર્ષણો ઉમેરવામાં આવશે. પ્રોજેક્ટમાં ગુજરાતના પ્રવાસન વિભાગ સાથે બીએસએફ, ફોરેસ્ટ વિભાગ અને ગુજરાત મેરીટાઈમ બોર્ડ સહયોગી છે. થોડા સમય બાદ બોર્ડર રાઈડ સાથેસાથે પ્રવાસીઓને પ્રતિબંધિત દરિયાઈ ટાપુઓ પર લઈ જવામાં આવશે અને ત્યાં મેન્ગ્રોવ સફારી દ્વારા પ્રવાસીઓને યાદગાર અનુભવ કરાવવામાં આવશે. ■

# વડોદરામાં રોગચાળો વકર્યોઃ ડેન્ગ્યૂના સાત કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં મનપાના તંત્રની આરોગ્ય ઝુંબેશ વચ્ચે પણ હવે ચોમાસુ રોગચાળો વકર્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ડેન્ગયૂના સાત કેસ નોંધાયા હતા.

શહેરમાં કમળાનો એક કેસ અને ટાઈફોડનો એક કેસ નોંધાયો હતા જ્યારે શંકાસ્પદ મલેરિયાના ૧૦૮૮ કેસોમાંથી એક કેસ પોઝિટિવ અને ઝાડા ઊલટીના ૧૦૬ કેસો નોંધાયા હતા. સરકારી હૉસ્પિટલમાં ઓપીડીની સંખ્યા બમણી થઈ ગઈ છે.

સ્થાનિકોનું કહેવું છે કે ઘરે ઘરે માંદગીના ખાટલા જોવા મળ્યા છે સાથે સાથે લોકોને તાવ આવે છે અને ઘણીવાર પીવાનું પાણી પણ દૂષિત આવે છે જેના કારણે લોકોને તકલીફ પડી રહી છે.

ડેન્ગ્યૂ ફીવર વાઇરલ રોગ છે, આ રોગ મચ્છર એડીસ ઇજિપ્તી, એડીસ અલ્બોપીટક્સ દ્વારા ફેલાય છે. એડસી મચ્છર ડેન્ગ્યૂ ઉપરાંત ચિકનગુનિયા , યલોફિવર અને ઝીકા વાઇરસ ઇન્ફેકશન ફેલાવે છે. ■

# બનાસકાંઠામાં આંધી સાથે વરસાદથી છાપરાં ઊડ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતમાં શરૂ થયેલા વરસાદના આખરી રાઉન્ડમાં ગુરુવારે રાતથી આંધી સાથે શરૂ થયેલા તોફાની વરસાદથી બનાસકાંઠા જિલ્લામાં અનેક ઠેકાણે મકાનોના છાપરાં ઉડ્યાં હતા.

તેમ જ કાચા મકાનો પણ ધરાશાયી થયા હોવાનું જાણવા મળે છે. બનાસકાંઠામાં કેટલાંક સ્થળોએ ભારે પવનથી પતરાઓ ઊડીને ખેતરોમાં પડ્યાં હતાં.

તેમજ ડીસામાં પવન, વરસાદથી નુકસાન થયું હોવાનું જાણવાં મળે છે. ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતોને વરસાદથી નુકસાન થયું હતું.

ભારે પવનના કારણે પતરાઓ કિલોમીટર દૂર સુધી ખેતરોમાં ફેંકાયાં છે. અસરગ્રસ્ત લોકોએ સરકાર દ્વારા સહાય આપવા માગ કરવામાં આવી છે. ■

# ભાવનગરમાં ઘોઘા નજીક નદીના પૂરમાં ફસાયેલી યાત્રાળુઓની બસમાંથી ૨૯ લોકોનું રેસ્કયૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગરના દરિયાકાંઠે આવેલા કોળિયાકમાં નિષ્કલંક મહાદેવનાં દર્શન કરીને પરત ફરતી તામિલનાડુના યાત્રાળુઓની બસ ગત રાત્રે માલેશ્રી નદીના ઘોડાપૂર ફસાતાં ૨૯ લોકોના જીવ જોખમમાં મુકાયા હતા. આ પ્રવાસીઓને બચાવવા માટે ગયેલી ટ્રક પણ નદીના પાણીમાં ફસાઇ ગઇ હતી જોકે આઠ કલાકની બચાવની કામગીરીને અંતે શુક્રવારે સવારે ત્રણ વાગ્યાની આસપાસ તમામ લોકોનો બચાવ કરવામાં આવ્યો હતો.

ઘોઘા નજીક સમી સાંજે ભાવનગર તરફ આવી રહેલી યાત્રાળુઓને બસ નદીના ધસમસતા પૂરના પાણીમાં અધવચ્ચે જ ફસાતા સ્થાનિક અગ્રણીએ તાત્કાલિક તંત્રને જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ ઘોઘા મામલતદાર, વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા, પરંતુ પરિસ્થિતિ બેકાબૂ થતા ભાવનગર કલેક્ટર, ભાવનગર એસપી, ધારાસભ્ય જીતુ વાઘાણી સહિતના લોકો પણ આવી પહોંચ્યા હતા. ભાવનગર ફાયરબ્રિગેડ વિભાગની ટીમ, સ્થાનિકો, તરવૈયા સહિતનો મોટો કાફલો રેસ્ક્યૂમાં જોડાયો હતો. રાત્રે ૧૦:૩૦થી ૧૧ વાગ્યાની આસપાસ એક ટ્રકને બસની નજીક સલામત રીતે પહોંચાડી બસનો કાચ તોડીને ૨૯ લોકોનું રેસ્ક્યૂ કરીને ટ્રકમાં શિફ્ટ કરાયા હતા. પરંતુ પાણીના ધસમસતા પ્રવાહમાં તે ટ્રક પણ ફસાતા પરિસ્થિતિ કપરી બની હતી.

આ ઘટના અંગે ભાવનગર જિલ્લા કલેક્ટર આર. કે. મહેતાએ જણાવ્યું હતું કે, ભાવનગર જિલ્લામાં સતત બે દિવસથી વરસાદ પડી રહ્યો છે. તમિલનાડુની બસ કાળિયાકના દર્શનાર્થે આવી હતી અને ડ્રાઇવર અજાણ્યો હોવાને કારણે ગામના લોકોએ કોઝ-વેમાંથી પસાર ન થવા માટે જણાવ્યું હતું. પાણીના ધક્કાથી અડધી બસ કોઝવે ઉપર રહી અને અડધી પાણીમાં ગઈ હતી. અમને સાંજે ૬:૪૫થી ૭ વાગ્યાની આસપાસ જાણ થઈ હતી. તાત્કાલિક સ્થાનિકો, સ્થાનિક આગેવાનો, પોલીસ વિભાગ, રેવન્યૂ વિભાગ, મામલતદાર, પ્રાંત ઓફિસર સહિતના અધિકારીઓ દોડી આવ્યા હતા. ત્યારબાદ હું, કમિશનર તથા એસપી પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા. ■

# આયાત ડ્યૂટી વધારાને લીધે બે સપ્તાહમાં તમામ ખાદ્યતેલોમાં ₹ ૩૪૫ સુધીનો ભાવવધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકારે ૧૩ દિવસ પહેલા આયાતી ખાદ્યતેલોની કસ્ટમ ડ્યૂટીમાં ૨૦ ટકા વધારો કર્યા બાદ ખાદ્યતેલોમાં બેફામ ભાવવધારાનો દોર શરૂ થયો છે. તેલના ભાવ નહીં વધારવાની અપીલોને ઠુકરાવી દેવાઈ છે. પામતેલ કે સોયાબીન તેલ જ નહીં, પરંતુ મગફળી સિવાયના તમામ ખાદ્યતેલોમાં બે સપ્તાહથી ઓછા સમયમાં રૂપિયા ૨૧૦થી રૂપિયા ૩૪૫ સુધીનો એટલે કે એક કિલોએ રૂપિયા ૧૪થી રૂ.૨૦નો તોતિંગ વધારો ઝીંકી દેવાયો છે.

તારીખ ૧૪ સપ્ટેમ્બરથી આયાત ડ્યુટી વધારાનો અમલ થવાની સાથે જ ખેડૂતોને તેમના પાકને વધુ ભાવ મળે કે નહીં પણ ગ્રાહકો માટે ભાવ વધારો થયો છે. ગત તારીખ ૧૩ની સરખામણીમાં આજે પ્રતિ ૧૫ કિલો ડબ્બાના પામતેલમાં રૂપિયા ૩૪૫, નારિયેળ તેલમાં રૂપિયા ૩૦૦, કપાસિયા તેલમાં રૂપિયા ૨૮૦, સૂર્યમુખી તેલમાં રૂપિયા ૨૭૦ અને એરંડિયામાં રૂપિયા ૨૧૦નો વધારો કરાયો છે.

ગત બે દિવસમાં જ નારિયેળ તેલમાં રૂપિયા ૧૦૦નો વધારો કરાયો છે. શ્રીફળના ભાવમાં પચાસ ટકા જેવા તોતિંગ વધારાના પગલે ગત ચાર દિવસમાં કોકોનટ ઓઈલમાં પ્રતિ ૧૫ કિલોએ રુપિયા ૨૫૦નો વધારો કરાયો છે. કપાસિયા તેલમાં આયાત ડ્યૂટી નથી વધી, પરંતુ પાકમાં આંશિક ઘટાડાના અંદાજથી રુપિયા ૫૦નો વધારો થયો છે.

પામતેલ મંગળવારે ૧૯૮૦-૧૯૮૫ના ભાવે વેચાતું હતું તેમાં ૪૫નો વધારો ઝીંકી દેવાયો છે. પામતેલ આયાત પર ૨૦ ટકા ડ્યૂટી વધારાઈ અને તેલ લોબીએ સરકારના આ નિર્ણય બાદ આજ સુધીમાં ૨૦.૫૩ ટકા ભાવ વધારી દીધો છે. સૂર્યમુખી તેલમાં પણ ગત ૨ દિવસમાં રૂપિયા ૪૦નો વધારો અને સિંગતેલની આયાત થતી નથી, નિકાસ થાય છે. સિંગતેલમાં રૂપિયા ૨૦ વધી ગયા છે. પામતેલથી બનતા વનસ્પતિ ઘીના ભાવમાં સૌથી વધારે રૂપિયા ૪૩૦નો તોતિંગ વધારો ઝીંકી દેવાયો છે. જ્યારે રાઈ, મકાઈ, એરંડિયા જેવા તેલમાં પણ બેફામ વધારો થયો છે. ■

# અમદાવાદમાં ગેરકાયદે કોલ સેન્ટરો પર સીબીઆઇની તવાઇઃ ૩૫ સ્થળોએ તપાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં ઓનલાઇન ચીટીંગ કરીને લોકોના ખિસ્સા ખંખેરવા ઉપરાંત વિદેશી નાગરિકોને પણ બ્લેક મેઇલ કરીને છેતરપિંડી આચરવાની વધી ગયેલી બદી સામે સીબીઆઇએ ગુરૂવારથી શરૂ કરેલી દેશવ્યાપી તપાસને પગલે અમદાવાદમાં પણ સીબીઆઇની ટીમે ૩૫થી વધુ કોલસેન્ટરો પર દરોડા પાડીને તપાસ શરૂ કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ ગેરકાયદે કોલ સેન્ટરોના સંચાલકો વિદેશી નાગરિકોને બ્લેક મેઈલ કરીને છેતરપિંડી કરતા હતા અને ઓનલાઈન રૂપિયા પડાવતા હોવાના પુરાવાને આધારે સીબીઆઇના ૧૫૦ થી વધુ કર્મચારીઓએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

દેશ તેમ જ વિદેશી નાગરિકોને અલગ-અલગ લિંક મોકલીને તેમજ જુદી-જુદી મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરીને છેતરપિંડી કરી રહ્યાં હોવાની બાબત સીબીઆઈના ધ્યાને આવી હતી. ■

# અમદાવાદમાં એક સાથે ૧૮ ઈન્સ્પેક્ટર અને ૨૦ પીએસઆઈની બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:શહેરમાં નવરાત્રી પહેલા જ પોલીસ કમિશનરે ૧૮ પીઆઈ તેમજ ૨૦ પીએસઆઈની આંતરિક બદલી કરી છે. છેલ્લા લાંબા સમયથી અમદાવાદમાં પીઆઈઓની બદલી આવશે એવી ચર્ચાએ જોર પકડયું હતું આખરે બદલીઓ થતા અમદાવાદ શહેરના ૧૮ પોલીસ સ્ટેશનને નવા પીઆઈ મળશે. અમદાવાદ શહેર કમિશનરે એક જ પોલીસ સ્ટેશનમાં લાંબા સમયથી ફરજ બજાવતા પોલીસ ઇન્સ્પેક્ટર તેમજ પોલીસ સબ ઈન્સ્પેક્ટરોની બદલી કરી હતી જેમાં નારોલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.આઈ. બે વર્ષ જેટલા સમયથી નારોલ પોલીસ સ્ટેશનમાં હતા. તેમની પણ બદલી કરાઇ છે. આ અગાઉ આઠ પોલીસ કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલોની પણ બદલી કરવામાં આવી હતી. અમદાવાદ એસઓજીમાં ચાર પીઆઈને મૂકવામાં આવ્યા છે તેમજ સાયબર ક્રાઈમમાં ત્રણ પીઆઈને મૂકવામાં આવ્યા છે. આગામી સમયમાં પણ હજી ઘણા પીઆઈ તેમજ પીએસઆઈની બદલીઓ આવશે તેવી માહિતી સૂત્રો તરફથી મળી.■

# ભચાઉ નજીક ૨.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભૂકંપ ઝોન-૫મા સમાવાયેલા કચ્છમાં વિનાશક ધરતીકંપ આવ્યાના ૨૨ વર્ષે પણ ભૂગર્ભીય સળવળાટ સતત જારી રહ્યો છે. સેકન્ડ સમરની અકળાવનારી ગરમી વચ્ચે શુક્રવારે સવારના ૬ અને ૨૭ મિનિટે વાગડ ફોલ્ટલાઇનમાં ઉદભવેલા ૨.૭ની તીવ્રતા ધરાવતા ભૂકંપના આંચકાએ કચ્છની અશાંત ધરાને વધુ એકવાર ધ્રુજાવતાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

મધ્યમ કક્ષાના કંપન અંગે ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરી પાસેથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ, પૂર્વ કચ્છના તાલુકા મથક રાપરથી ૧૯ કિલોમીટર દૂર કુડા ગામ તરફ પશ્ચિમ-દક્ષિણ દિશાએ કેન્દ્રબિંદુ ધરાવતો આ આંચકો રિક્ટર સ્કેલ પર અંકિત થયો હતો.

આંચકાની અનુભૂતિ કેન્દ્રબિંદુ આસપાસના સીમાવર્તી વિસ્તારમાં વિશેષ અનુભવાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.■

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 231 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ વદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 September 2024, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

### આયુષમાન ભારત આરોગ્ય વીમા યોજના

# વધુ ૧૭૦ પૅકેજનો સમાવેશ કરાશે

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારની ફ્લેગશિપ આયુષમાન ભારત આરોગ્ય વીમા યોજનામાં સારવાર માટેના વધુ ૧૭૦ પૅકેજનો સમાવેશ કરવાની સરકારની યોજના છે, એમ આયુષ પ્રધાન પ્રતાપરાવ જાદવે શુક્રવારે કહ્યું હતું. આ અંગેની ચર્ચાવિચારણા અંતિમ તબક્કામાં હોવાનું તેમણે કહ્યું હતું. આયુષ યોજના અંતર્ગત દરદીઓ માટે જરૂરી દવાઓ સરળતાપૂર્વક ઉપલબ્ધ થઈ શકે તે માટે 'જનઔષધી કેન્દ્ર'ના ધોરણે તહસીલ સ્તરે સ્ટોર ઊભા કરવામાં આવશે. નવી સરકારના ૧૦૦ દિવસ પૂરા થયા તે નિમિત્તે યોજવામાં આવેલી એક પત્રકાર પરિષદને સંબોધન કરતાં તેમણે કહ્યું હતું કે શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં જાહેર (જુઓ પાનું ૨) ▶▶

# ઉત્તર પ્રદેશમાં ૧૧ વર્ષનાં છોકરાની બલિ ચઢાવાઈ

આગ્રાઃ ઉત્તર પ્રદેશના હાથરસમાં શાળાના માલિકે સ્કૂલની સમૃદ્ધિ વધે તે માટે ૧૧ વર્ષના કિશોરની બલિ ચઢાવી હતી, એમ પોલીસે શુક્રવારે કહ્યું હતું.

બલિ ચઢાવાની વિધિના ભાગરૂપ ૧૧ વર્ષના કિશોરની હત્યા કરવામાં આવી હોવાનું પોલીસે કહ્યું હતું.

ઘટનામાં સંડોવણીને મામલે શાળાના માલિક અને ડિરેક્ટર, પ્રિન્સિપાલ તેમ જ અન્ય બે શિક્ષકની ધરપકડ કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

બીજા ધોરણમાં ભણતા વિદ્યાર્થીનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હોવાનું પૉસ્ટમોર્ટમના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. તાંત્રિક વિધિમાં માનતા ડીએલ પબ્લિક સ્કૂલના માલિક જશોધન સિંહે તેમના પુત્ર અને સ્કૂલના ડિરેક્ટર દિનેશ બાઘેલને શાળાની અને તેના પરિવારની સમૃદ્ધિ માટે બાળકની (જુઓ પાનું ૨) ▶▶


# ગુજરાતમાં ભાદરવો ભરપૂરઃ ગિરનાર પર ધોધમાર વરસાદથી જૂનાગઢ પાણી પાણી

અમદાવાદઃ ગુજરાતમાં બે દિવસમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી વચ્ચે ગુરુવારે મેઘરાજાએ ભાવનગર જિલ્લાને તરબોળ કર્યા બાદ આજે શુક્રવારે જૂનાગઢ જિલ્લા અને શહેરને ધમરોળ્યું હતું. ગિરનાર પર સાત ઇંચથી વધુ પાણી વરસતા ભવનાથ તળેટીમાં નદીઓ વહી હતી. ગિરનાર પર્વતના પગથિયાં પરથી પાણીના ધોધ વહેતા થયા હતા. બીજી બાજુ શુક્રવારે દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં એક થી ત્રણ ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો, પરંતુ સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં બપોર બાદ (જુઓ પાનું ૨) ▶▶

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 69,390/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

મહારાજ સાથે ગ્રુપ ટુરો
મધ્ય પ્રદેશ
Heena Tours & Travels
9326474508 / 8928467688

BANDHANI & PATOLA
FLAT 40% OFF
Rest of the Collection Up To
40% OFF
*Traditional Bandhanis made by Artisans of Kutch, Banarasi Upada, Silk Sarees, Rajkot Patola, Ikkat Patola and Patan's Patola at flat 40% off*
RAAS
SAREES | BRIDAL & MUCH MORE
S.V.ROAD,SANTACRUZ WEST
+91 88799 63976

A BRAND OF RAJNISH WELLNESS LIMITED


તમારી સ્ટેમિનામાં વધારો અને પ્લે-વિન કેપ્સ્યુલ્સ સાથે જીવનમાં સક્રિય અને મોહક બનો. માત્ર 21 દિવસના કોર્સમાં, સુખ અને સંતોષ એક આદત બની જાય છે અને છેવટે સફળ અને ખુશ જીવન જીવે છે. શરીરના આવશ્યક ભાગો પર સખ્તાઇ અને સનસનાટીભર્યા નબળા ચેતા રાખવા માટે, કોર્સ સાથે પ્લે વિન ઓઇલનો ઉપયોગ કરો.
સારા પરિણામો માટે પ્લે-વિન તેલનો ઉપયોગ કરો
100% Ayurvedic
No Side effects
100% Vegetatrian
17 Precious Herbs
ફક્ત પુરુષો માટે
પ્લે-વિન કેપ્સ્યુલ
મહિલા માટે ભી ઉપલબ્ધ છે
પ્લે-વિન-F કેપ્સ્યુલ ફક્ત મહિલા માટે
Available on : Flipkart
બધા મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે
21 દિવસ સુધી દરરોજ સવારે 1 અને સાંજે 1 પ્લે-વિન કેપ્સ્યુલ ખાવાનું





BOUTIQO
EXHIBITIONS & MORE
Come and visit Roopam / Rooomilan Lounge at Boutiqo Exhibition
Palace Hall - NSCI, Worli. on 28 th September - Saturdays.
Valet Parking available

ROOPAM
SCAN QR CODE | SCAN QR CODE
Readymades | Wedding Attire | Sarees | Toys | Newborn Items | Woollens | Art & Craft
Imitation Jewellery | Crockery | Perfumes | Ladies Handbags | Ladies & Kids Footwear
Near Crawford Market, Opp. Police Commissioner's Office, Mumbai.
Tel: 22061794 • Cell: 98200 38168 • www.roopam.com • roopamroopmilan

Roop milan®
Experience our full range of Wedding Sarees, Bridal Ghagra Cholis, Suit Pieces, Readymade Churidars, Imitation Jewelleries, Accessory & Purses
MARINE LINES: Tel: 022-22005951 / 8104035525
DADAR WEST: Tel: 022-24370078 / 9820033363
www.roopmilan.com • roopamroopmilan
OPEN ALL DAYS
MENS WEAR ONLY AT MARINE LINES
SCAN QR CODE FOR DADAR | SCAN QR CODE FOR MARINE LINES

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોદીની નિવૃત્તિ અંગે ભાગવત શું કરવા જવાબ આપે?

**લિકર** કેસમાં લગભગ છ મહિનાનો જેલવાસ ભોગવીને બહાર આવેલા દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ રાજકીય રીતે પાછા સક્રિય થઈ ગયા છે. કેજરીવાલ એક તરફ હરિયાણામાં આમ આદમી પાર્ટીનો પ્રચાર કરી રહ્યા છે ત્યારે બીજી તરફ તેમણે ભાજપના પિતૃ સંગઠન મનાતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ આરએસએસના વડા મોહન ભાગવતને પત્ર લખીને પાંચ સવાલ પૂછ્યા છે. કેજરીવાલે ઈડી અને સીબીઆઈ સહિતની કેન્દ્રીય તપાસ એજન્સીઓના દુરુપયોગથી માંડીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની નિવૃત્તિ સુધીના પાંચ મુદ્દા પર ભાગવતને સવાલો પૂછ્યા છે. કેજરીવાલે ૨૨ સપ્ટેમ્બરે દિલ્હીના જંતર-મંતર પર એક જનસભા દરમિયાન ભાગવતને આ પાંચ સવાલો પૂછ્યા હતા. હવે તેમણે ભાગવતને પત્ર લખીને આ સવાલો દોહરાવ્યા છે.

કેજરીવાલે લખ્યું છે કે, આ પત્ર તેમણે એક રાજકીય પક્ષના નેતા તરીકે નહીં પણ એક સામાન્ય નાગરિક તરીકે લખ્યો છે કેમ કે દેશના કરોડો સામાન્ય લોકોના મનમાં આ સવાલ ઉઠી રહ્યા છે. ભાગવતે દેશના સામાન્ય લોકોને ખાતર આ સવાલોના જવાબ આપવા જોઈએ. કેજરીવાલે એમ પણ લખ્યું છે કે, પોતે ભાજપ સરકારની નીતિઓને દેશ માટે નુકસાનકારક માને છે. ભાજપની નુકસાનકારક નીતિઓના કારણે દેશની હાલની સ્થિતિ અંગે ખૂબ જ ચિંતિત છે અને આ સ્થિતિ ચાલુ રહેશે તો દેશની લોકશાહી જોખમમાં આવી શકે છે.

કેજરીવાલે આશા વ્યક્ત કરી કે મોહન ભાગવત આ સવાલોના જવાબ આપશે અને દેશને આ મુદ્દાઓ પર તેમનો અભિપ્રાય જાણવાનો મોકો મળશે. મોહન ભાગવત કેજરીવાલના સવાલોના જવાબ આપશે કે નહી એ સવાલ સૌને થઈ રહ્યો છે. તેની વાત કરીએ એ પહેલાં કેજરીવાલે મોહન ભાગવતને કરેલા પાંચ સવાલની વાત કરી લઈએ.

કેજરીવાલનો પહેલો સવાલ ભાજપના નેતા બીજા પક્ષોના નેતાઓને તોડીને લઈ આવે છે એ અંગે છે. કેજરીવાલનું કહેવું છે કે, મોદી સરકાર દેશભરમાં ઈડી અને સીબીઆઈ સહિતની કેન્દ્રીય એજન્સીઓની ધમકી આપીને કે લાલચ આપીને બીજા પક્ષોના નેતાઓને તોડી લાવે છે અને સરકારો તોડી નાખવામાં આવી રહી છે. કેજરીવાલે સવાલ કર્યો છે કે, આ રીતે ચૂંટાયેલી સરકારોને પછાડવી યોગ્ય છે અને સંઘ આ નીતિને સ્વીકારે છે?

કેજરીવાલનો બીજો સવાલ ભ્રષ્ટ નેતા ભાજપમાં જોડાઈ રહ્યા છે તે અંગે છે. કેજરીવાલને કહેવા પ્રમાણે જે કેટલાક નેતાઓને ખુદ વડા પ્રધાન મોદી અને અમિત શાહે ભ્રષ્ટ કહ્યા હતા એ જ નેતાઓને થોડા દિવસ પછી ભાજપમાં લઈ અવાય છે અને પછી એ બધા સ્વચ્છ થઈ જાય છે. સંઘે આવી ભાજપની કલ્પના કરી હતી? આ બધું જોઈને તમને દુઃખ નથી થતું? કેજરીવાલે સવાલ કર્યો છે કે, ભાજપ ખોટા રસ્તે જાય તો તેને સાચા રસ્તે લાવવાની જવાબદારી સંઘની છે તો તમે ક્યારેય પીએમ મોદીને ખોટા કામો કરતા રોકવાનો પ્રયાસ કર્યો છે ખરો?

કેજરીવાલે આરએસએસ અને ભાજપના સંબંધો અંગે પણ સવાલ કર્યો છે. ભાજપના પ્રમુખ જે.પી. નડ્ડાએ લોકસભા ચૂંટણી દરમિયાન કહ્યું હતું કે, હવે ભાજપને આરએસએસની જરૂર નથી. આ નિવેદનથી આરએસએસના કાર્યકરોને દુઃખ થયું છે ત્યારે તમે આ વિશે શું વિચારો છો?

કેજરીવાલે સૌથી વિવાદાસ્પદ સવાલ મોદીની નિવૃત્તિ અંગે કર્યો છે. કેજરીવાલના કહેવા પ્રમાણે, ભાજપમાં ૭૫ વર્ષની વય પછી નેતાઓને નિવૃત્ત કરવાનો નિયમ બનાવવામાં આવ્યો હતો. આ નિયમ હેઠળ અડવાણી અને મુરલી મનોહર જોશી જેવા દિગ્ગજ નેતાઓને નિવૃત્ત કરવામાં આવ્યા હતા. કેજરીવાલે સવાલ કર્યો છે કે, આ નિયમનું ભાજપમાં હજુ પાલન થઈ રહ્યું છે અને મોદીને પણ આ નિયમ લાગુ પડવો જોઈએ કે નહીં ?

કેજરીવાલના સવાલો રસપ્રદ છે પણ ત્રણ સવાલ એવા છે કે જે ભાગવતને લાગુ પડતા નથી. આ પૈકી સૌથી એક સવાલ મોદીની નિવૃત્તિને લગતો છે. ભાજપમાં ૭૫ વર્ષની વય પછી નેતાઓને નિવૃત્ત કરવાનો નિયમ બનાવવામાં આવ્યો કે નહીં એ વિશે ભાગવત કઈ રીતે જવાબ આપી શકે ? આ ભાજપની આંતરિક બાબત છે ને તેનો જવાબ ભાજપ પાસે માગવો જોઈએ. સંઘ ભાજપનું પિતૃ સંગઠન મનાય છે ખરું પણ ભાજપ કંઈ દરેક વાત સંઘને પૂછીને કરે એ જરૂરી નથી. ભાજપમાં ૭૫ વર્ષની વય પછી નેતાઓને નિવૃત્ત કરવાનો નિયમ બનાવવામાં આવ્યો એ અંગે ભૂતકાળમાં બહુ ચર્ચા થઈ છે પણ ભાજપના નેતા કહે છે કે, એવો કઈ નિયમ નથી.

અડવાણી કે જોશી સહિતના નેતાઓને આ નિયમ હેઠળ નિવૃત્ત કરી દેવાયા એવું બધાં કહે છે પણ ખરેખર એવો નિયમ છે ખરો એ જ મોટો સવાલ છે. અત્યાર સુધી મોંઢામોંઢ આવી વાતો સંભળાયા કરે છે પણ ખરેખર કાગળ પર કોઈ નિયમ છે એવું હજુ સુધી બહાર આવ્યું નથી. આ સંજોગોમાં મોદીને ભાજપમાં ૭૫ વર્ષની વય પછી નેતાઓને નિવૃત્ત કરવાનો નિયમ લાગુ પડશે કે નહીં એ મુદ્દો જ અપ્રસ્તુત છે. કેજરીવાલ ચાલાક રાજકારણી છે તેથી આ મુદ્દ ઉઠાવી રહ્યા છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી ના મળી પછી મોદીના પ્રભાવ ઘટ્યો એ વાસ્તવિકતા છે ને તેનો લાભ લઈને કેજરીવાલ પણ મોદી પર હાથ સાફ કરી રહ્યા છે.

કેજરીવાલે ભાજપને આરએસએસની જરૂર નથી એવા નડ્ડાના નિવેદનથી સ્વયંસેવકો દુઃખી થયા છે એ મુદ્દો પણ ઉઠાવ્યો છે. નડ્ડાએ બતાવેલા અહંકાર સામે સંઘે જાહેરમાં કોઈ પ્રતિક્રિયા નથી આપી પણ સંઘના સ્વયંસેવકો દુઃખી છે એ વાસ્તવિકતા છે. આ લાગણી તેમણે ભાગવત સુધી પહોંચાડી જ છે અને ભાગવતે તેમને કંઈક કહ્યું જ હશે પણ તેની ચર્ચા ભાગવત જાહેરમાં કરે એ જરૂરી નથી. આ સંજોગોમાં કેજરીવાલના સવાલનો જવાબ આપવો જરૂરી નથી. ભાગવતે મોદીને ખોટા કામો કરતા રોકવાનો પ્રયાસ કર્યો છે ખરો એ સવાલ પણ સંઘ અને મોદીના આતરિક સંબંધો અંગેનો છે. તેનો જાહેરમાં જવાબ આપવો જરુરી નથી.

કેજરીવાલે ઉઠાવેલા બાકીના બે સવાલો જાહેર જીવનમાં શુદ્ધતાને લગતા છે તેથી ભાગવતે તેના જવાબ આપવા જોઈએ. ભ્રષ્ટ નેતા ભાજપમાં જોડાઈ રહ્યા છે અન ભાજપના વોશિંગ મશીનમાં ધોવાઈને ક્લીન થઈ જાય છે એ મુદ્દો મહત્ત્વનો છે. મોદી સરકાર દેશભરમાં ઈડી અને સીબીઆઈ સહિતની કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ કરે છે એ વાસ્તવિકતા છે. ભાગવતે આ સવાલના જવાબ આપવા જોઈએ પણ સંઘની નીતિ મહત્ત્વના મુદ્દે મૌન રહેવાની છે એ જોતાં આ મુદ્દે એ જવાબ આપે એવી આશા રાખવા જેવી નથી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), શનિવાર, તા. ૨૮-૯-૨૦૨૪, ઈન્દિરા એકાદશી, ગજગૌરી વ્રત

- ભારતીય દિનાંક ૬, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ વદ-૧૧
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ વદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૫મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર આશ્લેષા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૭ સુધી (તા. ૨૯મી), પછી મઘા.
- ચંદ્ર કર્કમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૭ સુધી (તા. ૨૯મી) પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૯ અમદાવાદ ક. ૦૬ મિ. ૩૦, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૦, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક. ૦૯-૪૦, રાત્રે ક. ૨૧-૫૬
- ઓટઃ સાંજે ક. ૧૬-૦૨ મધ્યરાત્રિ પછી ક. ૦૩-૪૨ (તા. ૨૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - એકાદશી. ઈન્દિરા એકાદશી, ગજગૌરી વ્રત (કલાકંદ), સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન મોર.

મુહૂર્ત વિશેષઃ એકાદશી વ્રત ઉપવાસ, આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, સર્પપૂજા, બુધ-શનિ ગ્રહદેવતાનું પૂજન, હનુમાનચાલીસા, સુંદરકાંડ પાઠ વાંચન, ચંપો વાવવો, પીપળાનું પૂજન, માલ વેંચવો, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રીસુક્ત પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, શ્રી વિષ્ણુ સહસ્ર સ્તોત્ર પાઠ વાંચન.

- શ્રાદ્ધ પર્વઃ આજ રોજ તિથિ અનુસાર શ્રાદ્ધ વિધિનો ઉલ્લેખ નથી પરંતુ નિત્ય કાગવાસ નાખી શકાય તથા શ્રાદ્ધ ન હોવા છતાં તીર્થશ્રાદ્ધ, બ્રાહ્મણ, સાધુ, સંત ઈત્યાદિને ભોજન કરાવી દાન આપી શકાય છે. શ્રાદ્ધ આપણી સાંસ્કૃતિ વારસો છે. તેથી કૃતજ્ઞ ભાવે પૂજન કરી પિતૃઓના નિમિત્તરૂપે સત્કાર્યો, સમાજસેવા, ગૌસેવા, પશુ-પક્ષી, જીવસેવા, રાષ્ટ્રસેવા, દીન દુઃખીઓને યથાશક્તિ મદદ કરીને જીવનને કૃતકૃત્ય બનાવવાનું છે.
- આચમનઃ ગુરુ-શુક્ર અર્ધચતુષ્કોણ અવિચારી.
- ખગોળ જ્યોતિષઃ ગુરુ-શુક્ર અર્ધચતુષ્કોણ, બુધ હસ્ત પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, માર્ગી બુધ-કન્યા, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# અમિત શાહે કાઢી રાહુલ ગાંધીની ઝાટકણીઃ પૂછ્યું એમએસપીનું આખું નામ ખબર છે?

રેવાડીઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીની આકરી ટીકા કરતાં પૂછ્યું હતું કે શું તેઓ એમએસપીનું સંપૂર્ણ સ્વરૂપ જાણે છે? સાથે જ તેમણે એ બાબતનો ઉલ્લેખ કર્યો હતો કે હરિયાણામાં ભાજપની સરકાર લઘુતમ ટેકાના ભાવે ૨૪ પાકની ખરીદી કરી રહી છે.

અહીં એક ચૂંટણી રેલીને સંબોધતા શાહે ભ્રષ્ટાચાર અને અનામતના મુદ્દે પણ કૉંગ્રેસ પર પ્રહારો કર્યા હતા.

ખેડૂતોના મુદ્દે કૉંગ્રેસની ટીકા કરતાં તેમણે કહ્યું હતું કે કેટલીક એનજીઓએ રાહુલ 'બાબા'ને કહ્યું છે કે એમએસપી (લઘુતમ ટેકાના ભાવ)નો મુદ્દો ઉઠાવવાથી તેમને મત મળશે.

રાહુલ બાબા, શું તમે એમએસપીનું આખું નામ (ફૂલ ફોર્મ) જાણો છો? કયો પાક ખરીફનો છે, કયો રવીનો છે, શું તમે જાણો છો? એવા અણિયાળા સવાલ તેમણે કર્યા હતા. શાહે કહ્યું હતું કે હરિયાણામાં ભાજપ સરકાર એમએસપી પર ૨૪ પાકની ખરીદી કરી રહી છે. હરિયાણામાં કૉંગ્રેસના નેતાઓને જણાવવા દો કે કૉંગ્રેસ શાસિત કયા રાજ્ય કેટલા પાકની ખરીદી ટેકાના ભાવે કરે છે, એવો પડકાર તેમણે ફેંક્યો હતો.

કર્ણાટક અને તેલંગાણામાં એમએસપી પર કેટલા પાકની ખરીદી કરી છે? એમ તેમણે પૂછ્યું હતું.

કૉંગ્રેસના શાસન દરમિયાન ડાંગરની ખરીદી ૧૩૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના ભાવે થતી હતી, હવે તે ૨૩૦૦ રૂપિયામાં થઈ રહી છે અને જો તમે હરિયાણામાં ભાજપની સરકાર લાવશો તો અમે ૩,૧૦૦ રૂપિયા (પ્રતિ ક્વિન્ટલ)ના ભાવે ડાંગરની ખરીદી કરીશું, એવું વચન તેમણે આપ્યું હતું.

કૉંગ્રેસ પર વધુ આકરા પ્રહાર કરતાં શાહે કહ્યું હતું કે ઈન્દિરા ગાંધીથી લઈને સોનિયા ગાંધી સુધીના કાર્યકાળમાં ન સંતોષાયેલી નિવૃત્ત જવાનોની વન રેન્ક વન પેન્શનની લાંબા સમયથી પડતર માગણી નરેન્દ્ર મોદીની સરકારે પૂરી કરી છે. કૉંગ્રેસે તો કાયમ લશ્કરનું અપમાન કર્યું છે. આ જ કૉંગ્રેસ હતી જેમણે આર્મી ચીફ (લશ્કરી વડા)ને 'ગૂંડા' કહ્યા હતા. કૉંગ્રેસે ક્યારેય લશ્કરનું સન્માન કર્યું નથી.

અગ્નિવીરના મુદ્દે કૉંગ્રેસ પર લોકોને ગેરમાર્ગે દોરવાનો આક્ષેપ કરતાં તેમણે કહ્યું હતું કે હરિયાણાવાલો, હું અત્યારે વચન આપું છું કે એકેય અગ્નિવીર પેન્શનપાત્ર નોકરી વગરનો રહેશે નહીં. આ ભાજપનું વચન છે.

શાહે કહ્યું કે ભાજપે હરિયાણામાં સમાન વિકાસ કર્યો છે અને છેલ્લાં ૧૦ વર્ષમાં ભ્રષ્ટાચાર ખતમ થઈ ગયો છે.

કૉંગ્રેસની સરકારો કટ, કમિશન અને ભ્રષ્ટાચારને આધારે ચાલતી હતી જ્યારે ડીલરો, દલાલ અને 'દામાદો' રાજ કરતા હતા. ભાજપની સરકારમાં કોઈ ડીલર્સ નથી, 'દલાલ' કે 'દામાદ'નો કોઈ પ્રશ્ન જ નથી એમ ભાજપના વરિષ્ઠ નેતાએ કહ્યું હતું. હરિયાણામાં પાંચમી ઓક્ટોબરે મતદાન થશે અને આઠમી ઓક્ટોબરે પરિણામ જાહેર થશે. (પીટીઆઈ)

# કેરળના થ્રિસુરમાં ત્રણ એટીએમમાંથી ₹ ૭૦ લાખની લૂંટ

થ્રિસુરઃ કેરળના થ્રિસુર જિલ્લામાં એક અજાણી ટોળકીએ શુક્રવારે વહેલી સવારે ત્રણ એટીએમને નિશાન બનાવ્યા હતા અને લગભગ ૭૦ લાખ રૂપિયાની લૂંટ ચલાવી હતી. આ જાણકારી પોલીસે આપી હતી.

આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે એટીએમના સેન્ટ્રલ કંટ્રોલ રૂમે પોલીસને જાણ કરી હતી. પોલીસે જણાવ્યું કે ટોળકીએ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના માપ્રનમ, થ્રિસુર ઇસ્ટ અને કોલાઝી ખાતેના એટીએમને નિશાન બનાવ્યા હતા. શહેર પોલીસ કમિશ્નર આર અલાંગોએ મીડિયાને જણાવ્યું કે આ ઘટના સવારે ૨ થી ૪ વાગ્યાની વચ્ચે બની હતી. એક ગ્રામીણ પોલીસની હદમાં છે, જ્યારે અન્ય બે શહેર પોલીસની હદમાં છે. તેઓએ સીસીટીવી કેમેરાનો નાશ કર્યો હતો અને એટીએમ મશીનને કાપવા માટે ગેસ કટરનો ઉપયોગ કર્યો હતો. પોલીસને આ ગેંગના સંબંધમાં કેટલાક પુરાવા મળ્યા છે અને પડોશી રાજ્ય તમિલનાડુમાં પણ તપાસ આદરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર ગેંગ પહેલા માપ્રનમના એટીએમમાં પહોંચી અને ત્યાંથી લગભગ ૩૫ લાખ રૂપિયાની લૂંટ કરી હતી. ત્યારબાદ તે શહેરમાં પહોંચી અને શોરાનૂર રોડ પર એસબીઆઇના એટીએમને નિશાન બનાવીને લગભગ ૯.૫ લાખ રૂપિયાની લૂંટ કરી હતી. પોલીસે જણાવ્યું કે છેલ્લી વખત તેઓએ એસબીઆઇની કોલાઝી શાખાના એટીએમને નિશાન બનાવ્યું હતું, જ્યાંથી તેઓએ લગભગ રૂા. ૨૫ લાખ લૂંટ્યા હતા. પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે.

## થ્રિસુરમાં એટીએમ ચોર ગેંગ પર પોલીસ ગોળીબારમાં એકનું મોત, છ પકડાયા

નમક્કલઃ કેરળના થ્રિસુર જિલ્લાના કુમારપાલયમ ખાતે કાર અને ટુ વ્હીલરને ઠોકર મારીને ટ્રકમાં ભાગી જવાનો પ્રયાસ કરનાર એટીએમ ચોરીમાં સામેલ શંકાસ્પદ ગેંગના એક સભ્યને શુક્રવારે તમિલનાડુ પોલીસે ઠાર માર્યો હતો અને અન્ય છની ધરપકડ કરી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે પોલીસ ગોળીબારમાં ઘાયલ થયેલા અન્ય એકને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. એક ઇન્સ્પેક્ટર સહિત બે પોલીસ આ ઘટનામાં ઘાયલ થયા હતા, જ્યારે ગેંગે તેમના પર હુમલો કર્યો હતો, તેમને પણ સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સાલેમ રેન્જના ડીઆઈજી ઇએસ ઉમાએ પત્રકારોને જણાવ્યું હતું કે, ''તેઓએ પોલીસને ગોળીબાર કરવાની ફરજ પાડી હતી. અમારા બે માણસ હુમલામાં ઘાયલ થયા છે. આ વિશે વિગતવાર પૂછપરછ ચાલી રહી છે અને વધુ વિગતો પછીથી બહાર આવશે.

અગાઉ, પોલીસે કન્ટેનર ટ્રકનો પીછો કરતાં શરૂઆતમાં ડ્રાઇવરને વાહન રોકવા માટે ચેતવણી આપી હતી. પરંતુ જ્યારે તેણે ધ્યાન આપવાનો ઇનકાર કર્યો, ત્યારે વધારાનાં દળો દોડી આવ્યાં હતાં અને આખરે ટ્રકને અટકાવવામાં આવી હતી.

''પોલીસને એક વ્યક્તિ પર ગોળીબાર કરવો પડ્યો હતો. ટ્રકમાંથી ભાગી જવાનો પ્રયાસ કરનાર અન્યને પકડી લીધો હતો. અન્ય છ લોકોની પણ અટકાયત કરવામાં આવી હતી,'' એમ અધિકારીએ જણાવ્યું હતું.

ટ્રકની અંદર છુપાવેલી કાર પણ જપ્ત કરવામાં આવી હતી. થ્રિસુર જિલ્લામાં ત્રણ અલગ-અલગ એટીએમમાં મોટી ચોરીમાં સંડોવાયેલી આ જ ગેંગ હતી કે કેમ તે અંગે પૂછપરછ ચાલી રહી છે.

# ઈન્ડોનેશિયામાં ગેરકાયદે સોનાની ખાણમાં ભૂસ્ખલન થતા ૧૫નાં મોત

પડાંગ : ઇન્ડોનેશિયાના સુમાત્રા ટાપુ પર અનધિકૃત સોનાની ખાણકામની કામગીરીમાં મુશળધાર વરસાદને કારણે સર્જાયેલ ભૂસ્ખલનને કારણે ઓછામાં ઓછા પંદર લોકો માર્યા ગયાં હતાં અને અન્ય ડઝન લોકો ગુમ થયા હોવાના અહેવાલ છે.

સ્થાનિક ડિઝાસ્ટર મિટિગેશન એજન્સી ઓફિસના વડા ઇરવાન એફેન્ડીએ શુક્રવારે જણાવ્યું હતું કે, ગ્રામીણ પશ્ચિમ સુમાત્રા પ્રાંતના દૂરના સોલોક જિલ્લામાં કેટલાંક લોકો ગુરુવારે સોનું શોધવા માટે ખોદકામ કરી રહ્યા હતા ત્યારે આસપાસની ટેકરીઓ પરથી નીચે કાદવ ધસી પડ્યો હતો અને તેઓ એમાં દટાઇ ગયા હતા.

તેમણે જણાવ્યું હતું કે ઓછામાં ઓછા ૨૫ લોકો હજુ પણ દટાયા છે અને ત્રણ જણને બચાવકર્તા દ્વારા ઇજાઓ સાથે જીવતા બહાર કાઢવામાં આવ્યા હતા.

સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારમાં, નાગરી સુંગાઈ આબુ ગામની નજીક, શોધના પ્રયાસ કાદવ, અંધારપટ અને દૂરસંચારના અભાવને કારણે અવરોધાયો હતો. એજન્સીના પ્રવક્તા ઇલહામ વહાબે જણાવ્યું હતું કે, ''નજીકની વસાહતથી ચાર કલાક ચાલીને જવાથી જ આ ખાણ વિસ્તારમાં પહોંચી શકાય છે.''

ઇન્ડોનેશિયામાં અનૌપચારિક ખાણકામની કામગીરી સામાન્ય છે, જે હજારો લોકોને નાજુક આજીવિકા પૂરી પાડે છે જેઓ ગંભીર ઇજા અથવા મૃત્યુના ઉચ્ચ જોખમવાળી પરિસ્થિતિઓમાં કામ કરે છે. દેશની છેલ્લી મોટી ખાણ-સંબંધિત હોનારત જુલાઈમાં થઈ હતી જ્યારે સુલાવેસી ટાપુ પર ગોરોન્ટાલો પ્રાંતમાં ગેરકાયદેસર પરંપરાગત સોનાની ખાણમાં ભૂસ્ખલનને લીધે ઓછામાં ઓછા ૨૩ જણ માર્યા ગયાં હતાં.

## પહેલા પાનાનું ચાલુ

### વધુ ૧૭૦ પૅકેજનો

આરોગ્ય સેવામાં સુધારો કરી શકાય તે માટે આ સ્ટોરમાં વિવિધ હર્બલ તેમ જ પરંપરાગત દવાઓ સરળતાપૂર્વક ઉપલબ્ધ કરાવવામાં આવશે.

વિવિધ પૅકેજના દરનાં માળખા અંગે વીમા કંપનીઓ સાથે વાતચીત ચાલી રહી છે અને જલદી જ લાભાર્થીઓ માટે આ પૅકેજ ઉપલબ્ધ કરાવવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. નેશનલ હૅલ્થ ઑથોરિટી (એનએચએ) સાથે પણ આ અંગે સલાહમસલત કરવામાં આવી રહી છે.

ડાયાબિટીસ, હાયપર ટેન્શન જેવા અસાધ્ય રોગો સહિતની જુદી જુદી કુલ ૧૭૦ બીમારીઓની આયુર્વેદ, યોગા ઍન્ડ નેચરોપથી, યુનાની, સિદ્ધા અને હોમિયોપથી સારવારને પણ આ પૅકેજમાં આવરી લેવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

આયુષમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (એબી-પીએમજેએવાય) સૌથી મોટી આરોગ્ય વીમા યોજના છે. આ યોજના અંતર્ગત દેશના ૧૨ કરોડ પરિવારને પ્રતિવર્ષ પાંચ લાખ રૂપિયાનું આરોગ્ય વીમાકવચ પૂરું પાડવામાં આવે છે. આ યોજના અંતર્ગત લોકોને પરવડી શકે તેવા દરે સારવાર મળે તેની ખાતરી આપવા પૅકેજના દર નક્કી કરવા સ્ટ્રેટેજિક પરચેઝિંગ કમિટીની રચના કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

એબી-પીએમજેએવાય અંતર્ગત પ્રસ્તાવિત મૉડેલ યોજનાના અમલ અંગે ચર્ચા કરવા મિનિસ્ટ્રી ઑફ આયુષ અને નેશનલ હેલ્થ ઑથોરિટી (એનએચએ) વચ્ચે બેઠક પણ યોજવામાં આવી હતી, એમ તેમણે કહ્યું હતું.

આ યોજનાને અમલમાં મૂકનારાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે પણ આ મામલે વ્યાપક ચર્ચાવિચારણા કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે મિનિસ્ટ્રી ઑફ આયુષે અગાઉ દેશના વરિષ્ઠ નાગરિકો માટે ૧૦૦ દિવસમાં ૧૦,૦૦૦ કૅમ્પ યોજવાનું વચન આપ્યું હતું. (એજન્સી)

### ઉત્તર પ્રદેશમાં

બલિ ચઢાવવા જણાવ્યું હતું. ઘટનાને મામલે સ્કૂલના પ્રિન્સિપાલ લક્ષ્મણ સિંહ તેમ જ અન્ય બે શિક્ષક રામપ્રકાશ સોલંકી અને વીરપાલ સિંહની પણ ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે કહ્યું હતું. ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૦૩ (૧) અંતર્ગત પોલીસે આ તમામ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો અને તેમને જેલભેગા કર્યા હતા.

ઘટનાનો ભોગ બનેલા વિદ્યાર્થીને કૃતાર્થ તરીકે ઓળખ થઈ હોવાનું એડિશનલ સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ (એએસપી) અશોકકુમાર સિંહે કહ્યું હતું. સ્કૂલના માલિક જશોધન સિંહ, શિક્ષક દિનેશ બાઘેલ અને રામપ્રકાશ સોલંકીએ ૨૩ સપ્ટેમ્બરે શાળાની હોસ્ટેલમાંથી કૃતાર્થનું અપહરણ કર્યું હતું.

બલિ ચઢાવવા આ લોકો કૃતાર્થને એકાંત સ્થળે લઈ ગયા હતા, પરંતુ તે જાગી ગયો હતો અને રડવા માંડતાં ગળું દબાવીને તેની હત્યા કરી દેવામાં આવી હતી.

ઘટના સમયે શાળાના પ્રિન્સિપાલ લક્ષ્મણ સિંહ અને અન્ય શિક્ષક વીરપાલ સિંહ પણ ઘટનાસ્થળે હાજર હતા અને તેઓ એ સ્થળની ચોકી કરી રહ્યા હતા.

આરોપીઓએ કૃતાર્થના માતાપિતાને કહ્યું હતું કે તેની તબિયત સારી ન હોવાને કારણે બાઘેલની કારમાં તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવી રહ્યો છે. જોકે પરિવારજનોએ કાર રોકી હતી અને પોલીસને કૃતાર્થના મૃત્યુ અંગે જાણ કરી હતી.

બાદમાં પોસ્ટમોર્ટમના અહેવાલમાં જાણવા મળ્યું હતું કે કૃતાર્થની ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી.

પોલીસ દ્વારા કરવામાં આવેલી પૂછપરછ દરમિયાન આરોપીઓએ જણાવ્યું હતું કે સ્કૂલની સમૃદ્ધિ માટે બલિ ચઢાવવા કૃતાર્થની હત્યા કરવામાં આવી હતી. (એજન્સી)

### ગુજરાતમાં ભાદરવો

મોડી રાત સુધી ધોધમાર વરસાદ ચાલુ રહ્યો હતો. અમદાવાદમાં પણ દિવસ દરમિયાન ઝાપટાં યથાવત્ રહ્યાં હતા.

દરમિયાન દાંતા તાલુકામાં ભારે વરસાદના કારણે નદીઓ બે કાંઠે વહેતી થઈ હતી. ઉપર વાસમાં પડેલા ભારે વરસાદના કારણે બોરડીયાના શાળાના બાળકો અટવાયા હતા. નદીમાં પાણીનો વધુ પ્રવાહના કારણે ૫૦થી વધુ બાળકો અટવાયા હતા. જેથી વાલીઓમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. બાળકોના વાલીઓ અને ગ્રામજનોએ કમર સમા પાણીમાં બાળકોને નદી પાર કરાવી હતી. વાલીઓએ અને ગ્રામજનોએ નાનાં બાળકોને ઉપાડીને નદી પાર કરાવી હતી.

અમદાવાદમાં સરખેજ, જુહાપુરા, વેજલપુર, પ્રહલાદનગર, એસજી હાઇવે, વાસણા, પાલડી, મકરબા સહિતના વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. આશ્રમરોડ, જોધપુર, શ્યામલ, આનંદનગર, શિવરંજીની, મકતમપુરા, જમાલપુર, લાલદરવાજા, આસ્ટોડિયા, ગીતામંદિર, મણીનગર, કાંકરિયા સહિતના વિસ્તારોમાં અડધો ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. જ્યારે નરોડા, મેમકો, સૈજપુર, વટવા, નિકોલ, રામોલ, ચાંદખેડા, ગોતા, ચાંદલોડિયા, સાબરમતી, શાહપુર, દિલ્હી દરવાજા, શાહીબાગ, રાણીપ, ન્યુ રાણીપ, જગતપુર, કોતરપુર, સરદારનગર, એરપોર્ટ સહિતના વિસ્તારોમાં અડધો ઇંચથી ઓછો વરસાદ પડ્યો હતો.

મહીસાગર જિલ્લામાં આજે સતત પાંચમા દિવસે વરસાદી માહોલ યથાવત જોવા મળ્યો હતો. બપોર બાદ જિલ્લાના વાતાવરણમાં એકાએક પલટો સર્જાયા બાદ જિલ્લાના ખાનપુર કડાણા લુણાવાડા સહિતના પંથકોમાં ધીમીધારે વરસાદ પડ્યો હતો. ગુજરાત રાજસ્થાન સરહદી વિસ્તારના ગામડાઓમાં સતત વરસાદ વરસ્યો હતો. મહીસાગર જિલ્લામાં આવેલા કડાણા તાલુકામાં ગુજરાત રાજસ્થાન સરહદ વિસ્તારના ગોધર, સરસવા ઉત્તર, ડીટવાસ, મોટીરાઠ સહિતના ગામોમાં સતત વરસાદ વરસ્યો હતો.

બનાસકાંઠામાં આવેલા યાત્રાધામ અંબાજીમાં ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પાણી થયા હતા. અંબાજીના રસ્તાઓ પર ઘૂંટણસમા પાણી ભરાતા વાહનચાલકો પરેશાન જોવા મળ્યા હતા.

નર્મદા જિલ્લામાં ગઈકાલથી શરૂ થયેલી મેઘસવારી આજે પણ યથાવત્ રહી હતી. સાગબારામાં આજે સવારે ૬ થી ૧૨ વાગ્યા દરમિયાન પોણા ચાર ઈંચ વરસાદ ખાબક્યો હતો.

નડિયાદ શહેરમાં આજે ભારે વરસાદ પડતાં નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. સ્ટેશન રોડ, જૂના માખણપૂરા, વીકેવી રોડ, સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા. શહેરના ચારેય ગરનાળામાં વરસાદી પાણી ભરાયાં હતા.

સુરત અને આસપાસના વિસ્તારમાં વરસેલા વરસાદના કારણે મીંઢોળા નદીમાં ચાલુ સીઝનમાં પાંચમી વાર પૂર આવ્યું છે. મીંઢોળા નદીમાં આવેલા પૂરના પાણી બારડોલી નગરના તલાવડી વિસ્તારમાં ફરી વળ્યા હતા. નીચાણવાળા વિસ્તારોમાં આવેલા ઘરોની અંદર પાણી ઘૂસી જતા લોકો પરેશાન થયા હતા.

અમરેલી જિલ્લામાં વરસી રહેલા ધોધમાર વરસાદના કરાણે વડીયાના સૂરવો ડેમમાં પાણીની ભરપૂર આવક થતા ડેમના ૩ દરવાજા એક-એક ફૂટ ખોલવામાં આવ્યા હતા. નીચાણવાળા વિસ્તારના ગામડાનાં લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા સાવચેત કરાયા હતા.

નવસારીમાંથી પસાર થતી પૂર્ણા નદીના કેચમેન્ટ વિસ્તારમાં વરસેલા ધોધમાર વરસાદના કારણે નદીની જળસપાટીમાં ધરખમ વધારો થયો છે. બે કલાકમાં જ નદીની સપાટી ૧૦ ફૂટથી વધીને ૧૬ ફૂટને પાર કરી ગઈ હતી. પૂર્ણા નદીની ભયજનક સપાટી ૨૩ ફૂટ છે. નદીની જળસપાટીમાં વધારો થતા નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને સાવચેત કરવામાં આવ્યા હતા.


શુક્રવારે બપોર બાદ જૂનાગઢ પર મેઘરાજાએ બઘડાટી બોલાવી હતી. ગિરનાર પર્વત પરનું પાણી ભવનાથ અને દામોદર કુંડમાં આવતા પાણીનાં ડરામણાં દૃશ્યો સર્જાયા હતા. ભવનાથના રસ્તા ઉપર ૧૫થી વધારે બાઇક તણાયા હતા.

જૂનાગઢ, તાલાલા, માળિયા અને કોડીનાર સહિત સોરઠના મોટાભાગના તાલુકાઓમાં ધીમીધારે ૧થી લઈને ૩ ઇંચ સુધીનો વરસાદ નોંધાયો હતો. ગીર ગઢડા, તાલાલા, વેરાવળ પાટણ, કોડીનાર અને સુત્રાપાડા અને સૌથી વધારે ઉનામાં ૯૩ એમએમ વરસાદ નોંધાયો હતો.

દરમિયાન શુક્રવારે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાકમાં ૨૧૨ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ તાપીના વ્યારામાં આઠ ઈંચ વરસાદ, સોનગઢ,ઘોઘા અને વિસાવદરમાં છ ઈંચ વરસાદ, પાલિતાણા, વાપી, વલ્લભીપુરમાં ચાર ઈંચ વરસાદ,પારડી, વલસાડ અને ભાવનગરમાં ચાર ઈંચ વરસાદ નોંધાયો હતો. ગુજરાતમાં વરસાદની બે સિસ્ટમ સક્રિય થતા વરસાદ પડી રહ્યો છે અને હજી પણ આગામી બે દિવસ આ વરસાદ પડશે.ગુજરાતમાં ૧૧ તાલુકામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.૨૦ તાલુકામાં બે ઈંચથી વધુ વરસાદ તો ૪૩ તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.૧૨૯ તાલુકામાં સામાન્યથી એક ઈંચ સુધી વરસાદ નોંધાયો હતો.

# નેમ પ્લેટ તોડનાર મહિલા ગૃહ પ્રધાન ફડણવીસની ઓફિસ સુધી પહોંચી કઇ રીતે?

માનસિક રીતે અસ્થિર મહિલા દાદરમાં રહે છે અને તે સલમાન સાથે પરણવા માગે છે



મુંબઈ: દક્ષિણ મુંબઈમાં મંત્રાલયમાં રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની ઓફિસ બહારની નેમ પ્લેટની મહિલા દ્વારા તોડફોડ કરવામાં આવી હતી. ગુરુવારે બનેલી આ ઘટનાને કારણે મંત્રાલયમાં સુરક્ષાને મુદ્દે ગંભીર પ્રશ્નો નિર્માણ થયા હોઇ મરીન ડ્રાઇવ પોલીસે આ પ્રકરણે તપાસ હાથ ધરી હતી. મધ્ય મુંબઈમાં રહેતી મહિલા માનસિક રીતે અસ્થિર છે અને પોલીસ ટીમ રવિવારે કાઉન્સેલિંગ માટે મહિલાના નિવાસે ગઇ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુરુવારે સાંજે ૬.૩૦ વાગ્યે આ ઘટના બની હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ગુરુવારે મહિલા એન્ટ્રી પાસ વિના મંત્રાલયમાં પ્રવેશી હતી અને બાદમાં તે છઠ્ઠે માળે દેવેન્દ્ર ફડણવીસની ઓફિસ ખાતે પહોંચી ગઇ હતી. તેણે ઓફિસની બહાર લાગેલી નેમ પ્લેટ કાઢી હતી અને તેને જમીન પર જોરથી પટકી હતી. તેણે ફડણવીસની કેબિન બહાર ફૂલોનાં કુંડાંની પણ તોડફોડ કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્યાર બાદ તે ત્યાંથી જતી રહી હતી. આ અંગેની તપાસ મુજબ મહિલાએ સુરક્ષાકર્મીઓને કહ્યું હતું કે તે સચિવાલય સંકુલમાં પોતાની બેગ ભૂલી ગઇ છે અને તે બેગ પાછી લેવા માગે છે. દરમિયાન મંત્રાલયમાં પ્રવેશ મેળવ્યા બાદ તે ફડણવીસની ઓફિસ સુધી પહોંચી ગઇ હતી. ઘટના સમયે દેવેન્દ્ર ફડણવીસ ઓફિસમાં હાજર હાજર નહોતા.

પોલીસ એ બાબતની તપાસ કરી રહી છે કે સેક્રેટરી ગેટમાંથી મુલાકાતીઓના પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં એ મહિલાને કેવી રીતે અંદર પ્રવેશ આપવામાં આવ્યો. ભાજપનાં મહિલા પદાધિકારી અક્ષદા તેંડુલકરે ઉપરોક્ત મહિલા વિશે માહિતી આપી છે. એ મહિલાનું નામ ધનશ્રી સહસ્ત્રબુદ્ધે છે અને તે દાદરની સોસાયટીમાં રહે છે. મને સલમાન ખાનનો ફોન નંબર આપો, મારે તેની સાથે લગ્ન કરવા છે, એવું તે તે કહેતી હોય છે. તે બેગમાં હંમેશાં ચાકુ રાખતી હોય છે. મહિલા એકલી રહે છે. મહિલાએ તેની સોસાયટી સહિત અન્ય સ્થળે પણ અગાઉ તોડફોડ કરી હતી.

આ ઘટના વિશે ફડણવીસે કહ્યું હતું કે,જો અમારી બહેન ગુસ્સે છે તો અમે સમજવાનો પ્રયાસ કરીશું કે સમસ્યા શું હતી, તેની અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવશે. ■

TOSAA
PRESSURE COOKER
NON-STICK COOKWARE
MUCH MORE...

# સોશિયલ મીડિયા પર મિત્રતા કરી ચાર જણનો વિદ્યાર્થિની પર બળાત્કાર

## પુણેની ઘટનાઃ બહેનપણીએ કાઉન્સેલર પાસે પીડિતાની યાતના વર્ણવતાં દુરાચારનો કિસ્સો પ્રકાશમાં આવ્યો

### કૉલેજના સત્તાવાળાઓએ મામલો દબાવવાનો સતત પ્રયાસ કર્યોઃ કૉંગ્રેસ

પુણેની કૉલેજમાં સગીરા પર થયેલા અત્યાચાર પ્રકરણે મહાવિકાસ આઘાડી (એમવીએ) દ્વારા પોલીસ કમિશનર ઓફિસ બહાર આંદોલન કરવામાં આવ્યું હતું. આ આંદોલનમાં કૉંગ્રેસના વિધાનસભ્ય રવિન્દ્ર ધંગેકર, શિવસેના યુબીટીના નેતા સંજય મોરે, ગજાનન થરકુડે, શરદ પવાર જૂથના નેતા પ્રશાંત જગતાપ સહિતના નેતાઓ અને કાર્યકરો સહભાગી થયા હતા. કૉલેજના અધિકારીઓને આ વાતની જાણ હતી, પરંતુ તેઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવી નહીં તથા પીડિતાના વાલીઓ પર આ પ્રકરણ દબાવવા માટે દબાણ આપ્યું. તેથી તેમની સામે પણ કાર્યવાહી થવી જોઇએ, એવી માગણી તેમના દ્વારા કરવામાં આવી હતી.

'પોલીસે પારદર્શક તપાસ કરવી જોઇએ. પીડિતાને ન્યાય મળવો જ જોઇએ. કૉલેજના સત્તાવાળાઓ જેમણે આ ઘટના દબાવવાનો પ્રયાસ કર્યો તેમની સામે પણ કાર્યવાહી થવી જોઇએ. આ અંગેનો પત્ર અમે પોલીસને સોંપ્યો છે', એમ કૉંગ્રેસના વિધાનસભ્ય રવિન્દ્ર ધંગેકરે જણાવ્યું હતું.

કૉલેજમાં સગીરા પર અત્યાચાર એ ગંભીર પ્રકરણ છે. કૉલેજ કૅમ્પસના સીસીટીવી કેમેરાના ફુટેજની તપાસણી થવી જોઇએ, એવી માગણી શિવસેના યુબીટીના શહેરપ્રમુખ સંજય મોરેએ જણાવ્યું હતું. ■

પુણેઃ સોશિયલ મીડિયા પર મિત્રતા કર્યા પછી પુણેની કૉલેજમાં અભ્યાસ કરતી ૧૬ વર્ષની સગીરા સાથે કથિત બળાત્કાર ગુજારવા પ્રકરણે પોલીસે બે યુવકની ધરપકડ કરી બે સગીરને તાબામાં લીધા હતા.

પોલીસના જણાવ્યા મુજબ ચારેય આરોપીએ સગીરા સાથે સોશિયલ મીડિયા પર મિત્રતા કરી હતી, પરંતુ ચારેય એકબીજા ઓળખતા નહોતા. એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન અલગ અલગ સ્થળે આરોપીએ સગીરા સાથે કથિત દુષ્કર્મ આચર્યું હતું.

કૉલેજમાં આયોજિત બાળકો સાથેના દુરાચાર સંબંધી સેમિનાર દરમિયાન વિદ્યાર્થિની સાથે બનેલી ઘટના પ્રકાશમાં આવી હતી. ચર્ચા દરમિયાન એક વિદ્યાર્થિની હતાશ જણાતી હતી. એ વિદ્યાર્થિનીને વિશ્વાસમાં લીધી ત્યારે તેણે કાઉન્સેલર્સને તેની ૧૬ વર્ષની બહેનપણી-પીડિતા વિશે જણાવ્યું હતું અને તે જે યાતનામાંથી પસાર થઈ તેની પણ વિગતો આપી હતી.

બાદમાં તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે ચારેય આરોપી સાથે પીડિતાની ઓળખાણ સોશિયલ મીડિયા પર વ્યક્તિગત રીતે થઈ હતી. ચારેય આરોપી એકબીજાને ઓળખતા નહોતા અને તેમણે અલગ અલગ સમયે પીડિતા સાથે કથિત દુષ્કર્મ કર્યું હતું, એમ મહિલા પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

સગીરા સાથેનો દુષ્કર્મનો વીડિયો પણ બનાવવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવાતાં પોલીસે આઈટી ઍક્ટ હેઠળ પણ ગુનો નોંધ્યો હતો. પોલીસે બે સગીર સહિત ચાર જણ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની સુસંગત કલમો અને પોક્સો ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ પ્રકરણે ૨૦ અને ૨૨ વર્ષના બે યુવકની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે બે સગીરને તાબામાં લઈ વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. (પીટીઆઇ) ■

Rotary
RMB ROTARY MEANS BUSINESS FELLOWSHIP
GARIMA
Come One - Come All
Celebrate Pre-Navratri & Diwali
Exhibition cum Sale
TODAY & TOMORROW, 10 AM TO 9 PM
KARMVEER SPORTS CLUB,
ANDHERI (W), MUMBAI - 53
FREE ENTRY
LUCKY DRAW 3 PM & 5 PM
Discover an enchanting collection of :
Navratri Outfits ❖ Indo-Western Wear
❖ Jewellery ❖ Painting ❖ Giftings Items ❖ Sarees
❖ Mouth freshner ❖ Food Stalls & more.
DAY 1: FASHION SHOW DAY 2: GARBA NIGHT
LUCKY DRAWS AND MANY MORE GIFTS...
CHAIRPERSON: SHALINE SERPES: +91 70454 99982
HON SEC: SONAL SOMAIYA: +91 98692 08991
VICE PRESIDENT: ARCHANA SAND: +91 98337 95309
Theatrix

Sparsh EXHIBITION
30th September 2024
KUTCHI STHANAKWASI MAHAJANWADI, OPP. VOLTAS, CHINCHPOKLI (LALBAUG).
COUTURE | JEWELLERY
HOME DECOR
EVENT CURATED BY
Lavina chandalia shah
9664307433
10 YEARS
Valet Parking | 11am-8pm | sparsh_exhibition

સમય
સવારે ૧૦.૦૦ થી રાત્રે ૮.૩૦
THAILAND
INTERNATIONAL
SHOPPING FESTIVAL
• AFGHANISTAN • IRAN • KOREA • DUBAI
• MALAYSIA • THAILAND • TURKEY
સ્કેન કરો
૨૭ સપ્ટે. – ૨ ઓક્ટોબર ૨૦૨૪
બીકેસી ગ્રાઉન્ડ
ગ્રાઉન્ડ નં.૧, એશિયન હાર્ટ હોસ્પિટલ બીકેસી સામે,
બાંદ્રા કૂર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા ઈસ્ટ – મુંબઈ
• થાઈલેન્ડ સ્પા ઓઈલ • થાઈ હર્બલ પ્રોડક્ટ • થાઈલેન્ડ પર્લ જ્વેલરી • કોરિયા વુમન્સ એસેસરીઝ • ઈરાન સેફરોન • ઈરાન ડેટ્સ
• ઈરાન સીલ્વર જ્વેલરી • ઈરાન કારપેટ એન્ડ રગ્સ • ચિલ્ડ્રન એસેસરીઝ • કોરિયા મેકઅપ પ્રોડક્ટસ
• તૂર્કિ લાઈટ્સ • અફઘાનીસ્તાન ડ્રાય ફ્રુટસ • થાઈલેન્ડ આર્ટીફીશીયલ ફલાવર • કોરિયા જ્વેલરી અને પર્સ • વુમન્સ એસેસરીઝ અને ઘણું બધુ...
થાઈલેન્ડ ફલાવર્સ
થાઈલેન્ડ સ્પા પોડક્ટ્સ
ઈરાન જ્વેલરી
અફઘાનિસ્તાન ડ્રાયફ્રુટ્સ
તુર્કિ લાઈટ્સ
કોરિયા વુમન્સ એસોસરીઝ
exhibitions_iadsnevents
iadsnevents
પ્રવેશ ₹૫૦/-
+91 9987439525
AN EVENT BY iads & events COMPLETE BUSINESS SOLUTIONS

Arihant
Mattresses & Furniture
ONE STOP SHOP
GHATKOPAR & SEWRI
FOR THIS MONTH ON OCCASION OF
ARIHANT'S 17TH ANNIVERSARY
& OWNER'S BIRTHDAY BASH
WE PROVIDE COMPLETE
MODULAR FURNITURE
SOLUTIONS
1 BHK - Cost ₹ 3,66,300
2 BHK - Cost ₹ 5,22,432
3 BHK - Cost ₹ 6,74,100
(It includes Wardrobe, Bed, Mattress,
Side Table, 3 Seater Sofa, Modular Kitchen
6 Seater Dining Table, 6' Base LCD Unit
With Min. 10 Years Warranty)
HEAVY DISCOUNTS ON
SOFAS MATTRESS CURTAINS
HEADBOARD RECLINER WARDROBE
DINING CHAIRS MODULAR KITCHEN
* T & C Apply
Shop No. 21, Fern Tower, Aradhya One Earth, Pantnagar, Ghatkopar (E), Mumbai - 400 075.
Zakaria Bunder Rd., Nr. Krypton Towers, Sewri (W), Mumbai - 400 015.
8879872664/ 9223596088/ 9167932980
OPEN ALL DAYS TILL DIWALI
4.6
@ARIHANTFURNITURE_

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પીએફસીની લોન મંજૂરીને લીધે એમએમઆરના ૩૧,૬૭૩ કરોડ રૂપિયાના નવ પ્રોજેક્ટને મળી ગતિ

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)ની ટ્રાફિકની સમસ્યાને દૂર કરવાના માર્ગમાં આવતી આર્થિક અડચણોને પાવર ફાઇનાન્સ કોર્પોરેશન (પીએફસી)એ દૂર કરી દીધી છે. મુંબઈ, થાણે અને કલ્યાણના નવ પ્રોજેક્ટ માટે લૉન આપવા માટે પીએફસીએ મંજૂરી આપી દીધી છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ પ્રસ્તાવિત નવ પ્રોજેક્ટને પીએફસી ૩૧,૬૭૩.૭૯ કરોડ રૂપિયાની લૉન આપશે.

એમએમઆરડીએ અને પીએફસી વચ્ચે થયેલા કરાર અનુસાર આ પ્રકલ્પોનો ૮૦ ટકા ખર્ચ પીએફસી ઉપલબ્ધ કરાવશે, જ્યારે વીસ ટકા રકમની વ્યવસ્થા રાજ્ય સરકાર અને એમએમઆરડીએએ કરવાની રહેશે.

લૉનના અંદાજે અડધા નાણાં થાણે-બોરીવલી ટ્વિન ટનલ પાછળ ખર્ચ કરવામાં આવશે.

એમએમઆરડીએના કહેવા પ્રમાણે ૩૧.૬૭૩.૭૯ કરોડ રૂપિયામાંથી ૧૫,૦૭૧ કરોડ રૂપિયા આ ટ્વિન ટનલ પાછળ ખર્ચવામાં આવશે અને બાકીના ૧૧૬,૬૦૨.૭૯ કરોડ રૂપિયા અન્ય પ્રકલ્પો પર ખર્ચ કરવામાં આવશે.

**થાણે પર ફોકસ**

એકનાથ શિંદે રાજ્યના મુખ્ય પ્રધાનની સાથે એમએમઆરડીએના અધ્યક્ષ પણ છે. જે પ્રોજેક્ટો માટે લૉનને મંજૂરી મળી છે તે થાણે, કલ્યાણથી થઇને પસાર થવાના છે. શિંદેએ પોતાના મતવિસ્તારના નાગરિકોની સમસ્યા દૂર કરવાનો પ્રયાસ કર્યો છે.

**કયા છે નવ પ્રોજેક્ટ્સ?**

**(૧) થાણે-બોરીવલી ટ્વિન ટનલ**
*૧૧.૮૫ કિમી લાંબી
*૧૬,૬૦૦.૪૦ કરોડનો ખર્ચ
*૩-૩ લેનની બે ટનલ
*૫૩૦ કરોડ રૂપિયાના ઉપકરણો લાગશે
*૩૦૦ મીટર પર ક્રોલ પેસેજ

**(૨) નેશનલ હાઇવે-૪થી કટાઇ નાકા એલિવેટેડ રોડ**
*૬.૭૧ કિમી લાંબો
*૩૦થી ૪૫ મીટર પહોળો
*૧,૯૮૧.૧૭ કરોડ રૂપિયાનો ખર્ચ

**(૩) કોલશેત-કાલ્હેર ખાડી બ્રિજ**
*૧.૬૪ કિમી લાંબો
*૨૮૮.૧૮ કરોડ રૂપિયાનો ખર્ચ

**(૪) કાસારવડવલી (થાણે)-ખારગાવ બ્રિજ (ભિવંડી)**
*૩.૯૩ કિમી લાંબો
*૪૦ મીટર પહોળો
*૩-૩ લેન
*૧,૫૨૫.૩૧ કરોડ રૂપિયાનો ખર્ચ

**(૫) મુરબાડ-બદલાપુર એલિવેટેડ રોડ**
*૨.૨૬ કિમી લાંબો
*૪૫૧.૧૦ કરોડ રૂપિયાનો ખર્ચ

**(૬) ગાયમુખ-પાયગાંવ બ્રિજ**
*૬.૫૦૯ કિમી
*૯૭૫.૫૮ કરોડ રૂપિયાનો ખર્ચ

**(૭) આનંદનગરથી સાકેત એલિવેટેડ રોડ**
*૮.૨૪ કિમી લાંબો,*૪૦ મીટર પહોળો,
*૧,૮૪૭.૭૨ કરોડ રૂપિયાનો ખર્ચ

**(૮) થાણે કોસ્ટલ રોડ**
*વાલકુંભ-ગાયમુખ વચ્ચે બનશે
*૧૩.૪૫ કિમી લાંબો
*૮.૧૧ કિમી માર્ગ એલિવેટેડ
*૫.૨૨ કિમી માર્ગ જમીન પર
*૧૨૦ મીટર બ્રિજ કલવા ખાડી પર
*૪૦ મીટર પહોળો
*૩-૩ લેન
*૨,૭૨૭ કરોડ રૂપિયાનો ખર્ચ

**(૯) ફ્રી-વેનો વિસ્તાર**
*છેડાનગરથી થાણે સુધી એલિવેટેડ રોડ
*૧૨.૯૫૫ કિમી લાંબો
*૪૦ મીટર પહોળો
*૩-૩ લેન
*૨,૬૮૨ કરોડ રૂપિયાનો ખર્ચ

# બદલાપુરના નરાધમના શબને દફન કરવા વેરાન સ્થળ શોધોઃ પોલીસને કોર્ટનો આદેશ

મુંબઈઃ પોલીસ એન્કાઉન્ટરમાં મૃત્યુ પામેલા બદલાપુરની શાળામાં બે બાળકી સાથે કુકર્મ કરવાના કેસના આરોપી અક્ષય શિંદેના શબને દાટવા માટે વેરાન સ્થળ શોધી કાઢવા બૉમ્બે હાઈ કોર્ટે શુક્રવારે પોલીસને નિર્દેશ આપ્યા હતા.

જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને એમ. એમ. સાઠ્યેની ડિવિઝન બૅન્ચે જગ્યા શોધી કાઢ્યા પછી શિંદેના પરિવારના સભ્યોને જાણ કરવાનું કહ્યું હતું, જેથી તેની દફનવિધિ પાર પાડી શકાય.

શિંદેના સમાજમાં મૃતદેહ દાટવાનો રિવાજ નથી, એવી ફરિયાદ પક્ષની દલીલને હાઈ કોર્ટે એમ જણાવીને ફગાવી દીધી હતી કે તેનો નિર્ણય મૃતકના માતા-પિતા લેશે.

અક્ષય શિંદેના પિતાએ શુક્રવારે પોતાના પુત્રના શબને દફનાવવા માટે સ્થળ શોધી આપવા અરજી કરીને તાકીદે સુનાવણી કરવાની વિનંતી કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે તેઓ હજુ પણ દફન માટે સ્થળ શોધી શક્યા નથી.

સરકારી વકીલ હિતેન વેણેગાંવકરે કોર્ટમાં જણાવ્યું હતું કે બદલાપુરની બધી દફનભૂમિ અને આસપાસના વિસ્તારોએ અક્ષયના શબને દફનાવવાનો ઇનકાર અને વિરોધ કર્યો છે. આથી પોલીસ વેરાન સ્થળ શોધવા કવાયત કરી રહી છે.

કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેની પોલીસ ખાતરી રાખશે, એવું પણ તેમણે ઉમેર્યું હતું.

વેણેગાંવકરે કહ્યું હતું કે અક્ષયના પરિવારને આ વિશે જાણ કરવામાં આવશે. જોકે પરિવારે હોબાળો મચાવ્યા વિના શાંતિથી દફનવિધિ પતાવવી જોઈએ. દફનવિધિના સ્થળે પોલીસ કર્મચારીઓ અક્ષયના પરિવારના સભ્યોને લઈ જશે.

ખંડપીઠે આ નિવેદન સ્વીકાર્યું હતું અને મામલાની આગામી સુનાવણી ૩૦ સપ્ટેમ્બર પર રાખી હતી.

વેણેગાંવકરે કોર્ટમાં જણાવ્યું હતું કે શિંદે સમુદાયમાં શબને દાટવાનો રિવાજ નથી, એવું તપાસ કરતાં જાણવા મળ્યું છે. તેઓ ભવિષ્યમાં તપાસ કરવી પડે તો મૃતદેહ પાછો બહાર કાઢી શકાય તે માટે જ દાટવા માગે છે. તેમના સમાજના વરિષ્ઠ સભ્યોએ આવો રિવાજ ન હોવાનું કહ્યું છે.

જોકે બૅન્ચે કહ્યું હતું કે માતા-પિતા શું ચાહે છે તે સમુદાય નક્કી ન કરી શકે.

અક્ષયના પિતાના વકીલે ગુરુવારે કોર્ટમાં જણાવ્યું હતું કે અમે દાટવા માટેની જગ્યા શોધી કાઢી હતી અને અંબરનાથ મહાપાલિકા પાસે પરવાનગી પણ માગી હતી. જોકે અંબરનાથ મહાપાલિકાના સીઈઓએ પરવાનગી આપી નહીં અને ગુરુવારની મોડી સાંજ સુધી કોઈ નિર્ણય લીધો નહોતો.

અક્ષયના પરિવારને ધમકીઓ મળી રહી હોવાનો પણ આક્ષેપ પણ તેના વકીલે કર્યો હતો. જોકે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવવાનું કોર્ટે કહ્યું હતું. (પીટીઆઈ)

## જૈન મરણ

રંગપુર(ભાલ) ઘાટકોપર નિવાસી દિનેશભાઈ નાનાલાલભાઈ અજમેરા તે પ્રતિભાબેનના પતિશ્રી. અમીબેન, સુમીબેન, ગ્રીષ્મીબેનના પિતાશ્રી. વિનોદભાઈ, સ્વ.પ્રકાશભાઈ, સ્વ.રસીલાબેન, કોકિલાબેન, હસુમતીબેન, લીલીબેનના ભાઈ. રવિચંદભાઈ ઉમેદચંદભાઈ અજમેરા નવસારીના ભત્રીજા, તા.૨૬-સપ્ટે-૨૪ના અરિહંતશરણ પાયલ છે. પ્રાર્થનાસભા શ્રી સ્વામી નારાયણ મંદિર, ૬૦ ફૂટ રોડ, ઘાટકોપર (પૂર્વ).

**સોરઠ વીસા શ્રીમાળી જૈન**

જેતપુર નિવાસી હાલ ચુનાભઠ્ઠી મુંબઇ રમેશભાઇ ન્યાલચંદ મહેતા (ઉં. વ. ૮૮) તા. ૨૬-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ઇન્દુબેનના પતિ. સંગીતાબેન, સંદીપભાઇના પિતા. મયૂરભાઇ, ફાલ્ગુનીબેનના સસરા. સ્વ. અનિલભાઇ, રશ્મીભાઇના ભાઇ. સાસરા પક્ષે સ્વ. બાબુલાલ કેશવજી કોરડિયાના જમાઇ. પ્રાર્થનાસભા એસ.એન. ડી. ટી. ઓડિટોરિયમ, ૩૩૮, આર. એ. કિડવાઇ રોડ, માટુંગા, મુંબઇ-૪૦૦૦૧૯. તા. ૨૯-૯-૨૪ના રવિવાર, સવારના ૧૦થી ૧૧.૩૦.

**દશા શ્રીમાળી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ ડોમ્બિવલી સ્વ. તારાબેન કાંતિલાલ શાહના સુપુત્ર તુષારભાઇ શાહ (ઉં. વ. ૬૩) તે તા. ૨૭-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે શર્મીના પતિ. ખેવના આકાશકુમાર શાહ, પાર્થના પિતા. તે વિણાબેન વિનોદકુમાર શાહ ગિરીશભાઇ, રાજેશભાઇ, રમેશભાઇ, નિકેશભાઇના ભાઇ. તે ચીનુભાઇ જેસંગભાઇ શાહના જમાઇ. કેતનભાઇ, ભગવાનદાસ શાહના વેવાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ઘોઘા નિવાસી હાલ વાલકેશ્વર કનુભાઈ શાંતિલાલ શાહના ધર્મપત્ની દિવ્યાબેન (ઉં. વ. ૮૫) તા.૨૬-૦૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે કેતનભાઈ, ડો. નિલેશભાઈ, કૌશિકભાઈના માતુશ્રી. હીનાબેન, દક્ષાબેન, અમીબેનના સાસુ. મિતાલી સ્નેહકુમાર, કરણ, યશના દાદી. વિનુભાઈ, સૂર્યાબેન, કનકબેનના ભાભી. ભાવનગરનિવાસી મનુભાઈ મણીલાલ ઘડિયાળીની દીકરી પ્રાર્થનાસભા તા.૨૯-૦૯-૨૪ના રવિવારના ૩.૩૦ થી ૫.૩૦. કે. સી. કોલેજ ઓડિટોરિયમ, કે. એમ. કુંદનાની ચોક, ચર્ચગેટ, મુંબઈ.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના હાલાઇ ફરિયોના માતુશ્રી (જીવીબાઇ) હીરબાઇ દેવશી વિજપાર ગોગરીના સુપુત્રી મણીબેન (માયાબેન) (ઉં. વ. ૮૭) તા. ૧૫/૯/૨૪ના અમદાવાદ મુકામે પ્રભુ સમિપે અનંત પ્રયાણ કરેલ છે. એડ્રસ : શાંતીલાલ ગોગરી, હિરામોતી નગર, બી-૧, વાગલે ઇસ્ટેટ, થાણા-૪૦૦૬૦૪.

લુણીના જીવીબાઈ કુંવરજી દેઢિયા (ઉં. વ. ૯૬) તા. ૨૫.૯.૨૪ અરિહંતશરણ પામ્યા છે. કુંવરજી સુરાના ધર્મપત્ની. વેજબાઈ સુરા તેજાના પુત્રવધુ. હરીલાલ, અમૃતલાલ, કલ્યાણજી, દિલીપ, સુંદરબેન (શીલા), હેમલતા, ઉર્મિલાના માતુશ્રી. લુણી દેમુબેન દેવજી વાઘા, છસરા હીરબાઈ કરમશી પાસુના સુપુત્રી. લુણી નાનજી તલકશી, છસરા લાલજી, મગનલાલ, દામજી, જાદવજી, ખીમઈબાઈ, જખીબાઈ, દેવકાબાઈ, લક્ષ્મીબેન, સુંદરબેનના બેન. ગુણાનુવાદ રાખેલ નથી. નિ. કલ્યાણજી કુંવરજી : એ-૯૦૧, બિ.નં. ૯૦, ઉજ્જવલા, તિલકનગર, મું-૮૯.

ગોધરાનાં જયવંતીબેન કુંવરજી જેસંગ સાલિયા (ઉં. વ. ૭૫) તા. ૨૬/૦૯/૨૪ નાં મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. રતનબેન જેસંગ ઘેલાનાં પૌત્રી. સ્વ. લક્ષ્મીબેન કુંવરજીનાં પુત્રી. સ્વ. પ્રવિણ, દિનેશ, મુલચંદનાં બેન. માપરનાં સ્વ. નાનબાઈ પ્રેમજીનાં દોહિત્રી. પ્રાર્થના સભા રાખેલ નથી. નિઃ દિનેશ સાલિયા, બી-૨૦૨, સાંઈનાથ એપાર્ટ.,ટાટા કોલોની, મુલુંડ ઈસ્ટ, મુંબઈ-૮૧.

મુંદરાના કમલાબેન કાંતિલાલ છેડા (ઉં. વ. ૭૦) તા. ૨૬/૯/૨૪ના અવસાન પામેલ છે. વીરબાઇ મગનલાલના પુત્રવધુ. કાંતિલાલના પત્નિ. રોહીતના માતુશ્રી. માપરના પ્રેમીલાબેન ગણશી ગડાના પુત્રી. રમીલા, રતિલાલ, નરેન્દ્ર, રશ્મિકાંતના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રોહીત છેડા, ૪/૧૦, માતૃપિતૃ છાયા, શાસ્ત્રી નગર, ડોંબિવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

હણોલ નિવાસી હાલ વસઇ રમેશચંદ્ર કાનજીભાઇ દુર્લભજીભાઇ જાગાણી (ઉં. વ. ૭૮) તા. ૨૬-૯-૨૪ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે તરૂલતાબેનના પતિ. નિરવ, અભય, હિના (ડિમ્પલ), સીમાના પિતા. પિન્કી, ક્રિશા, ભાવિન મોદી, કેતન દોમડીયાના સસરા. સ્વ. પ્રભુદાસભાઇ, ભૂપેન્દ્રભાઇ, પકાશભાઇ, સ્વ. ધનલક્ષ્મીબેન જસાણી, સ્વ. દિનાક્ષીબેન જસાણી, કાન્તાબેન મહેતા, રસિલાબેન શાહ, પુષ્પાબેન બગડીયા, લતાબેન મિયાણી, કોકીલાબેન શેઠ, હિરાબેન મહેતા, ઇન્દુબેન શાહ, કૈલાસબહેન મહેતાના ભાઇ. ધોરાજી નિવાસી હાલ મલાડ અશોકભાઇ રમણલાલ શેઠ, સુધાબેન દોશી, પ્રજ્ઞાબેન બોટાદરા, રેખાબેન ગાંધી, જયોતિબેન પાડલીયાના બનેવી. પ્રાર્થનાસભા તા. ૨૯-૯-૨૪ના રવિવારના રોજ સવારના ૧૦થી ૧૨. ઠે. કે. ટી. વાડી, તેરાપંથ ભવનની બાજુમાં, ૬૦ ફીટ રોડ, વસઇ (વેસ્ટ).

## પારસી મરણ

પીલુ પરવેઝ કાંગા તે મરહુમ પરવેઝના ધનિયાની. તે મરહુમો ફ્રેની નાદરશા કારવાના દીકરી. તે માલકમ ના માતાજી. તે દીલશાહના સાસુજી. તે થ્રીતી ગનદેવીયાના બહેન. તે યાના ને ઝવેસના બપઇજી. (ઉં. વ. ૮૭) રે. ઠે. ૮૦૪, ગ્રીન કોર્ટ, જુહુ લેન, શોપર સ્ટોપ આગળ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૯-૯-૨૪ના દીને બપોરે ૩.૪૦ વાગે માલકમ બાગ અગિયારીમાં છેજી.

વીસપી દીનશા પંથકી તે મરહુમો ગુલચેર દીનશા પંથકીના દીકરા. તે કેરસી, હોશેદર, બખતાવર ગદીયાલી તથા મરહુમ રુબી પી. દસ્તુરના ભાઇ. તે જરશેદ દસ્તુર, ઝકસીસ ને ઉરવકસના મામા. તે રુકશાના, નાઝનીન, હાવોવી ને જેમમીનના કાકા. (ઉં. વ.૭૫) રે. ઠે. ૧૧, હીલ રોડ, રાજારામ વાડી, બાંદ્રા (વે.), મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૮-૯-૨૪ને દીને બપોરે ૩-૪૦ વાગે, ઉપરની ભાભા નં-૧ બંગલીમાં ડુંગરવાડી પર.

## હિન્દુ મરણ

**ગોહિલવાડ દશાશ્રી માળી વણિક**

મહુવા નિવાસી હાલ ઘાટકોપર સ્વ.મંગલાબેન રતિલાલ મેહતાના સુપુત્ર તથા ગઢડા નિવાસી સ્વ.જેકુરબેન મનસુખલાલ ડેલીવાડાના જમાઈ. સ્વ. રમણીકલાલ મહેતા (ઉં. વ. ૮૦) તા.૨૬-૦૯-૨૪ ગુરૂવારના અરિહંતશરણ પામેલ છે. રંજનબેનના પતિ. મોના અમિત મેહુલના પિતાશ્રી. બિમલ નીતા સેજલના સસરા. ભૂમિ મલય અને પલકના દાદા. પ્રાર્થનાસભા ૧૦ થી ૧૨, પરમ કેશવ બાગ ઘાટકોપર (વેસ્ટ).

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

ડુંગરવાળા હાલ મલાડ સ્વ.જયાબેન હરગોવિંદભાઈ દેસાઈના પુત્ર પ્રકાશભાઈ (ઉં. વ. ૬૯) ૨૬/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સંગીતાબેનના પતિ. કોમલ દિપકકુમાર ખત્રી, ધરમ, ધરાના પિતાશ્રી. સ્વ.મનહરલાલ, સ્વ.મધુબેન વસંતભાઈ કોઠારી, નિરંજનાબેન, ચેતનાબેન રમેશભાઈ સાંઘાણી તથા નયનાબેન દિલીપભાઈ પારેખના ભાઈ. સાસરાપક્ષે સ્વ શારદાબેન સુરેશચંદ્ર ઝવેરીના જમાઈ. પ્રાર્થનાસભા ૨૮/૯/૨૪ના ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, બીજા માળે, શંકર મંદિર પાસે, એસ. વી રોડ કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

મૂળ હિરણવેલ (વેરાવળ) હાલ નાસિક નિવાસી ભરત કારીયા (ઉં. વ. ૫૯), ગુરુવાર તા. ૨૬ ઓક્ટોબરનાં શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.ઊર્મિલા, મણીલાલનાં સુપુત્ર. કિરણ, નીતિન, અનિલ, સૌ.પ્રવિણા દેવાણીનાં ભાઈ. પ્રાર્થનાસભા શનિવાર તા.૨૮.૦૯.૨૪નાં ૫ થી ૬. કચ્છી લોહાણા મહાજન વાડી, પંચવટી, નાસિક.

**ગોહિલવાડ દશાશ્રી માળી વણિક**

મહુવા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. મંગલાબેન રતિલાલ મેહતાના સુપુત્ર તથા ગઢડા નિવાસી સ્વ. જેકુરબેન મનસુખલાલ ડેલીવાડાના જમાઈ સ્વ. રમણીકલાલ મહેતા (ઉં.વ. ૮૦) તા. ૨૬-૯-૨૪ ગુરુવારના રોજ અરિહંતશરણ પામેલ છે. રંજનબેનના પતિ. મોના અમિત મેહુલના પિતાશ્રી. બિમલ નીતા સેજલના સસરા. ભૂમિ મલય અને પલકના દાદા. ઝરણા દેવાંગ અને ઉમંગના નાના. પ્રાર્થના સભાઃ રવિવાર, તા. ૨૯-૯-૨૪ના સવારે ૧૦ થી ૧૨. પરમ કેશવ બાગ, ઘાટકોપર (વેસ્ટ).

# કેન્દ્રની અરજી ફગાવાઇ, નાગપુર એરપોર્ટનો હવાલો જીએમઆર પાસે

નવી દિલ્હીઃ નાગપુરના બાબાસાહેબ આંબેડકર ઈન્ટરનેશનલ એરપોર્ટ (એએઆઈ)ને અપગ્રેડ કરવા અને એના સંચાલન માટે જીએમઆર એરપોર્ટ્સ નામની પ્રાઈવેટ કંપનીનો માર્ગ મોકળો કરવા સુપ્રીમ કોર્ટે શુક્રવારે કેન્દ્ર અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયાની ક્યુરેટિવ અરજી પર કાર્યવાહી બંધ કરી છે. સુપ્રીમ કોર્ટે સમીક્ષાની અરજી ફગાવી દીધી હોવાથી કેન્દ્ર અને એએઆઈએ દ્વારા ક્યુરેટિવ પિટિશન દાખલ કરવામાં આવી હતી. આ પહેલા સર્વોચ્ચ અદાલતે નાગપુર એરપોર્ટને અપગ્રેડ અને ઓપરેટ કરવાની જીએમઆર એરપોર્ટસને મંજૂરી આપતા બોમ્બે હાઈકોર્ટના ચુકાદા સામે કેન્દ્ર અને એએઆઈની અરજીને ફગાવી દીધી હતી.

મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચૂડ અને ન્યાયમૂર્તિઓ સંજીવ ખન્ના, બી આર ગવઈ અને જે. કે. મહેશ્વરીની વિશેષ ચાર જજની ખંડપીઠે સોલિસિટર જનરલ તુષાર મહેતાના અભિપ્રાયની નોંધ લીધા બાદ તેના ચુકાદા સામેની ક્યુરેટિવ અરજી પરની કાર્યવાહી બંધ કરી દીધી હતી. તુષાર મહેતાએ જણાવ્યું હતું કે કેન્દ્ર અને એએઆઈની અરજી આવી અરજીઓ માટે સૂચવવામાં આવેલા કોઈ કાનૂની માપદંડ હેઠળ નથી આવતી. ક્યૂરેટિવ પિટિશન એ ફરિયાદી માટે ઉપલબ્ધ છેલ્લો કાનૂની આશ્રય છે. મુખ્ય કેસ અને રિવ્યૂ પિટિશન ફગાવી દેવામાં આવ્યા બાદ જો ચોક્કસ પ્રકારે ઉલ્લંઘન ન થતું હોય તો આવી અરજી દાખલ કરી શકાય છે.

# મહારાષ્ટ્રમાં ચૂંટણીના ફટાકડા દિવાળી પછી

મુંબઈઃ જમ્મુ કાશ્મીર અને હરિયાણા બાદ હવે ચૂંટણી પંચે મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ તેજ કરી દીધી છે. ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજતા પહેલા ચૂંટણી પંચની ટીમ પહેલા ઝારખંડ જઇ પરિસ્થિતિનો તાગ મેળવશે અને પછી મહારાષ્ટ્ર આવશે. મુખ્ય ચૂંટણી કમિશનર મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજતા પહેલા પરિસ્થિતિની સમીક્ષા કરશે અને નક્કી કરશે કે આ બંને રાજ્યોમાં ચૂંટણી ક્યારે યોજવી જોઈએ.

હવે એવું પણ માનવામાં આવે છે કે દિવાળી પછી બંને રાજ્યોની ચૂંટણીની જાહેરાત થઈ શકે છે. જમ્મુ કાશ્મીર અને હરિયાણામાં મતગણતરી બાદ ગમે ત્યારે મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી શકે છે. જોકે, આ અંગેનો અંતિમ નિર્ણય ચૂંટણી પંચ જ લેશે.

કાશ્મીરમાં પહેલી ઓક્ટોબરે મતદાન છે અને હરિયાણામાં પાંચમી ઓક્ટોબરે અંતિમ ત્રીજા તબક્કાનું મતદાન છે અને આઠ ઑક્ટોબરે પરિણામ જાહેર થશે. તેથી એમ માનવામાં આવે છે કે ચૂંટણી પંચ આઠ ઑક્ટોબર પછી જ મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીની તારીખની જાહેરાત કરશે.

મહારાષ્ટ્ર વિધાનસભાનો કાર્યકાળ ૨૬ નવેમ્બરે પૂરો થઈ રહ્યો છે. આ પહેલા પંચે અહીં ચૂંટણી કરાવવાની છે. અગાઉ ૨૮૮ બેઠકો ધરાવતા મહારાષ્ટ્રમાં ૨૦૧૯ની ચૂંટણી હરિયાણા સાથે યોજાઈ હતી.

મહારાષ્ટ્રમાં પરિસ્થિતિની સમીક્ષા કરતા પહેલા ચૂંટણી પંચે ૨૩ અને ૨૪ સપ્ટેમ્બરે રાંચી જઈને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના આયોજનની સમીક્ષા કરી હતી. તેમણે તમામ પક્ષના નેતાઓ સાથે વાતચીત કરી હતી. રાજકીય પક્ષોએ દિવાળી, છઠ, દુર્ગા પૂજા અને રાજ્ય સ્થાપના દિવસ જેવા રજાના દિવસોના મુદ્દા ઉઠાવ્યા હતા અને ઓછું મતદાન થવાની ભીતિ વ્યક્ત કરી હતી અને એવો મત પ્રગટ કર્યો હતો કે આ દિવસોમાં મતદાનની તારીખો રાખવી જોઈએ નહીં.

ઝારખંડ વિધાનસભાનો કાર્યકાળ ૫ નવેમ્બર ૨૦૨૪ ના રોજ પૂરો થઇ રહ્યો છે. તેથી અહીં નવેમ્બરના અંત કે ડિસેમ્બરમાં ચૂંટણી યોજાઇ શકે છે. એક સમયે નકસલવાદથી પ્રભાવિત આ રાજ્યમાં હાલમાં તો શાંતિ છે. છતાં પણ તહેવારો અને નકસલવાદ સહિત અનેક મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ચૂંટણીનું આયોજન કરવામાં આવશે, એમ ચૂંટણી પંચે જણાવ્યું હતું

# રિલાયન્સનો ટેક્સટાઇલ પ્રોજેક્ટ પાલઘરમાં

## આના માટે કંપનીએ એમઆઇડીસી પાસે જમીન માગી છે

પાલઘરઃ પ્રસ્તાવતિ વાઢવણ બંદર નજીક માહિમ તથા ટોકરાળે ખાતેની મહેસૂલ વિભાગના કબજા હેઠળની ૮૮૦ એકરની જમીનને 'પાસ થ્રૂ' પદ્ધતિથી મહારાષ્ટ્ર ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમઆઇડીસી)એ સંપાદન કરી હતી. આ જમીન રિલાયન્સ ઇન્ડસ્ટ્રિયલ લિ.ને વસ્ત્રોદ્યોગ પ્રકલ્પ માટે આપવામાં આવે એવી અરજી એમઆઇડીસીએ પાલઘર જિલ્લાધિકારી પાસે કરી હતી. આ જમીન સંપાદન બાદ રાજ્ય સરકાર અને એમઆઇડીસીને કેટલું વળતર મળશે એ અંગે હજી જાહેર કરાયું નથી.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ (આરઆઇએલ) કંપનીના પ્રસ્તાવિત વસ્ત્રોદ્યોગ પ્રકલ્પ માટે નાયબ મુખ્ય પ્રધાન કાર્યાલયના પ્રધાન સચિવના અધ્યક્ષતા હેઠળ છઠ્ઠી સપ્ટેમ્બર તથા ૧૧મી સપ્ટેમ્બરના રોજ બેઠક યોજાઇ હતી જેમાં જમીન સંપાદન માટેનો પ્રસ્તાવ જિલ્લાધિકારી પાસે રજૂ કરવાનો નિર્દેશ કરાયો હતો. આરઆઇએલ દ્વારા ૧૬મી અને ૨૧મી સપ્ટેમ્બરના રોજ પત્ર દ્વારા પાલઘર તાલુકાના માહિમ ગામની ૨૨૬.૫૫.૪૦ હેક્ટર-આર તથા ટોકરાળે ખાતેની ૧૨૫.૫૫ હેક્ટર-આર એમ કુલ ૮૮૦ એકરની જમીન 'પાસ થ્રૂ' પદ્ધતિથી ફાળવવાની એમઆઇડીસીને વિનંતી કરાઇ હતી.

રિલાયન્સ તરફથી અહીં પેટ્રોકેમિકલ પ્રકલ્પ ઊભો કરવામાં આવશે જેમાં શુદ્ધ ટેરેફ્થેલિક ઍસિડ (૩.૨ મિલિયન મેટ્રિક ટન પ્રતિ વર્ષ) તથા પૉલિસ્ટર કૉમ્પ્લેક્સ (૦.૯ મિલિયન મેટ્રિક ટન પ્રતિ વર્ષ) પ્રકલ્પનો સમાવેશ થાય છે.

**ચાર નવા રસ્તા બનાવાશે**

૮૮૦ એકર જમીન પરના આ પ્રકલ્પ માટે ૩૦ મીટર પહોળો માહિમ ખાડી પરનો કેળવા રોડ સુધી (એક કિમી) તથા માહિમ ગામની વાયવ્ય દિશામાં (૧.૫ કિમી) એમ બે રસ્તા, જ્યારે ૨૦ મીટર પહોળો કેળવા રોડ (૧.૫ કિમી) તથા ચિંતુપાડા (૨.૫ કિમી) એમ બે રસ્તા બનાવવાની માગણી પણ રિલાયન્સ દ્વારા એમઆઇડીસી પાસે કરવામાં આવી છે.

# પરદેશમાં પલાયનની શંકાઃ ઇન્દ્રાણી મુખરજીને વિદેશ જવાની કોર્ટની ના

મુંબઈઃ પુત્રી શીના બોરાની હત્યાના આરોપી ઈન્દ્રાણી મુખરજીને વિદેશ પ્રવાસ કરવાની પરવાનગી આપતા વિશેષ અદાલતે આપેલા આદેશને બોમ્બે હાઈકોર્ટે શુક્રવારે રદ કર્યો હતો. શીના બોરા મીડિયા એક્ઝિક્યુટિવના હોદ્દા પર કામ કરતી હતી.

ઇન્દ્રાણી મુખરજી વિરુદ્ધ ગંભીર ગુનાની સુનાવણી ચાલી રહી છે અને તે દેશ છોડીને ભાગી જવાની સંભાવના હોવાના કારણસર ન્યાયમૂર્તિ શ્યામ ચાંડકની એક ન્યાયમૂર્તિની ખંડપીઠે વિશેષ અદાલતના આદેશ વિરુદ્ધ સીબીઆઈ દ્વારા કરવામાં આવેલી અરજી મંજૂર કરી હતી. 'અરજીને મંજૂરી આપવામાં આવી છે. વિવાદિત આદેશ રદ કરવામાં આવ્યો છે' એમ અદાલતે જણાવ્યું હતું.

સીબીઆઈ (સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન)ની વિશેષ અદાલતે ૧૯ જુલાઈએ મુખરજીને આગામી ત્રણ મહિનામાં વચ્ચે વચ્ચે દસ દિવસ માટે યુરોપ (સ્પેન અને યુકે) એક વાર પ્રવાસ કરવાની મંજૂરી આપી હતી. ઈન્દ્રાણીએ ભૂતપૂર્વ વરિષ્ઠ મીડિયાકર્મી પીટર મુખરજી સાથે છૂટાછેડા લીધા બાદ બેંક સંબંધિત કેટલાક દસ્તાવેજો અને અન્ય આનુષાંગિક કાર્યમાં ફેરફાર કરવાની જરૂર હોવાનો દાવો કરીને વિદેશ પ્રવાસ કરવાની મંજૂરી માગી હતી.

ઇન્દ્રાણી મુખરજી ભારતમાં રહીને જ પોતાનું કામકાજ કરવા માગતી હોય તો સંબંધિત કાનૂની વિભાગ તેમને મદદ કરશે એમ ન્યાયાધીશ ચાંડકે કહ્યું હતું. ખંડપીઠે સ્પષ્ટતા કરી હતી કે તેણે આ કેસની યોગ્યતા પર કોઈ ટિપ્પણી નથી કરી, પરંતુ માત્ર એટલું જ નોંધ્યું છે કે વિશેષ અદાલતનો આદેશ વાજબી ન હોવાથી એ સ્વીકારી શકાય એમ નથી.

ઈન્દ્રાણી મુખરજી, તેના તત્કાલીન ડ્રાઈવર શ્યામવર રાય અને ભૂતપૂર્વ પતિ સંજીવ ખન્નાએ એપ્રિલ ૨૦૧૨માં મુંબઈમાં એક કારમાં કથિત રીતે ગળું દબાવીને શીના બોરા (૨૪)ની હત્યા કરી હતી. ફરિયાદી પક્ષના જણાવ્યા અનુસાર તેના મૃતદેહને રાયગટ જિલ્લાના જંગલમાં સળગાવી દેવામાં આવ્યો હતો. ઓગસ્ટ ૨૦૧૫માં ઇન્દ્રાણી મુખરજીની ધરપકડ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા બાદ ૨૦૨૨ના મે મહિનામાં તેને કારાવાસમાંથી મુક્તિ મળી હતી. (પીટીઆઈ)

છેલ્લા પાનાનું ચાલુ

## ગોવા ફરવા નીકળેલા

તરફ ખેંચી હતી. પછી ગાડીમાં બેસાડી તેના અપહરણનો પ્રયાસ કર્યો હતો.

યુવતીએ મદદ માટે બૂમો પાડતાં ગામવાસીઓ એકઠા થઈ ગયા હતા. બન્ને પોલીસ સહિત પાંચેય આરોપીને ધિબેડી નાખી પોલીસને સોંપાયા હતા. દેવગડ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ ગુનો નોંધી બીજે દિવસે પાંચેયની ધરપકડ કરી હતી.

પોલીસ કોન્સ્ટેબલોના કરતૂતની જાણ થતાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ તેની ગંભીર નોંધ લીધી હતી. મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસના ડેપ્યુટી કમિશનરે બન્ને કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો.

## મોક ડ્રિલનો ફફડાટ

સ્પષ્ટતા કરાઇ હતી કે આ મોક ડ્રિલ હતી.

આગામી નવરાત્રિ, દશેરા અને દિવાળીના તહેવારો દરમિયાન લોકોની ગિરદી થતી હોવાથી આવા સમયે કોઇ ઘટના બને તો પોલીસકર્મીઓ કેટલા એલર્ટ છે તે ચકાસવા માટે મોક ડ્રિલ હાથ ધરાઇ હતી, એવી સ્પષ્ટતા વરિષ્ઠ પોલીસ અધિકારીએ કરી હતી. પોલીસે અફવાઓ પર વિશ્વાસ ન રાખવાની લોકોને અપીલ કરી છે.

## કલામની સરખામણી

સોફ્ટ કોર્નર ધરાવે છે.

વિરોધનો વંટોળ વધી જતાં રુતા ગાયકવાડે વીડિયો દ્વારા પોતાની સ્પષ્ટતામાં કહ્યું હતું કે મારી ટિપ્પણીનું ખોટી રીતે અર્થઘટન કરવામાં આવી રહ્યું છે. મારી ટિપ્પણીને વિકૃત રીતે રજૂ કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે આજની પેઢી વાંચન કરતી નથી અને એટલે જ મેં મહાપુરુષોનું ચરિત્ર વાંચવાનું કહ્યું હતું. આજની યુવા પેઢી જે રીતે મોબાઈલ પાછી ગાંડી બની છે, એટલે જ મેં તેમને મોબાઈલનો વપરાશ ઓછો કરવા માટેની સલાહ આપી હતી. આ માટે તેઓને મેં અબ્દુલ કલામના વિંગ્સ ઓફ ફાયર વાંચવાની સલાહ આપી હતી. અબ્દુલ કલામે જે પરિસ્થિતિમાં દેશ માટે યોગદાન આપ્યું હતું, એમાંથી પ્રેરણા લેવાની મેં સલાહ આપી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે બિન લાદેન કંઇ જન્મજાત ટેરરિસ્ટ નહોતો, પણ તેનો અંત બહુ ખરાબ આવ્યો હતો.

# મુંબઈ યુનિવર્સિટીની સેનેટ ચૂંટણીમાં યુવાસેનાએ બાજી મારી

મુંબઈઃ મુંબઈ યુનિવર્સિટીની સેનેટની ચૂંટણીનું પરિણામ શુક્રવારે જાહેર થયું હતું જેમાં શિવસેના-યુબીટીની યુવાસેનાએ બાજી મારી હતી. સેનેટની ચૂંટણી ૨૪મી સપ્ટેમ્બરે યોજાઇ હતી. ચૂંટણીમાં યુવાસેનાના સાત ઉમેદવાર વિજયી થયા છે.

ઉદ્ધવ ઠાકરે જૂથની યુવાસેના અને ભાજપના નેતૃત્વ હેઠળની અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ વચ્ચે આ ચૂંટણી જામી હતી. ચૂંટણીના પરિણામ બાદ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદને મોટો આંચકો લાગ્યો છે.

મુંબઈ યુનિવર્સિટીના ફોર્ટ કેમ્પસમાં મતગણતરી થઇ હતી જ્યાં યુવા સેના અને વિદ્યાર્થી પરિષદના મોટા પ્રમાણમાં કાર્યકરો જમા થયા હતા.

# પુણેની ગોખલે ઈન્સ્ટિટ્યૂટના ચાન્સેલર બિબેક દેબરોયનું આખરે રાજીનામું

મુંબઈઃ ગોખલે ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોલિટિક્સ એન્ડ ઇકોનોમિક્સ (જીઆઇપીઇ)ના વાઇસ ચાન્સેલરપદ પરથી અજિત રાનડેને બરતરફ કરવાના નિર્ણય પ્રકરણે હાઇ કોર્ટે રાનડેને આપેલી વચગાળાની રાહત વધારવાના એક દિવસ બાદ સંસ્થાના ચાન્સેલર અને જાણીતા અર્થશાસ્ત્રી બિબેક દેબરોયએ શુક્રવારે રાજીનામું આપ્યું હતું.

ઇકોનોમિક એડવાઇઝરી કાઉન્સિલ ટુ ધ પ્રાઇમ મિનિસ્ટર (ઇએસી-પીએમ)ના અધ્યક્ષ દેબરોયની જુલાઇમાં ગોખલે ઈન્સ્ટિટ્યૂટના ચાન્સેલર તરીકે નિમણૂક કરાઇ હતી. દેબરોયે જણાવ્યું હતું કે પોતે તાત્કાલિક રીતે ચાન્સેલર પદ પરથી દૂર થઇ રહ્યા છે અને તેમના રાજીનામાની પુષ્ટિ સર્વન્ટ્સ ઓફ ઈન્ડિયા સેક્રેટરી (એસએસઆઇ) સેક્રેટરી મિલિંદ દેશમુખે કરી હતી.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનર (યુજીસી)ના નિયમો પ્રમાણે રાનડેની નિમણૂક ન કરાઇ હોવાનું કારણ આપીને આ મહિનાની શરૂઆતમાં રાનડેને વાઇસ ચાન્સેલરના પદ પરથી બરતરફ કરાયા હતા. ત્યાર બાદ આ નિર્ણયને રાનડેએ હાઇ કોર્ટમાં પડકાર્યો હતો જ્યાં તેમને બરતરફના નિર્ણયમાંથી બીજી વખત વચગાળાની રાહત આપવામાં આવી હતી.

# મુખ્ય પ્રધાન શિંદેએ આંખનું ઓપરેશન કરાવ્યું

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શુક્રવારે આંખનું ઓપરેશન કરાવ્યું હતું, એવું અધિકારીએ જણાવ્યું હતું. ૬૦ વર્ષના શિંદેને સર્જરી કરાવવા માટે બુધવારે થાણેની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડૉક્ટરોએ તેમને આરામ કરવાની સલાહ આપી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. લાડકી બહિણ યોજના સંબંધે તેઓ શિરડી જવાના હતા, પણ તબીબી કારણસર તેઓ હવે એ કાર્યક્રમમાં હાજરી આપી નહીં શકે, એવું અધિકારીએ વધુમાં જણાવ્યું હતું. સારવારને કારણે તેમના તમામ કાર્યક્રમો રદ કરવામાં આવ્યા હતા. (પીટીઆઈ)


| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# માતૃભૂમિના એમ. વી. શ્રેયમ્સ કુમાર ઈન્ડિયન ન્યૂઝપેપર સોસાયટીના પ્રમુખ બન્યા

નવી દિલ્હીઃ માતૃભૂમિના એમવી શ્રેયમ્સ કુમાર શુક્રવારે અખબારો, સામયિકો અને સામયિકોના પ્રકાશકોની સર્વોચ્ચ સંસ્થા ઇન્ડિયન ન્યૂઝપેપર સોસાયટીના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. કુમાર હાલના પ્રમુખ રાકેશ શર્મા (આજ સમાજ)નું સ્થાન લેશે. સોસાયટીની ૮૫મી વાર્ષિક સાધારણ સભા વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા યોજાઈ હતી.

સન્માર્ગના વિવેક ગુપ્તા ડેપ્યુટી પ્રેસિડેન્ટ, લોકમતના કરણ રાજેન્દ્ર દર્ડા અને અમર ઉજાલાના તન્મય મહેશ્વરીને સોસાયટીના માનદ્ ખજાનચી તરીકે ચૂંટાયા હતા. મેરી પોલ સોસાયટીના સેક્રેટરી જનરલ છે.

૪૧ સભ્યોની એક્ઝિક્યુટિવ કમિટીમાં ડેઈલી થંદીના એસ. બાલાસુબ્રમણ્યમ આદિત્યન, દૈનિક ભાસ્કર, ભોપાલના ગિરીશ અગ્રવાલ, પ્રગતિવાદીના સમાહિત બાલ, હિન્દુસ્તાન ટાઈમ્સ, પટનાના સમુદ્રા ભટ્ટાચાર્ય, બોમ્બે સમાચારના હોરમસજી એન. કામા, ફિલ્મી દુનિયાના ગૌરવ ચોપ્રા, પંજાબ કેસરી, જલંધરના વિજય કુમાર ચોપ્રા, લોકમત, નાગપુરના ડૉ. વિજય જવાહરલાલ દર્ડા, ચરઘીકલાના જગજિત સિંહ દાર્ડી, ધ ઈન્ડિયન એક્સપ્રેસ, મુંબઈના વિવેક ગોયન્કા, દૈનિક જાગરણના મહેન્દ્ર મોહન ગુપ્તા, ડાટાક્વેસ્ટના પ્રદીપ ગુપ્તા, દૈનિક જાગરણ, વારાણસીના સંજય ગુપ્તા, મિડ-ડેના શૈલેષ ગુપ્તા, બિઝનેસ સ્ટાન્ડર્ડના શિવેન્દ્ર ગુપ્તા, પુઢારીના યોગેશ પી. જાધવ, અજિતના સર્વિન્દર કૌર, દિનામલારના ડૉ. આર. લક્ષ્મીપથી, દૈનિક હિન્દુસ્તાન, અમરાવતીના વિલાસ એ. મરાઠે, વનીતાના એચ. મેથ્યુ, ગૃહશોભિકા, મરાઠીના અનંત નાથ, બાલાભૂમિના પી. વી. નિધિશ, સકાળના પ્રતાપ જી. પવાર, ધ સેન્ટિનલના રાહુલ રાજખેવા, દિનાકરનના આર. એમ. આર. રમેશ, ધ ટેલિગ્રાફના અતિદેબ સરકાર, નવભારત ટાઈમ્સના પાર્થા પી. સિંહા, ધ હિન્દુસ્તાન ટાઈમ્સના પ્રવીણ સોમેશ્વર, તરુણ ભારત, બેલગામના કિરણ ડી. ઠાકુર, મંગલમ પ્લસના બીજુ વરગીસ, ઈનાડુના આઈ. વેન્કટ, વ્યાપાર-જન્મભૂમિના કુંદન આર. વ્યાસ, ડેક્કન હેરાલ્ડ એન્ડ પ્રજાવાણીના કે. એન. તિલક કુમાર, ધ સ્ટેટ્સમેનના રવીન્દ્ર કુમાર, વેસ્ટર્ન ટાઈમ્સના કિરણ બી. વડોદરિયા, રાષ્ટ્રદૂત સાપ્તાહિકના સોમેશ શર્મા, મલાયલા, મનોરમાના જયંત મામ્મેન મેથ્યુ, હેલ્થ એન્ડ ધ એન્ટિસેપ્ટિકના એલ. આદીમૂલમ, ઈકોનોમિક ટાઈમ્સના મોહિત જૈન, સાક્ષીના કે. આર. પી. રેડ્ડી અને આજ સમાજના રાકેશ શર્માનો સમાવેશ થાય છે.



રાજ્યસભાના ભૂતપૂર્વ સાંસદ અને વિધાનસભ્ય એમ. વી. શ્રેયમ્સ કુમાર ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એસોસિયેશનના વાઈસ ચેરમેન અને માતૃભૂમિ પ્રિન્ટિંગ એન્ડ પબ્લિશિંગ કંપની લિ.ના મેનેજિંગ ડિરેક્ટર અને માતૃભૂમિ દૈનિક તેમ જ ૧૧ (અગિયાર) સામયિકોના પ્રકાશક છે. તેઓ ઈન્ડિયન ન્યૂઝપેપર સોસાયટી (આઈએનએસ)ના ડેપ્યુટી પ્રેસિડેન્ટ હતા. અત્યારે શ્રેયમ્સ કુમાર પીટીઆઈ (પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા)ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ પર છે. તેઓ કેરળ ટેલિવિઝન ફેડરેશનના ભૂતપૂર્વ પ્રમુખ છે. તેઓ ઈન્ટરનેશનલ એડવર્ટાઈઝિંગ એસોસિયેશન (ઈન્ડિયા ચેપ્ટર)ના મેનેજમેન્ટ કમિટી મેમ્બર છે. બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલા શ્રેયમ્સ કુમારના નેતૃત્વ હેઠળ 'માતૃભૂમિ'ની ૧૪માંથી નવ એડિશન ચાલુ કરવામાં આવી હતી. તેઓ ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અને લેખક સ્વ. એમ. પી. વીરેન્દ્ર કુમારના પુત્ર છે. મીડિયા અને એન્ટરટેનમેન્ટ ઉદ્યોગમાં તેમના અમુલ્ય યોગદાનને ધ્યાનમાં રાખીને તેમને ઈન્ટરનેશનલ પબ્લિશર ઓફ ધ યરનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. તેમને ગેમ ચેન્જર્સ લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ-૨૦૨૧ આપવામાં આવ્યો હતો. તેઓ યાત્રા પારાયથે નામના ટ્રાવેલોગના લેખક છે. ■

# યોગી આદિત્યનાથની પાકિસ્તાનના કટ્ટરપંથીઓને ચેતવણી

## આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાવાળું નવું ભારત

જમ્મુઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓને આકરી ચેતવણી આપતાં જણાવ્યું હતું કે હિંસા ભડકાવવાનો કોઈપણ પ્રયાસ તેમના સર્વનાશમાં પરિણમશે. આદિત્યનાથે આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાની નીતિ અને રામ મંદિર નિર્માણ જેવાં નોંધપાત્ર કામો પર પોતાના ભાષણમાં વાત કરી હતી. તેમણે રાજકીય લાભ માટે જમ્મુ અને કાશ્મીરનું શોષણ કરવા બદલ વિરોધ પક્ષોની ટીકા કરી હતી અને પ્રદેશમાં શાંતિ અને સમૃદ્ધિ લાવવા માટે કલમ ૩૭૦ નાબૂદ કરવાના પગલાંની પ્રશંસા કરી હતી.

'હું કહેવા માગું છું કે જો પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓ ક્યાંય પણ આતંકવાદને ઉશ્કેરવાનો પ્રયાસ કરશે, તો આ તેમનો સૌથી ખરાબ નિર્ણય હશે કેમ કે આના પછી તેમને નેસ્તનાબૂદ કરી નાખવામાં આવશે. આ એક નવું ભારત છે, જે આતંકવાદને સહન કરશે નહીં પરંતુ તેને કચડીને દાટી દેશે,' એમ યોગી આદિત્યનાથે ઉધમપુર જિલ્લાના રામનગર વિસ્તારમાં જાહેર રેલી દરમિયાન જણાવ્યું હતું.

તેમણે આતંકવાદ પ્રત્યે ભારતની શૂન્ય સહિષ્ણુતાની નીતિ પર ભાર મૂક્યો હતો અને ચેતવણી આપી હતી કે જમ્મુ અને કાશ્મીરમાં આતંક ફેલાવવાનો પ્રયાસ કરનારાઓને સંતાવા માટે કોઈ સ્થાન મળશે નહીં. અયોધ્યામાં રામ મંદિરના નિર્માણને સફળ શાસનના ઉદાહરણ તરીકે ટાંકીને ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાને કલમ ૩૭૦ નાબૂદ કરવાના નિર્ણયની પ્રશંસા કરી હતી અને જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ અને સમૃદ્ધિ લાવવાનું શ્રેય કલમ ૩૭૦ની નાબૂદીને આપ્યું હતું.

આદિત્યનાથે કૉંગ્રેસ, નેશનલ કોન્ફરન્સ અને પીડીપી જેવા વિરોધ પક્ષોની રાજકીય લાભ માટે જમ્મુ અને કાશ્મીરનું શોષણ કરવા અને આતંકવાદને પ્રોત્સાહન આપવા બદલ ટીકા કરી હતી. તેમણે કલમ ૩૭૦ નાબૂદ કરવાથી હિંસા થશે એવા અગાઉના દાવાઓને રદિયો આપતાં કહ્યું હતું કે વાસ્તવમાં આનાથી વિપરીત થયું છે. જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ આવી, વિકાસ અને પ્રગતિ થઈ અને લોકો ખુશ છે, તેને શ્રેષ્ઠ રાજ્યોમાંનું એક બનાવી દેવામાં આવ્યું છે.

ભ્રષ્ટાચાર, આતંકવાદ, અલગતાવાદ અને વંશવાદના દિવસો હવે પૂરા થઈ ગયા છે અને આગામી ચૂંટણીઓ પછી આ તત્ત્વોને કાયમી વિદાય આપવા પર મહોર લગાવી દેવામાં આવશે એમ ભારપૂર્વક તેમણે અંતમાં જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# એમસીડી સ્ટેન્ડિંગ કમિટીના સભ્યની ચૂંટણીમાં ભાજપની જીતઃ આપ અને કૉંગ્રેસ મતદાનથી રહ્યા દૂર

નવી દિલ્હીઃ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન સ્ટેન્ડિંગ કમિટીના છેલ્લા (૧૮મી) સભ્યની ચૂંટણી આમ આદમી પાર્ટી (આપ) અને ભાજપ વચ્ચેના વિવાદ વચ્ચે શુક્રવારે પૂર્ણ થઇ હતી. એમસીડી સ્ટેન્ડિંગ કમિટીની ચૂંટણીના પરિણામો જાહેર કરાયાં હતાં. એક ખાલી પદ પર ભાજપનો વિજય થયો છે. એમસીડી સ્ટેન્ડિંગ કમિટીમાં સભ્યની ખાલી પડેલી જગ્યા પર ભાજપના કાઉન્સિલર સુંદર સિંહ તંવરે જીત મેળવી છે. તેમને ૧૧૫ મત મળ્યા હતા, જ્યારે તેના હરીફ આમ આદમી પાર્ટીના ઉમેદવારને એક પણ મત મળ્યો ન હતો.

મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પડેલા મતોની ગણતરી કરવામાં આવી હતી. મતગણતરી બાદ ભાજપના ઉમેદવાર સુંદર સિંહને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આ જીત સાથે એમસીડી સ્ટેન્ડિંગ કમિટીમાં ભાજપને બહુમતી મળી છે. હવે સમિતિના અધ્યક્ષ ભાજપના જ હશે. સુંદર સિંહની તરફેણમાં ૧૧૫ વોટ પડ્યા જ્યારે વિરુદ્ધમાં શૂન્ય વોટ પડ્યા હતા.

ખાસ વાત એ છે કે આમ આદમી પાર્ટી અને કૉંગ્રેસના કોર્પોરેશન કાઉન્સિલરોએ ચૂંટણીમાં ભાગ લીધો ન હતો. એલજીના આદેશનો વિરોધ કરીને આપે ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો. નોંધનીય છે કે આમ આદમી પાર્ટીએ નિર્મલા કુમારીને મેદાનમાં ઉતાર્યાં હતાં.

માત્ર ૧૧૫ કાઉન્સિલરોએ ચૂંટણીમાં ભાગ લીધો હતો, જ્યારે ગૃહમાં ૨૪૯ કાઉન્સિલરો છે. આમ આદમી પાર્ટી અને કૉંગ્રેસના કાઉન્સિલરોએ ચૂંટણીમાં ભાગ લીધો ન હતો. હવે સ્થાયી સમિતિમાં ભાજપને બહુમતી મળી છે. સમિતિના ૧૮ સભ્યોમાં ભાજપના ૧૦ અને આમ આદમી પાર્ટીના ૮ સભ્યો છે. સમિતિના ચેરમેન અને વાઇસ ચેરમેનપદ માટેની ચૂંટણીમાં ભાજપની જીત નિશ્ચિત જણાય છે. સમિતિની આ બંને જગ્યાઓ માટે આવતા મહિને ચૂંટણી યોજાય તેવી શક્યતા છે. એમસીડીમાં સ્થાયી સમિતિના ૧૮મા સભ્યની ચૂંટણી માટે કુલ ૨.૫ કલાકનો સમય આપવામાં આવ્યો હતો, પરંતુ ચૂંટણી માત્ર એક કલાકમાં પૂરી થઈ ગઈ હતી. કારણ કે ભાજપના કાઉન્સિલરોએ જ મતદાન કર્યું હતું. ■

**દુઃખદ અવસાન**
**ખતીજા કાકા**
તે મોહમ્મદભાઈ મુનીમની **પુત્રી.**
સફાકત કાકાની **પત્ની**
અને ફઝલ અને કાયદ કાકાની **માતા**
**૨૬મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ**
અવસાન પામેલ છે

# કાશ્મીરના લોકોએ ગોળીઓને નકારી, મતપત્રો પસંદ કર્યાઃ જે પી નડ્ડા

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે અને કોઈપણ હિંસા વિના યોજાઈ રહી હોવાનું ભારપૂર્વક જણાવતા, ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ જેપી નડ્ડાએ શુક્રવારે કહ્યું હતું કે કેન્દ્ર શાસિત પ્રદેશના લોકોએ શાંતિ અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને ગોળીઓને નકારી કાઢી છે અને મતદાનની પસંદગી કરી છે.

અહીં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા નડ્ડાએ એમ પણ કહ્યું કે કાશ્મીરના યુવાનો રાષ્ટ્રીય મુખ્ય પ્રવાહમાં જોડાયા છે અને આતંકવાદ અને હિંસાનો અસ્વીકાર કર્યો છે.

નડ્ડાએ કહ્યું, ''આ એક ઐતિહાસિક પ્રસંગ છે જ્યારે જમ્મુ અને કાશ્મીરના લોકોએ ગોળીઓને નકારી કાઢી છે અને મતપત્રનો માર્ગ પસંદ કર્યો છે. તેઓએ ગોળીઓનો જડબાતોડ જવાબ આપ્યો છે.'' ■

# તહેવારોમાં રેલવે ૬૦૦૦ સ્પેશ્યલ ટ્રેનો દોડાવશે

નવી દિલ્હીઃ તહેવારોની સિઝન નજીક આવી રહી છે. જેને ધ્યાનમાં રાખીને ભારતીય રેલવેએ દુર્ગા પૂજા, દિવાળી અને છઠના અવસર પર એક કરોડથી વધુ મુસાફરોની સુવિધા માટે ૬,૦૦૦ વિશેષ ટ્રેનો દોડાવવાનો નિર્ણય લીધો છે.

રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે તહેવારો દરમિયાન ભારે ભીડને ધ્યાનમાં રાખીને ૧૦૮ ટ્રેનોમાં વધારાના જનરલ કોચ ઉમેરવા ઉપરાંત ૧૨,૫૦૦ કોચને મંજૂરી આપવામાં આવી છે. ખાસ કરીને બિહાર, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ જતા ઘણા રેલવે રૂટ્સ પર દુર્ગા પૂજા, દિવાળી અને છઠના તહેવારો દરમિયાન ભારે ભીડ હોય છે. વૈષ્ણવે જણાવ્યું હતું કે આ વર્ષની તહેવારની સિઝન માટે અત્યાર સુધીમાં કુલ ૫,૯૭૫ વિશેષ ટ્રેનોને સૂચિત કરવામાં આવી છે.■


ચોથી પુણ્યતિથીએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મઃ ૨૯.૦૯.૧૯૫૫
શ્રીજીચરણઃ ૨૮.૦૯.૨૦૨૦

શ્રી મનહરલાલ (મનુભાઈ) બળવંતરાય મહેતા
ગામઃ સેંદરડા Founder: MAXUS MALL & MAXUS CINEMA

તમે પુરૂષાર્થ ભર્યું જીવન જીવી ગયા,
બીજાને માટે ચંદનની જેમ જાતે ઘસાઈને મહેક પ્રસરાવી ગયા.
સ્નેહ અને વાત્સલ્યનું ઝરણું વહાવીને અમ સહુંના હૃદયને ભીંજવી ગયા.
તમારા સુવિચારો, સદગુણો, સંસ્કાર અને આત્મીયતા
અમારામાં રહે તે ભાવના સાથે શ્રદ્ધાંજલિ.

પરમકૃપાળુ શ્રીજી બાવાના શરણમાં દિવ્ય આત્મા પરમસુખ અને શાશ્વત શાંતિ પામે એજ પ્રાર્થના.

પત્નિઃ વર્ષાબેન, પુત્ર-પુત્રવધુઃ રસેશ – હેતલ, વિશાલ – ખુશી,
પૌત્રઃ પ્રમય તથા સર્વે મહેતા પરિવારના જય શ્રી કૃષ્ણ
BIJAL ADS



મુંબઈ સમાચાર દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે
બૃહદ મુંબઈ નવરાત્રિ મહાસ્પર્ધા
રોજેરોજ ઈનામોની વણઝાર
રમો ઝૂમો અને જીતો
૩ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર સુધી...
મુંબઈ સમાચારની મહાસ્પર્ધા મુંબઈનાં મુખ્ય સેન્ટરોમાં યોજવામાં આવી છે, જેમાંથી રોજેરોજ અનેક કેટેગરીમાં વિજેતાઓની પસંદગી કરવામાં આવશે. વિજેતાઓનો ફાઈનલ રાઉન્ડ રમાડવામાં આવશે.
મહાસ્પર્ધામાં પ્રોફેશનલ જજની નિમણૂક કરવામાં આવી છે અને તેમના દ્વારા પસંદગી કરાયેલા વિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવશે
મહાસ્પર્ધામાં બમ્પર ઈનામોઃ થાઈલેન્ડ ટ્રિપ (૧૦ કપલ), ભૂતાનની ટિકિટ - સ્ટે (બે કપલ), ઓલ ઈન્ડિયા હોટેલ વાઉચર્સ, ગિફ્ટ વાઉચર્સ તેમ જ ટ્રોફી વત્તા લાખોનાં રોકડ ઈનામો તો છોગામાં.
આટલું જ નહીં, રોજેરોજ જે ખેલૈયાઓ વિજેતા બનશે તેમનો ફોટો અને અહેવાલ મુંબઈ સમાચારમાં પ્રકાશિત કરવામાં આવશે.
...તો ગરબાની રમઝટ બોલાવવા માટે થઈ જાવ તૈયાર
ફાઈનલ રાઉન્ડની અને અન્ય સેન્ટરોની યાદી માટે જોતા રહો મુંબઈ સમાચાર
પ્રાયોજકઃ Chandan MOUTH FRESHENER Khane Ki Happy Ending! NanoNine INNOVATIVE KITCHENWARE Renddezvous where soulmates meet
JVM SPACES a mehta group venture
B SEEN GET NOTICED HAIRLOGIC THE RIGHT BASICS Gifting partners
B.N.JEWELLERS INDIA PRIVATE LIMITED. Trophy partner
RACHNA SALON Since 1980
Since 1983 HARI HARI HAIR STUDIO Gifting partners
Tripz2Thailand
સહયોગઃ જિતુભાઈ મહેતા, દુષ્યંત સોની, અમિત સોની અને મનીષા શેઠ
DIGITAL GLOBAL GARBA
visit: www.bombaysamachar.com



રાજુ ગાંધી પ્રોડક્શનનું
ચેતન ગાંધી, ઉમેશ શુકલ નિર્મિત
કિરણ ભટ્ટ પ્રસ્તુત
પ્રવીણ સોલંકી લિખિત
ફિરોઝ ભગત દિગ્દર્શિત
નિમેષ દિલીપરાય અભિનિત
કાર્યકારી નિર્માતા ચિત્રક શાહ, કિરણ માલવણકર
★ નેહા પકાઈ, શિલ્પા પટેલ તથા તપન ભટ્ટ અને દાનેશ ગાંધી
કાલે સાંજે ૭.૩૦ નહેરૂ
વર્લી, Ph. 40245408, 9892629810 બુ./ટેલી બુ. ૧૦-૬ Online: bookmyshow
બે પેઢીઓ વચ્ચેના સંઘર્ષની વાતનું અફલાતૂન નાટક -ગુજરાત સમાચાર
માણસ અને માણસાઈ વચ્ચેનું... યુદ્ધ
No. 1 SUPER HIT
Show Cont. 9867236781 7977916660 9321144944
Deepak Somaiya



દહિસર-મીરા રોડ ખાતે જોવાની આખરી તક - Don't Miss - Last Chance!
આજે રાત્રે ૮ લતા મંગેશકર
બુ. આખો દિવસ Tele Booking Cont. 9892740827, 9769380954 Online: bookmyshow
LAST CHANCE TO SEE IN NEHRU AUDITORIUM કાલે બપોરે ૩.૩૦ નહેરૂ
વર્લી, બુ./ટેલી બુ. ૧૦-૬ Ph. 40245408, 9892629810
સિદ્ધાર્થ રાંદેરિયા દિગ્દર્શીત-અભિનિત • ૬ ઓક્ટો. સાંજે ૪ અસ્પી
INTERNATIONAL HIT COMEDY !
Bluffmaster ગુજ્જુભાઈ
લેખકઃ પ્રવિણ સોલંકી ★ તેજલ વ્યાસ
Show Cont. 9819131990, 9321144944, 9769380954
Deepak Somaiya



શરદપૂનમની ચાંદની રાતે
ગુજરાતી ગીતોની મહેફિલ
દીપક કાપડિયા પ્રસ્તુત
ગીત ગુંજન
પ્રશાંત રાવ (સંચાલન) અલોક કાટદરે મુખ્તાર શાહ કવિતા મુર્તી સૌમ્યા વર્મા અજય મદન (સંગીત)
બુધઃ ૧૬ ઓક્ટો. સાંજે ૭ નહેરૂ -વર્લી
ટિકિટ માટે સંપર્કઃ દીપક કાપડિયાઃ 9869000614
Deepak Somaiya



આજે સાંજે ૭.૩૦ ભવન
ચોપાટી, બુ./ટેલી બુ. આખો દિવસ Ph. 23698085, 9819928509
FREE VALET PARKING AVAILABLE Online: www.bookmyshow.com
TEJRAJ
કોમેડીના રાજાનું ધમાકેદાર આગમન...
તેજસ ગોહિલ પ્રસ્તુત
ભાવિશા ગોહિલ નિર્મિત
સંજય ઝા-રાહુલ અંતાણી લિખિત
રાહુલ અંતાણી દિગ્દર્શિત
હેમંત ઝા in & as
જાત સાથે જાતેજ છેક સુધી લડયો એક વચન આપી...
ચંદુ ચકડોળે ચડ્યો
કલાકારોઃ ભાવિશા ગોહિલ, તુષાર કાપડિયા, બીજલ મહેતા, ધ્રુવેશ ભટ્ટ, ફાગુન પ્રસાદ પડવલ અને રાહુલ અંતાણી
METRO Show Cont: 9867675779
Deepak Somaiya



કળિયુગમાં અંગુઠો કાપીને નહિ, અંગુઠો બતાવીને બનાય...
AMARDIP Online: bookmyshow
એકલવ્ય
કાલે સાંજે ૭.૩૦ ભવન
ચોપાટી - FREE VALET PARKING
બુ./ટેલી બુ. ૯-૧૨,૪-૭ (23698085, 9022265381)
બુધઃ ૨ ઓક્ટો. (ગાંધી જ્યંતિ-રજા) સાંજે ૭.૩૦ તેજપાલ
બુ./ટેલી બુ. ૯-૧૨,૪-૭ (23802679, 9022265381)
રવિઃ ૮ ડિસે. રાત્રે ૯ પ્રબોધન ઠાકરે
વિશાલ ગોરડિયા પ્રસ્તુત
ભરત નારાયણદાસ ઠક્કર નિર્મિત
વિપુલ મહેતા લિખિત-દિગ્દર્શિત
કૃતિકા દેસાઈ-મેહુલ બુચ અભિનિત
મૂળકૃતિઃ સુદિપ મોડક વિશેષ આભારઃ મનીષ પટેલ
Show Cont.: 9820437187, 9320085142
Deepak Somaiya



LLDC/ભવન-અંધેરીની સ્પર્ધામાં સૌથી વધુ ૮ એવોર્ડ જીતનાર નાટક
કાલે સાંજે ૭.૩૦ તેજપાલ
બુ./ટેલી બુ. ૯-૧૨,૪-૭ Ph. 9833992432
Online: bookmyshow
વિષયની તાકાત અને લાજવાબ અભિનયથી હાલમાં ચાલતાં નાટકોમાં સૌથી વધુ વખણાયેલું દમદાર નાટક !
RUBAROO productions
સંબંધો સ્પર્શ વિનાના
Show Cont. 9833992432
Deepak Somaiya



કાલે (રવિ) સવારે ૧૦:૩૦ ભવન ચોપાટી
₹૩૦૦,૨૦૦, ૧૦૦ (બુ.૯-૧૨,૪-૭)
ફોન 23698085, 9372052808
સાહિત્ય કલા સંપદા દ્વારા
ભારતીય વિદ્યા ભવન
કલા કેન્દ્રને સથવારે ૮૩મી પ્રસ્તુતિ
ભાવનગર સ્થિત વિખ્યાત વિચારક અને લોકપ્રિય વક્તા
ડૉ. નિમિત્ત ઓઝા
પ્રથમ વાર મુંબઈમાં
પ્રીતિ અને પ્રતીતિની વાતો
નિમિત્ત માત્ર
સંયોજન
ઉદયન ઠક્કર-નિરંજન મહેતા
આયોજન સહાયઃ અજિંક્ય સંપટ



પ્રકરણ ૭૩

# વેર-વિખેર

■ કિરણ રાયવડેરા

ઘરની દરેક વ્યક્તિ એમ માનતી હતી કે જગમોહનનો દુશ્મન હોઈ શકે લખુકાકા અને જગમોહનના અપવાદ સિવાય...

'કાકુ, આપણે હવે સ્વબચાવ કેવી રીતે કરવો એ વિશે વાત કરીએ તો વધુ સારું...' ગાયત્રીને લાગ્યું કે મૂળ મુદ્દો ભુલાઈ રહ્યો છે.

'ગાયત્રી', જગમોહને ભારે હૈયે કહ્યું :

'પહેલાં મને આશ્ચર્ય થતું હતું કે કોઈ મારું અપહરણ કરવા શું કામ ઈચ્છે? મને મારવા શા માટે તડપે? પણ આજે મારાં જ સ્વજનોની ચુપકીદીએ મને સમજાવી દીધું કે વાંક મારો છે. જો હું મારા અંગત જનોને ઈજા પહોંચાડી શકતો હોઉં તો બહારના અજાણ્યા સામે ભૂલ કરી જ હોય...' થોડી ક્ષણ અટકીને જગમોહને ફરી શરૂ કર્યું :

'એની વે, એક વાત સ્પષ્ટ છે કે તમને બધાંને મારી સામે ફરિયાદ છે...' એટલે હું અહીં બે વાત કહેવા ઈચ્છીશ...'

દરેકના કાન સરવા થઈ ગયા.

એક નજર ઘરના તમામ સભ્ય સામે ફેંકીને જગમોહને વાતનું અનુસંધાન મેળવ્યું.

'આવનારા દિવસોમાં કંઈક અઘટિત બની જાય અને મને કંઈ થઈ જાય તો હું અહીં જ અત્યારે બધાંની માફી માગી લઉં છું...'

ગાયત્રીની આંખોમાં ઝળઝળિયાં ઊભરાઈ આવ્યાં.

'અને બીજી વાત... મેં મારું વસિયતનામું બનાવી રાખ્યું છે. મારા ટેબલના ઉપરના ખાનામાં લાલ ફોલ્ડર રાખ્યું છે. મારી ગેરહયાતીમાં એ તમને ઉપયોગી નીવડશે.'

ઘરમાં બધાં સ્તબ્ધ થઈ ગયાંજગમોહન ઊભો થઈને ધીમા પગલે બહાર નીકળી ગયો.

************

'તમે મીટિંગમાં ચૂપ રહ્યા એ સારું નથી કર્યું' વિક્રમ ઑફિસે જવાની તૈયારી કરતો હતો ત્યારે પૂજાએ એને કહ્યું.

ટાઈની નોટ સરખી કરતાં વિક્રમે કંઈક કહેવા પાછળ જોયું, પણ પછી ફરી તૈયાર થવામાં લાગી ગયો.

'કેમ જવાબ ન આપ્યો? પપ્પા આટલા ડિસ્ટર્બ હોય ત્યારે તમે એમની પડખે ઊભા રહેવાને બદલે આમ દૂર દૂર રહો એ અજુગતું લાગે છે...' પૂજાએ પોતાની વાત પકડી રાખી.

'તો તું શું ઈચ્છે છે? હું શું કરું? પપ્પાની આસપાસ એમની રક્ષા કરવા પહેરો દેતો રહું?' વિક્રમ ખિજાયો.

પેલી શ્યામલીનો જીવ જોખમમાં હોત તો એની આસપાસ પહેરો દેત કે નહીં?'

વિક્રમ સમસમી ગયો.

બીજાને આપણી કમજોરીની ખબર પડી જાય ત્યારે અવારનવાર એ નબળાઈને લઈને મર્મસ્થાન પર ઘા માટેની તૈયારી રાખવી પડે. પ્રતિકાર કરી ન શકાય કે બચાવ પણ ન થઈ શકે. ફક્ત હોઠ સીવીને ચૂપચાપ સહન કરી લેવું પડે.

વિક્રમના જીવનમાં શ્યામલી નામનું પ્રકરણ બધાંએ વાંચી લીધું હતું. ખાસ કરીને પૂજાએ... સૌથી વધુ નુકસાન પણ પૂજાને જ થયું હતું. કોઈ પણ સ્ત્રી એના પતિને બીજી સ્ત્રી સાથે વહેંચવા ન ઈચ્છે.

'વિક્રમે બગડતી બાજીને સુધારી લેવા પ્રયાસ કર્યો: 'પૂજા' તું જ મને કહે કે આમાં હું શું કરી શકું? પપ્પાને કોઈ ધમકી આપે એમાં મારો શું વાંક? હું તો એ દુશ્મનને કહેવા નહોતો ગયો કે તું પપ્પાને ધમકી આપ...'

'એ મને કેમ ખબર પડે?' પૂજાએ સંભળાવી દીધું.

'પૂજા, આર યુ મેડ? મારે પપ્પા સાથે ગમે તેવા મતભેદ હોય તો પણ હું એવું તો ન જ કરું ... હા, એમની સાથે નારાજ રહું... એમની સાથે વાત ન કરું, એ જુદી વાત છે , પણ...'

વિક્રમનો સ્વર ઊંચો થઈ ગયો. ગઈ કાલે સાંજથી એનું માથું ખરાબ હતું.

પોલીસ સ્ટેશનથી એ સીધો મૌલાલી પહોંચ્યો હતો. મૌલાલીમાં ડિવાઈન ગેસ્ટહાઉસ' શોધતાં એને ચાલીસ મિનિટ થઈ ગઈ હતી. એ ગેસ્ટહાઉસ પર જઈને જ્યારે એણે પૂછ્યું હતું :

'મારે અજિત ઉપાધ્યાયને મળવું છે...'

'એ તો હમણાં અડધો કલાક પહેલાં જ ચેક આઉટ કરી ગયા...' રિસેપ્શનિસ્ટે કહ્યું. વિક્રમે હતાશામાં હાથ મસળ્યા હતા. શિકાર હાથમાં આવતાં આવતાં રહી ગયો હતો.

'થોડી વાર પહેલાં પોલીસ પણ એમને શોધતાં આવી હતી. સર, શું વાત છે? કોઈ પ્રોબ્લેમ ?' રિસેપ્શનિસ્ટે પૂછ્યું.

'ના... નો પ્રોબ્લેમ...' કહીને વિક્રમ ત્યાંથી નીકળી ગયો હતો. ત્યાર બાદ ઘરે આવીને ડાઈનિંગ ટેબલ પર પપ્પા સાથે બોલાચાલી થઈ ગઈ હતી. રાતના પૂજાએ એના સાળા જય બાબત વાત કરી હતી અને હવે પૂજા એને ઑફિસ જવામાં મોડું કરાવતી હતી.

'પૂજા, મારે ઑફિસે જવું છે. પપ્પા આજે કદાચ ન જાય તો મારે વહેલાં જવું પડે...' આજકાલ ઘરની બહાર નીકળીને વિક્રમ નિરાંતનો શ્વાસ લેતો હતો. પૂજાની હાજરીથી એને ભય લાગતો હતો. ક્યાંક શ્યામલીનો ઉલેખ કરી બેસે તો...

'પૂજા, કાલે તું શા માટે બોલી હતી કે આવનારા બે દિવસો આપણા પરિવાર માટે ભારે છે?'

'હું બોલી હતી? ક્યારે? મને તો યાદ જ નથી...! '

'ઓહ...' કહીને વિક્રમ ભારે પગલે બહાર નીકળી ગયો. એનો અર્થ એ કે આ પૂજાની આગાહી હતી. એની છઠ્ઠી ઈન્દ્રિય ફરી સતેજ થઈ ગઈ હતી.

શું થશે? વિચાર કરતાં વિક્રમનું હૃદય ધબકાર ચૂકી જતું હતું.

************

કુમાર થાકી ગયો હતો.

ગઈ કાલે સાંજથી એ દોડદોડ કરતો હતો. ગેસ્ટહાઉસ છોડી દેવાનો વિચાર એને બે દિવસથી આવતો હતો. ખાસ કરીને પોલીસ ઈન્કવાયરી કરવા આવી ત્યારે તો ત્યાંથી ભાગી જવાની ઈચ્છા થઈ ગઈ. પોલીસને શંકા ન પડે એ માટે એ વધુ બે દિવસ રોકાયો હતો.

ગઈ કાલે સાંજના તો એને થતું હતું કે હવે એક દિવસ પણ વધુ રહેવું જોખમકારક થઈ પડશે. એ તાબડતોબ ગેસ્ટહાઉસ ખાલી કરીને અલીપુરમાં કોઈ સાધારણ હોટેલની શોધમાં નીકળી ગયો.

ગેસ્ટહાઉસના મેનેજરને એણે કહ્યું કે એ રાતની ટ્રેનથી ચાઈબાસા જાય છે અને પંદરેક દિવસ પછી ફરી આવશે.

સામાન લઈને એણે મૌલાલીથી અલીપુર જવા ટેક્સી પકડી હતી. એની ઈચ્છા અલીપુર વિસ્તારમાં જ રહેવાની હતી.

જગમોહન દીવાનનું-વિક્રમનું ઘર અલીપુરમાં હતું એટલે શિકારની જેટલા નજીક રહેવાય એટલું સારું. જ્યારે પણ તક મળે ત્યારે ત્રાટકી શકાય.

હજી એક મહત્ત્વનું કામ બાકી હતું.

એક હથિયારનો બંદોબસ્ત કરવાનો હતો. રિવોલ્વર ખરીદવા જેટલા પૈસા હતા નહીં. શ્યામલીના મૃત્યુ બાદ તુરત જ રૂપિયા લેવા એ ફ્લેટમાં જાય તો કોઈને શક પડે એટલે એવું જોખમ લેવા નહોતો માગતો.

એક સરસ મજાની લાંબી તીક્ષ્ણ છરીથી પણ મોત નીપજી શકે. સસ્તી અને અસરકારક. અવાજ પણ ન કરે. હા. રિવોલ્વર ચલાવવા જેટલું સહેલું કામ તો નહોતું જ. રિવોલ્વરમાં તો ઘોડો દબાવો, ગોળી છૂટે અને સામેવાળી વ્યક્તિ ઢળી પડે. જ્યારે અહીં શિકારના પેટમાં ચાકુ ઘુસાડવામાં બળ પડે. એણે સાંભળ્યું હતું કે ફક્ત પેટમાં ખૂંચાડી દેવાથી જ તાત્કાલિક મૃત્યુ નથી થતું. પેટમાં ચાકુને પેટમાં ગોળ ગોળ ઘુમાવવું પડે, જેથી બચવાની શક્યતા જ ન રહે. મહેનત થોડી વધુ છે પણ મર્ડર કરવાની આ રીત વધુ સલામત અને સસ્તી છે.

'એકાદ કલાકની પૂછપરછ બાદ એને પેરેડાઈઝ' નામની એક સાધારણ હોટલ નજરે ચડી હતી. હોટલ રિસેપ્શન પર વિધિ પતાવ્યા બાદ એ એક નાનકડી ઓરડીમાં આડો પડ્યો હતો.

કાલે બજારમાં જઈને છરી ખરીદી આવશે, એણે વિચાર્યું. એણે હોટલની રૂમથી ડિવાઈન ગેસ્ટહાઉસ' નો નંબર માગ્યો. એના ચેક આઉટ થયા બાદ કોઈ એની પૃચ્છા કરવા આવ્યું હતું કે નહીં એ જાણી લેવું જોઈએ.

'હલ્લો...' લાઈન મળતાં જ કુમારે વાત શરૂ કરી: હું અજિત ઉપાધ્યાય બોલું છું. સ્ટેશનથી બોલું છું. મારા ગયા બાદ મારા માટે કોઈ કોલ કે મેસેજ હતા ?'

'ના, ફોન તો નહોતો, પણ, પોલીસ તમને શોધતાં આવી હતી.'

કુમારનું શરીર ઠંડું પડી ગયું. પોલીસ શા માટે શોધતી આવી હતી? એણે સ્વસ્થતા ધારણ કરીને જવાબ આપ્યો :

'નો પ્રોબ્લેમ, હું થાણામાં વાત કરી લઉં છું. મારો મોબાઈલ ચોરાઈ ગયો છે એટલે એની કમ્પ્લેઈન કરવા હું પોલીસ સ્ટેશને ગયો હતો. કદાચ એ સંબંધમાં પોલીસ પૂછતી હશે. કદાચ મારો મોબાઈલ મળી પણ ગયો હોય... એની વે, બીજું કોઈ ?'

'હા, એક સજ્જ્ન તમને મળવા આવ્યા હતા...'

રિસેપ્શનિસ્ટે જે વર્ણન કર્યું એના ઉપરથી તો કુમારને અંદાજ આવી ગયો કે વિક્રમ દીવાન એને શોધવા આવ્યો હશે.


જુમારે લાઈન કટ કરી.. વિક્રમ એને મળવા શા માટે આવે? વિક્રમને કેવી રીતે ખબર પડી કે એ 'ડિવાઈન'માં રોકાયો હતો? જ્યારથી એ શ્યામલીના ફ્લેટની બહાર એની સાથે અથડાયો હતો ત્યારથી એને કદાચ શક પડ્યો હશે. એનો અર્થ એ થયો કે વિક્રમને કદાચ એની સાચી ઓળખ વિશે ખબર પડી ગઈ હશે.

ખેર, હવે શું ફરક પડે છે? વિક્રમ કદાચ પોલીસમાં ફરિયાદ કરવા જશે તો પણ પોલીસ એની ભાળ નહીં મેળવી શકે.... અને એક વાર એ જગમોહન દીવાનની હત્યા કરી નાખે પછી તો વિક્રમ એની પાછળ પડવાની સ્થિતિમાં જ નહીં રહે.

'મિસ્ટર વિક્રમ દીવાન,' પેરેડાઈઝ હોટલની નાનકડી ઓરડીની દીવાલો કુમારના અવાજથી ગુંજી ઊઠી :

'આજે જેમ હું શ્યામલી વિના પાગલ જેવી જિંદગી ગાળી રહ્યો છું એવી જ રીતે તારા બાપ વિના તું પણ ભટકતો રહીશ જિંદગીભર.... તારી પાસે પૈસો હશે, એશઆરામ હશે, પણ એ વ્યક્તિ નહીં હોય જેને તું ખૂબ ચાહતો હો.'

'પેરાડાઈઝ હોટેલ' સામેની ચાની દુકાનમાં ચા પીતો એક માણસ કુમારના આ શબ્દો સાંભળી નહોતો શકતો. એને સાંભળવાની જરૂર પણ નહોતી. એનું કામ કુમારની હિલચાલ પર નજર રાખવાનું હતું.




************

'ગાયત્રી, બહુ જ પીડા થાય છે, આજે આ ઉંમરે આ દિવસ જોવાનો વારો આવ્યો.' જગમોહનના અવાજમાં ભારોભાર વેદના છલકાતી હતી.

ગાયત્રીએ સહજતાથી જગમોહનના ખભા પર હાથ મૂક્યો :

'કાકુ, તમે હિંમત નહીં હારો. હાલના તબક્કે તમારે ફક્ત એક જ વાત પર વિચાર કરવાનો છે એ છે તમારી સુરક્ષા... બીજી બધી વાતો પછી થઈ શકશે.'

'ઘણી વાર લાગે કે જીવવા માટે આપણે આટલાં ફાંફાં મારીએ પણ આખરે એ બધું કોના માટે? ગાયત્રી, હું આત્મહત્યા માટે પણ આ જ વિચાર કરીને નીકળેલો. દરેકને જિજીવિષા હોય પણ જીવનનો હેતુ તો હોવો જોઈએ. એક અર્થ તો હોવો જોઈએ. માની લે કે એક લાંબી લડાઈ લડ્યા બાદ હું મારા દુશ્મનને હરાવી દઉં અને જીવી પણ જાઉં પણ પછી? મારાં જ સ્વજનો, મારાં જ આપ્તજનો મને કોઈ પણ શસ્ત્ર વિના ઈજા પહોંચાડ્યા કરે અને મારે તરફડિયાં મારતા રહેવાનાં... એવું જીવન શું કામનું?'

ગાયત્રીએ કોઈ જવાબ ન આપ્યો.કદાચ એની પાસે આનો જવાબ પણ નહતો...

'ગાયત્રી, તેં મારી જિંદગી બચાવી છે. મારી બધી શંકાનું સમાધાન તેં કર્યું છે. મારી આ વાતની કોઈ પ્રતિક્રિયા નહીં આપે?'

જગમોહનની વાણીમાં કાકલૂદી હતી. ગાયત્રીની આંખ ભીની થઈ ગઈ : આ માણસની લાઈફ મેં બચાવી છે એટલે એને તકલીફ ન પડે એ જોવાનું કામ પણ મારું છે...

'કાકુ, મારા પિતા હંમેશાં કહેતા કે સત્ય ફક્ત એક જ વ્યક્તિ બોલતી હોય છે. વિરોધમાં લોકોની સંખ્યા ભલે ગમે તેટલી હોય પણ તેનાથી સત્ય બદલાઈ નથી જતું અને એક વાત તો તમે પણ જાણો છો કે સત્યમાં ઉમેરો કે ઘટાડો થવાથી એ સત્ય રહેતું નથી... એટલે તમને જો તમારામાં આત્મવિશ્વાસ હોય તો આત્મબળ પોતાની મેળે પ્રગટશે. તમારામાં એ આત્મબળનો અભાવ એ જ દેખાડે છે કે ક્યાંક ઊંડે ઊંડે તમારી ભૂલ તમને સમજાય છે. તમે ભલે કબૂલતા ન હો પણ અંદરખાને તમને ભય છે કે તમારું સત્ય પણ અધૂરું છે.' બોલતી વખતે ગાયત્રીને એના પિતા યાદ આવ્યા.

જગમોહન વિચારમાં પડી ગયો. થોડી વાર બાદ એ બોલ્યો :

'યસ, ગાયત્રી યુ આર રાઈટ! મારામાં એ શક્તિ નથી આવતી એનું કારણ એ જ છે કે ભૂલ ક્યાંક મારી થાય છે, પણ તને એક વચન આપું છું કે મારા શત્રુ સાથેના યુદ્ધમાં જો હું જીવતો બચી જઈશ તો મારા પરિવારજનોનાં દિલ હું ફરીથી જીતી લઈશ. એમની બધી ફરિયાદો હું દૂર કરી દઈશ. તારી વાત સાચી છે. હું મારી જાતને જ છેતરતો હતો. હું સાચો નથી. હું મારી રીતે ખુદને સાચો માનીને જીવતો રહ્યો એટલે બધાં સાથે અંતર વધતું ચાલ્યું... પણ જો હું જીવી જઈશ તો બધા વચ્ચેનું આ અંતર ઘટાડી દઈશ. પ્રોમિસ...!' જગમોહન ગળગળો થઈ ગયો હતો.

'કાકુ, તમે જીવશો જ. તમને કોઈ મારી નહીં શકે. હું તમારી સાથે છું. કાકુ, મેં તમને પહેલી વખત બચાવ્યા હતા. બીજી વખત પણ તમને બચાવવાની જવાબદારી મારી... ઓ.કે...!'

જગમોહને ભાવાવેશમાં ગાયત્રીનો હાથ પકડી લીધો.

'ગાયત્રી, જીવન જ્યારે ફરી જીવવા જેવું લાગે ત્યારે છીનવાઈ ન જાય તો સારું.' જગમોહનનો અવાજ તૂટતો હતો :

'આજે થાય છે કે ઉપરવાળો એક મોકો આપે તો મારી બધી ભૂલો સુધારી લઉં...'

'અરે, મારી જિંદગીની સિલકમાં ઘણાં વરસો પડ્યાં છે. થોડાં તમે રાખી લો ને..! '

જગમોહને હસવાની કોશિશ કરી. એ હસ્યો પણ ખરો ...તરડાયેલું !

'કાકુ, હવે બહુ થયું. ચાલો, હવે કામે વળગો. પહેલું કામ છે તમારી રિવોલ્વર શોધવાનું. હમણાં જ રિવોલ્વરને શોધવાનું શરૂ કરી દો...' ગાયત્રીએ વિષય અને મૂડ બદલતાં કહ્યું.

'યસ... યસ... તેં ઠીક યાદ દેવડાવ્યું. હું હમણાં જ શોધું છું.' કહીને જગમોહન રૂમની બહાર નીકળી ગયો અને પોતાના બેડરૂમમાં આવ્યો.રૂમમાં પ્રભા નહોતી.

વોર્ડરોબ તરફ જવાને બદલે એ પોતાના રાઈટિંગ ટેબલ તરફ આવ્યો. જગમોહને ઉપરનું ખાનું ખોલ્યું. લાલ રંગનું ફોલ્ડર બહાર કાઢ્યું. વસિયતનામાને બદલવાનો સમય આવી ગયો છે.

ગાયત્રીનું નામ ઉમેરવાનું છે...!

ગાયત્રીનો કેટલો હિસ્સો હોવો જોઈએ? જગમોહન જ્યારે હાથમાં ફોલ્ડર લઈને પોતાની જાતને જ પ્રશ્ન પૂછી રહ્યો હતો ત્યારે બારણાની બહારથી કોઈ એને જોઈ રહ્યું હતું...! (ક્રમશઃ)■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| મલાજો | સ્મશાન |
| મલિન | કોથળી |
| મશક | ગંદું |
| મસાણ | લીન |
| મશગૂલ | મર્યાદા |

## ઓળખાણ પડી?

મુખ્યત્વે ચીન અને ભારતના નદી કિનારાના વિસ્તારમાં ઊગતા આ અનોખા ફળની ઓળખાણ પડી? લીલાશ પડતા પીળા રંગનું આ ફળ મનુષ્ય ઉપરાંત અમુક પ્રાણી પણ આરોગે છે.



અ) પમ્પકિન બ) ફાલસા ક) એલિફન્ટ એપલ ડ) જેક ફ્રૂટ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ્ર | તિ | ૨ ક્રિ | યા | ■ | ૩ અ | ૪ ખં | ડિ | ૫ ત | ૬ તા |
| ક | ■ | ય | ■ | ૭ પ્ર | ચં | ડ | ■ | ૮ હ | ર |
| ૯ ર | મ | મા | ણ | ■ | ૧૦ બો | ન | ૧૧ સ | ■ | સ્વ |
| ણ | ■ | ણ | ■ | ૧૨ ફા | ■ | ૧૩ મં | ત્ર | ■ | રે |
| ■ | ૧૪ આ | ■ | ૧૫ વ | ળ | ૧૬ ગા | ડ | ■ | ૧૭ ખ | ■ |
| ૧૮ પ્ર | વ | ચ | ન | ■ | ૧૯ ડી | ન | ■ | ૨૦ બ | ૨૧ હુ |
| ૨૨ તિ | ર | ■ | ■ | ૨૩ અ | ■ | ■ | ૨૪ શ | ર | મ |
| ૨૫ બ | દા | ૨૬ મ | ■ | ૨૭ વ | ૨૮ ક | ફ | ■ | ■ | લા |
| દ્ધ | ■ | ૨૯ મ | હા | ન | લ | ■ | ૩૦ ક | મ | ખો |
| ૩૧ તા | કા | ત | ■ | ૩૨ ત | ર | ફે | ણ | ■ | ર |

## શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | | |
| ૬ | | | ૭ | ૮ | | | | | ૯ |
| ૧૦ | | | ૧૧ | | | ૧૨ | | | |
| | | ૧૩ | | ૧૪ | | | | | |
| | ૧૫ | | ૧૬ | | | ૧૭ | ૧૮ | ૧૯ | |
| ૨૦ | | | | | ૨૧ | | | | |
| | | ૨૨ | | ૨૩ | | | ૨૪ | | |
| ૨૫ | ૨૬ | | | ૨૭ | | ૨૮ | | | |
| ૨૯ | | | ૩૦ | | | ૩૧ | | | |
| | | ૩૨ | | | | | | | |

### આડી ચાવી
૧. ચોક્કસ હેતુથી લોકો ભેગા કરવા (૪)
૪. વ્યવસ્થા (૪)
૬. વસ્તુસંકલના, શ્રેણી (૨)
૭. તિલક કરો (૩)
૧૦. માલમિલકત, દોલત (૨)
૧૧. ડંગોરો, જાડું ને મજબૂત (૨)
૧૨. જિંદગી (૪)
૧૪. શાયરી લખે તે (૩)
૧૫. નખરાં, લટકાં મટકાં (૪)
૧૭. ખૂબ ઝડપથી (૪)
૨૦. પ્રતિજ્ઞા (૨)
૨૧. જાદુઇ મણિ (જો. છૂ.) (૫)
૨૨. આખી રાત (૪)
૨૪. દક્ષિણનો ચંદનનાં જંગલવાળો પર્વત (૩)
૨૫. ચહેરો, સૂરત (૩)
૨૭. શ્રીકૃષ્ણ--- કુળમાં જન્મ્યા (૩)
૨૯. મને પ્રસિદ્ધિમાં કોઇ --- નથી (૨)
૩૦. આવ તને દઉં ---- ગુ. નાટક (૨)
૩૧. પ્રતિષ્ઠિત કુટુંબકુળ (૪)
૩૨. દાખલા તરીકે (૫)

### ઊભી ચાવી
૧. સંચાર, ઓળંગવું તે, (૪)
૨. ---નો કરીએ ગુલાલ (૩)
૩. અનુકરણ, કોપી (૩)
૪. આરોપ, આક્ષેપ (૨)
૫. મારે ઘેર--- પધારો (૩)
૮. પહેલાં સંસ્કૃતની ---ઓ હતી (૪)
૯. યાદગાર, ભૂલવું અશક્ય (૬)
૧૨. ખૂબ હોવું તે, અતિશય (૪)
૧૩. કિલો (૨)
૧૫. --- મછંદર, ગોરખ આયા (૨)
૧૬. પ્રેમ, લગાવ, રાગ (૩)
૧૮. રીતરિવાજ, પ્રણાલિકા (૩)
૧૯. તાલુકાના મહેસૂલ અધિકારી (૬)
૨૦. વાતાવરણ (૫)
૨૧. પારો, તાપમાન માપવાનું સાધન (૩)
૨૨. જંગલ, વગડો (૨)
૨૩. ડર પમાડે એવું (૪)
૨૬. બાપ એક નંબરી, બેટા --- નંબરી (૨)
૨૮. પ્રશંસા (૩)
૩૦. મારી મમ્મીના પપ્પાના વેવાઇ (૨)

## સુડોકુ-૬૦૯૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | | ૫ | | ૪ | | ૨ | ૩ |
| ૩ | | | ૬ | | ૭ | | | ૪ |
| | | ૬ | | | | ૯ | | |
| | | | ૯ | ૫ | ૮ | | | |
| | ૨ | | ૭ | | ૬ | | ૮ | |
| | | | ૪ | ૧ | ૨ | | | |
| | | ૩ | | | | ૪ | | |
| ૬ | | | ૨ | | ૫ | | | ૧ |
| ૪ | ૫ | | ૧ | | ૩ | | ૬ | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૬૦૯૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | ૭ | ૬ | ૨ | ૯ | ૮ | ૩ | ૧ |
| ૩ | ૬ | ૨ | ૮ | ૧ | ૫ | ૪ | ૭ | ૯ |
| ૧ | ૮ | ૯ | ૪ | ૭ | ૩ | ૨ | ૬ | ૫ |
| ૭ | ૧ | ૬ | ૫ | ૯ | ૮ | ૪ | ૨ | ૩ |
| ૮ | ૯ | ૩ | ૭ | ૬ | ૨ | ૫ | ૧ | ૪ |
| ૫ | ૨ | ૪ | ૯ | ૩ | ૧ | ૭ | ૮ | ૬ |
| ૬ | ૩ | ૫ | ૨ | ૪ | ૭ | ૧ | ૯ | ૮ |
| ૯ | ૭ | ૧ | ૩ | ૫ | ૬ | ૮ | ૪ | ૨ |
| ૨ | ૪ | ૮ | ૧ | ૯ | ૬ | ૩ | ૫ | ૭ |

## ગુજરાત મોરી મોરી રે

મજેદાર બાળગીતની પંક્તિમાં ખૂટતો શબ્દ જણાવો.
અડકો દડકો, ---------- કાઢી નાખે એવો પડે દડકો.

અ) પસીનો બ) ઉત્સાહ ક) ગાભા ડ) રાજ

## જાણવા જેવું

વિષુવવૃત્તની નજીક આવેલા અક્ષાંશોના પ્રદેશોમાં, ધ્રુવો નજીકના પ્રદેશો કરતાં, વધુ વરસાદ પડે છે. વિષુવવૃત્તની આજુબાજુના ઉત્તર-દક્ષિણ ભાગમાં સૂર્યની ગરમીથી મોટાભાગના ભેજનું બાષ્પમાં રૂપાંતર થઈ જાય છે. આ પ્રદેશની હવાની ભેજગ્રહણક્ષમતા વધુ હોય છે; ધ્રુવ વિસ્તારોમાં ઓછો સૂર્યપ્રકાશ હોવાથી હવા ઠંડી હોય છે, એટલે હવાની ભેજગ્રહણક્ષમતા ઓછી હોય છે.

## ચતુર આપો જવાબ

ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં લાગલગાટ ચાર ઈનિંગ્સમાં એક પણ રન કર્યા વિના શૂન્ય પર આઉટ થનારા ખેલાડીનું નામ કહી શકશો?

માથું ખંજવાળો
અ) ચંદ્રશેખર
બ) માર્ક વો
ક) કેન રૂથરફર્ડ
ડ) ચામિન્ડા વાસ

## નોંધી રાખો

પુસ્તકનું મૂલ્ય રત્ન કરતાં અધિક ગણાય છે. રત્ન બહારની ચમક બતાવે છે, જ્યારે પુસ્તક અંતઃકરણને ઉજ્જવળ કરે છે. એટલે પુસ્તકને ઉત્તમ મિત્ર માનવામાં આવ્યો છે.

## માઈન્ડ ગેમ

૨૦૨૨માં કરવામાં આવેલી વસ્તી ગણતરી અનુસાર ભારતના કુલ ૨૮ રાજ્યો પૈકી કયા રાજ્યમાં સૌથી વધુ વસ્તી છે એ જણાવો.

અ) બિહાર બ) ઉત્તર પ્રદેશ
ક) મહારાષ્ટ્ર ડ) પશ્ચિમ બંગાળ

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| વર્ણ | રંગ |
| વલખાં | ફાંફાં |
| વલણ | વૃત્તિ |
| વસમું | મુશ્કેલ |
| વહાર | મદદ |

ગુજરાત મોરી મોરી રે
કોડી

ઓળખાણ પડી
ખીચું

માઈન્ડ ગેમ
Sled

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ચેતન શર્મા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) નીતા દેસાઈ (૩) ભારતી બુચ (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) મુલરાજ કપૂર (૬) પ્રતિમા પમાણી (૭) ગીતા ઉદેશી (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) સુરેખા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૨) શીરીન ઔરંગાબાદવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૬) પુષ્પા પટેલ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) વિભા મહેશ્વરી (૧૯) મહેશ દોશી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) હર્ષા મહેતા (૨૫) અશોક સંઘવી (૨૬) મહેશ લોઢાવિયા (૨૭) ભાવના કર્વે (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) અંજુ ટોલિયા (૩૧) પ્રવિણ વોરા (૩૨) નિતીન બજરિયા (૩૩) મીની કાપડિયા (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) અરવિંદ કામદાર (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) પુષ્પા ખોના (૩૯) જગદીશ ઠક્કર (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) હિના દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) અલકા વાણી (૪૬) ગીતા ઉદેશી (૪૭) ખુશરૂ કાપડિયા (૪૮) કમલેશ મૈઠિઆ (૪૯) વિજય આસર (૫૦) જગદીશ ઠક્કર

# વીક એન્ડ

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# આવું પણ એક પુસ્તક- ગામ હોય આપણા ગુજરાતમાં...!

**વર્ષ દરમિયાન અનેક દેશ ‘વર્લ્ડ લાઈબ્રેરી-ડે’ વિભિન્ન દિવસે ઉજવે છે ત્યારે આવો, મારીએ એક લટાર મહારાષ્ટ્રના પુસ્તકોભર્યાં એક ખોબા જેવાં અનોખા ગામમાં..!**








સાડા ત્રણ અક્ષરનો એક જાદુઈ શબ્દ છે. આ શબ્દ છે ‘પુસ્તક’.. એ પારસમણિ જેવો છે. આના સ્પર્શ માત્રથી તમને અવનવી અનુભૂતિ થાય. એના વાંચનમાત્રથી તમારી કલ્પનાના સીમાડા વિસ્તરી જાય. તમારું સમગ્ર વિશ્વ પલટાઈ જાય અને એટલે જ આવાં જાદુઈ છડી જેવાં પુસ્તકોનો જ્યાં સંગ્રહ હોય એવાં પુસ્તકાલય વાચક માટે એક તીર્થસ્થળ સમાન છે.

આજે અહીં પુસ્તક અને એનાં વાંચનની વિશેષ વાત એ માટે કરવી છે કે કારણ કે ગયા મહિને ૧૨ ઑગસ્ટ ‘વર્લ્ડ લાઈબ્રેરી-ડે’ તરીકે ઊજવાયો. જરૂરી નથી કે બધા દેશ એક જ દિવસે એની એક સાથે ઉજવણી કરે. પ્રત્યેક દેશ પોતાની અનુકૂળતા મુજબ આ લાઈબ્રેરી-ડેની ઉજવણી કરે છે.

આપણું પાડોશી પાકિસ્તાન ૨૦ ફેબ્રુઆરીના દિવસે રાષ્ટ્રીય સ્તરે લાઈબ્રેરીને યાદ કરે છે. રશિયા એને ૨૭ મેના ઉજવે છે તો ક્રોશિયા ૧૧ નવેમ્બરના અને સ્લોવેનિયા ૨૦ નવેમ્બર તો યુદ્ધગ્રસ્ત યુક્રેન આ ૩૦ સપ્ટેમ્બરના એને ઉજવશે...!

બીજી તરફ, બોસ્નિયાના સારાજેવો શહેરની વિખ્યાત લાઈબ્રેરી ૧૯૯૨ના એક યુદ્ધમાં નષ્ટ પામી હતી એની સ્મૃતિમાં સ્પેન ૨૪ ઑક્ટોબરના એની ખાસ ઉજવણી કરે છે.

આ બધા કેટલાક દેશ તો પ્રત્યેક વર્ષે અલગ અલગ થીમ-વિષય સાથે એની પુસ્તકોને કેન્દ્રમાં રાખીને ઉજવણી કરે..ઉદાહરણ તરીકે કોઈ દેશ નાટક કે ફિલ્મ જેવો વિષય લે પછી એ વિષયને લગતાં જ પુસ્તકોનું વાંચન થાય-સમૂહ ચર્ચા-વિચારણા થાય.

અમેરિકાએ કોરાના-કાળ પછીના વર્ષે લોકડાઉનમાં પુસ્તકો કઈ રીતે ઉપયોગી નીવડે એ વિશે ઓનલાઈન ચર્ચા ગોઠવી હતી. અમુક દેશ તો માત્ર એક જ દિવસ જ નહીં, આખું અઠવાડિયું ‘પુસ્તકાલય-દિવસ’ ઉજવે! દાખલા તરીકે, આ વર્ષે ફિલિપાઈન્સ ૨૪થી ૩૦ નવેમ્બર સુધી લાઈબ્રેરી-ડે’ ઉજવશે તો બેલ્જિયમ ઑક્ટોબરમાં તો આયર્લેન્ડ નવેમ્બરમાં આ જ રીતે એક અઠવાઠિયાનું આયોજન કરી રહ્યું છે.. બ્રિટન તો ૯થી૧૪ ઑક્ટોબર દરમિયાન લાઈબ્રેરીમાં જ વાંચન-વાર્તાલાપથી લઈને હોબી-બોડી ફિટનેશને લગતાં કાર્યક્રમ પણ યોજે છે..!

વાચન એક એવો નશો કે આદત છે કે એ જલ્દી ન છૂટે. આપણે ત્યાં દૂર દૂરનાં ગામમાં પણ વિદ્યાર્થી વાચક જોવા મળે.એમનાં લાભાર્થે આપણાં ગ્રામ્યવિસ્તારમાં વાંચનાલય હવે આપણે ન કલ્પ્યાં હોય એવી ઝડપથી વધી રહ્યાં છે.



ગામ મંદિરમાં સાક્ષરોના પરિચય સાથે પુસ્તકો ..



ઘરમાં દીકરી વાંચે-વહુ વાંચે ને સાસુમા પણ વાંચે

આજે ભારતમાં શહેરો-ગામડાં સહિત ૫૪ હજાર, ૮૫૬ લાઈબ્રેરી છે! એમાં દેશની સૌથી મોટી કોલકાતાની નેશનલ લાઈબ્રેરી’ છે. ૧૮૯૧માં સ્થાપના થઈ એવી આ લાઈબ્રેરીમાં આજે ૨૫ લાખથી વધુ પુસ્તકો છે! જો કે, દેશમાં સૌથી વધુ પુસ્તકાલય (૧૧૨,૧૯૧) મહારાષ્ટ્રમાં છે.

બીજી તરફ, દિલ્હીથી પચાસેક કિલોમીટરના અંતરે આવેલા ખોબા જેવા કાલડા ગામથી લઈને નોઈડા-ગાઝિયાબાદ-મેરૂતની આસપાસનાં ગામવિસ્તારોમાં ૧૦૦થી વધુ વાચનાલય છે, જે ખાસ કરીને આગળ અભ્યાસ કરવા ઈચ્છતા કિશોર-યુવાન વિદ્યાર્થીઓથી ધમધમી રહ્યાં છે.

કોઈ પણ ગામમાં વાંચનાલયની સંખ્યા ત્યારે વધે જ્યારે ત્યાંના રહેનારાઓમાં વાંચનની ભૂખ ઊઘડે-ખાસ કરીને બાળકો-કિશોરોમાં આવી ‘અદમ્ય ભૂખ’ જગાડવાનું કામ કરે છે મા-બાપ-શિક્ષકો-ગ્રામ્ય સેવકો અને સંનિષ્ઠ સરકારી અધિકારીઓ. ગ્રામ્ય વિસ્તારોમાં થઈ રહેલી વાચક અને વાંચનાલયોની આવી ક્રાંતિ વચ્ચે આપણે મહારાષ્ટ્રના આ એક અનોખા ગામમાં પણ લટાર મારવી જોઈએ..

મહારાષ્ટ્રના પૂણે શહેરથી ૧૦૮ કિલોમીટરના અંતરે સતારા જિલ્લામાં નાનું એવું એક ગામ છે. નામ છે એનું ભિલાર. વસતિ છે માંડ ૩૫૦૦ની. આ ગામ આજે મરાઠીમાં ‘પુસ્તકાંચી ગાવ’ અર્થાત પુસ્તકોનું ગામ તરીકે ઓળખાય છે આવી ઓળખ એટલા માટે એણે મેળવી છે, કારણ કે ત્યાંના ૩૦ જેટલાં ઘરમાં છે ૩૫ હજારથી વધુ પુસ્તકો છે, જેને જોવાં-વાંચવા દૂર દૂરથી પુસ્તકરસિકો ઊમટે છે..

હકીકતમાં ગ્રેટ બ્રિટેનના એક ભાગરૂપ વેલ્સનું એક વિલેજ (હે-ઑન-વે) એનાં પુસ્તકપ્રેમ અને બુકફેર્સ માટે જાણીતું છે એને નજર સામે રાખીને આ ભિલાર ગામની રચના થઈ છે. પંચગીની અને મહાબલેશ્વરની સમીપ આવેલા આ ગામનાં ૩૦ જેટલાં ઘરમાં જાતભાતનાં પુસ્તકો છે. આ બધા ઘરની દીવાલોને ૭૦થી વધુ ચિત્રકારોએ એમની કળાથી એવી સરસ રીતે સજાવી છે કે પુસ્તકો ધરાવતાં એ ઘર સાવ અલગ જ તરી આવે. ‘સ્વીટ સ્વીટ સ્ટ્રોબરી’ માટે જાણીતા આ ગામનો ખુશનુમા માહોલ પણ વાચનપ્રેમીઓ તેમજ સર્જકો સુધ્ધાં માટે બહુ લોભાવનારો છે. અત્યારે તો ભારતના એક માત્ર ‘પુસ્તકોના ગામ’ તરીકે વિખ્યાત એવા આ ભિલાર ગામમાં જે ૩૫ હજાર પુસ્તકો છે એમાંનાં મોટા ભાગનાં મરાઠી કવિ-લેખકોનાં જ છે, પણ હવે વધુ ને વધુ વાચકો-પ્રવાસીઓને આકર્ષવા અન્ય ભાષાનાં પુસ્તકો અહીં લાવવાની યોજના ઘડાઈ રહી છે..

નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્ય મંત્રી હતા ત્યાર એમણે ‘વાંચે ગુજરાત’ની જોરદાર ઝુંબેશ શરૂ કરી હતી, પણ અત્યારે ‘કેટલું વાંચે ગુજરાત’ના લેટેસ્ટ ખબર-અંતર મેળવીએ દુઃખ થાય. ખુદ સરકારી અહેવાલ મુજબ ત્યાંની ૨૩૦ સરકારી લાઈબ્રેરીમાં ૪૩ લાખથી વધુ પુસ્તક છે,પણ એને વાંચનારા સભ્યો પાંચ લાખ પણ નથી!

આવો સિનારિયો છે ત્યારે વર્તમાન મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જો મહારાષ્ટ્રના ભિભૂર જેવું ગુજરાતમાંય પુસ્તકોનું એકાદ ગામ આકાર લેતું કરી દે તો વાચકો એને જરૂર વધાવી લે..! ■

---

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# ઓબરકિર્શ હાઇક - બ્લેક ફોરેસ્ટની શોટ્સવાળી ટ્રેક...





છેલ્લા ઘણા સમયથી સાથે ચાલવા જવાના પ્લાન ક્યારે હાઇકમાં પલટાઇ જાય છે ખબર જ નથી પડતી. મારી કોલિગ ડૉન અને લી ફેન્ગ સાથે ઘણા સમયથી કંઇક મજા કરવાની વાતો થયા કરતી. વચ્ચે એક વાર અમે ઘર પાસે એક નાનકડી હાઇક તો કરેલી. આ વખતે જરા લાંબો પ્લાન બનવા લાગેલો. એવામાં બીજી એક કોલિગ માર્ટિના હાલમાં જ બ્લેક ફોરેસ્ટમાં એક અનોખી હાઇક પર જઈ આવેલી. એણે પોતાનો અનુભવ એવો વર્ણવ્યો કે અમે તેની વાત પૂરી થતાં પહેલાં જ ત્યાં જવાનો પ્લાન નક્કી કરી ચૂક્યાં હતાં. હવે પ્રશ્ન હતો કોણ કોણ આવશે અને ક્યારે જઈશું. સમર પૂરો થતાં પહેલાં ત્યાં જવાનું હતું. હું અને કુમાર, ડૉન અને તેનો બોયફ્રેન્ડ સ્ટેફાન, લી ફેન્ગ, નિકો અને મારાટ, એક મલ્ટી કલ્ચરલ ગ્રૂપ ભેગું થયું. હવે જવાનું હતું બ્લેક ફોરેસ્ટના ઓફનબુર્ગ પાસે. અને આ હાઇકની ખાસિયત એ હતી કે ત્યાં દર થોડા મિનિટનાં અંતરે શ્નાપ્સ એટલે કે સ્થાનિક લિકર અને બ્રાન્ડીના શોટ્સની હટ્સ આવતી હતી. સ્વાભાવિક છે, કોઇ ડ્રાઇવ કરીને જવાનું ન હતું.

હવે અમારો જવાનો દિવસ નજીક આવે તે પહેલાં સ્ટેફાને પોતાના માથે એક જવાબદારી લીધી. આ આખી ટોળકીમાં એક માત્ર સ્ટેફાન જ જર્મન હતો, અને તે પણ ખાસ બ્લેક ફોરેસ્ટમાં ઊછરેલો હતો. તે પોતાના ટીનએજર દીકરા સાથે પહેલાં એકલો હાઇક કરી આવ્યો. ત્યાં શું તકલીફ પડી શકે, ક્યાં મજા આવશે, તે બધી વાતોની નોંધ કરીને અંતે તેણે હાઇક કેટલા વાગ્યે ચાલુ કરવી, કઈ ટ્રેન લઈને ક્યાંથી ક્યાં જવું, બધું એક વોટ્સએપ ગ્રૂપથી બધાને જણાવ્યું અને અમે બધાં સજ્જ થયાં. આ ‘શ્નાપ્સવાન્ડરુંગ’ એટલે કે ‘શોટ્સ હાઇક’માં દસ કિલોમીટર, પંદર કિલોમીટર અને વીસ કિલોમીટર ઉપર જઈ શકાય એટલા ટ્રેક હતા. અમે પંદર કિલોમીટરનો ટ્રેક પકડવાનાં હતાં. આ પહેલાં વચ્ચે સ્કોટલેન્ડમાં અને ઘર આસપાસ ઓડનવાલ્ડમાં મારે ઘણું હાઇક કરવાનું થયું જ હતું. સાથે તે હાઇકનો દિવસ નજીક આવતા પહેલાં મેં જાતે એકલાં દસથી વધુ કિલોમીટર ચાલી શકાય છે કે નહીં તે ચકાસી જોયેલું. અંતે તે દિવસે સવારે અમે ટ્રેન લઈને ઓફનબુર્ગ તરફની રિજનલ ટ્રેન લીધી. ત્યાંથી ઓબરકિર્શ જતી લોકલ ટ્રેન લીધી. સ્ટેશનથી હાઇકની શરૂઆત પર પહોંચ્યાં અને જે હાઇકની મહિનાઓથી તૈયારી ચાલતી હતી એ શરૂ થઈ ગઈ એની ત્યાં ખબર પણ ન પડી. પહેલાં ત્રણ કિલોમીટરમાં જ પહેલું શોટ્સ બેરલનું ઠેકાણું આવી ગયું. હજી બારેક કિલોમીટર ચાલવાનું બાકી હતું એટલે કોઈએ ત્યાં શોટ્સમાં ન ઝંપલાવ્યું. લાંબી હાઇકમાં મસલ્સ અને જોઇન્ટ્સ સ્વસ્થ રાખવા માટે હજી આલ્કોહોલ નથી ચાલુ કરવો એ વાત પર ટોળકીનાં દરેક દેશનાં લોકો સહમત હતાં. હવે મોટાભાગનાં લોકો એકદમ ફિટ હતાં અને ઘણું આગળ આગળ ચાલ્યાં જતાં હતાં. મેં પહેલેથી જ બધાંને કહી દીધું હતું કે હું મારી ઝડપે ચાલીશ અને મેં એમ જ કર્યું. એમ કરવામાં માહોલને માણવાનો વધુ સમય મળતો જ હતો. અહીંનાં વૃક્ષો અને ખેતરો વચ્ચે અમે કોઇ પણ સદીમાં હોઈએ કશો ફરક નહોતો પડતો. સ્ક્રીન વગરનો દિવસ એવો હતો કે ફોટો પાડવા માટે પણ ફોન કાઢવાની ઇચ્છા નહોતી થતી.

બીજા અને ત્રીજા શ્નાપ્સ સ્ટેશન પર અમે જરાય અચકાયાં નહીં. અહીં નજીકનાં ખેતરોમાં ઊગેલી રેડ અને બ્લેક કરન્ટ, ગ્રેપ્સ, ક્વિન્સ અને ચેરીની બ્રાન્ડીના શોટ ગ્લાસ જાતે ભરીને એક પિગી બેન્કમાં ત્યાં બોર્ડ પર લખેલો ભાવ જાતે નાખવાનો હતો. સિક્યોરિટી કેમેરા તો હતા, પણ બધું લોકો પર ભરોસો કરીને જ ચાલતું હતું. એક ટેકરીની સામેની તરફ ઓફનબુર્ગનો કિલ્લો દેખાતો હતો. અને અમને અચાનક જ યાદ આવ્યું, હજી ગયા વર્ષે જ અમે આ કિલ્લા પાસે ડનબારમાં મમ્મી-પપ્પા સાથે રોકાયેલાં અને મમલઝે પાસે ઘણાં તાજાં ફળો દબાવ્યાં હતાં. ત્યાંથી આટલી નજીક આવી હાઇક છે તે માનવામાં નહોતું આવતું. વળી અહીં ફ્રિજ વિના બિયર અને કોલ્ડડ્રિંક્સ ઠંડાં રાખવા માટે જમીનમાં ખાડા કરીને જે વ્યવસ્થા કરવામાં આવી હતી તે મેકેનિઝમ જોવામાં પણ આ ટ્રિપ વર્થ હતી. એક પછી એક શોટ્સનાં બેરલ્સ, હટ, શોપ્સ જેવું આવતું ગયું અને અમે મજેથી ગ્રૂપમાં જલસા કરતાં ગયાં. ખાસ તો કોલિગ્સને નજીકથી ઓળખવાનો મોકો મળ્યો.

આમ જોવા જાઓ તો યુરોપમાં જ્યાં જાઓ તો હિસ્ટ્રી કોઈ ને કોઈ સ્વરૂપમાં જોવા મળી જ જાય છે. આ વખતે આ શોટ્સના રૂટ્સમાં કશું જ પૌરાણિક ન હતું તેની પણ અલગ મજા હતી. આ ટ્રેક તો અહીં સદીઓથી છે, પણ અહીં સ્થાનિક બ્રાન્ડીના સેલ્ફ ઓપરેટિંગ સ્ટોર છેલ્લાં દસ-બાર વર્ષોમાં બન્યા છે.

આ કોઈ હિસ્ટોરિકલ રૂટ નથી અને તેની અલગ મજા હતી. હવે આ હાઇકમાં કેટલાં ઢાળ અને ટેકરીઓ આવવાનાં હતાં તેની કોઈ વાત થઈ ન હતી. હાઇટ પર ચઢવામાં તકલીફ તો પડતી હતી, પણ થોડી થોડી વારે એવા વ્યૂઝ આવતા હતા કે બધો થાક ભુલાઇ જતો હતો. એક સમયે તો એક ખૂણામાં એવી બેન્ચ આવી જ્યાં અમે બધાં લાઇન બંધ બેસી ગયાં અને સામે પહાડોનું એવું લેયર તૈયાર થઈ ગયું હતું કે સ્ટેફાને કહ્યું, આ જગ્યાએ અમારી સામે જાણે કુદરતની ફિલ્મ ચાલી રહી હોય તેવી બેન્ચ છે. કુદરતના ઓપન એર થિયેટર પાસે પણ અમે થોડો સમય વિતાવ્યો. નીચે ખેતરમાં ગાયોની ઘંટડીઓ વાગી રહી હતી.

વાતો વાતોમાં ક્યારે તળેટી અને હાઇકનો અંત નજીક આવી ગયો તેની ખબર પણ ન પડી. ત્યાં નીચે એકમાત્ર રેસ્ટોરાં હતું. ત્યાં સુધીમાં જર્મન ડિનર ટાઇમ પણ થઈ ગયો હતો. તે ફાઇન ડાઇનિંગ રેસ્ટોરાંમાં અમે ખરડાયેલાં હાઇક આઉટફિટ્સમાં પણ જલસાથી તાજી ન્યોકી અને જર્મન સ્પેત્ઝલે ખાઈને જલસા કર્યા. હજી વળતાં ટ્રેકનો લાસ્ટ સ્ટ્રેચ લઈને ટ્રેઇન સુધી ભાગવાનું હતું. ત્યાં સુધી પહોંચવાનું જરા અઘરું લાગ્યું. વળતાં ટ્રેનમા કોઈને સાથે જગ્યા ન મળી, પણ મોટે મોટેથી વાતો, હસવાનું અને ફોટો શેરિંગ ચાલુ હતું. ટ્રેનનાં સહપ્રવાસીઓ પણ અમારી સાથે વાતો કરીને અમે ક્યાંનાં છીએ, ક્યાંથી આવ્યાં, એ બધી વાતો કરવા લાગ્યાં હતાં. જોતજોતામાં જર્મન ટ્રેનમાં ભારતીય અનુભવો થવા લાગ્યા હતા. હાઇક ભલે હિસ્ટોરિકલ ન હોય, તે દિવસના અનુભવો અમારી અંગત હિસ્ટ્રીમાં મજેદાર બનીને રહેવાના હતા. ■

---

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ
feedback@bombaysamachar.com

# અમીરોનું કેરમ બોર્ડ... બિલિયર્ડ ગેમ



એક સમયે, જનરલ નોલેજ કે સમાન્ય જ્ઞાનની પરીક્ષાઓમાં એક પ્રશ્ન કાયમ પૂછવામાં આવતો કે ‘વિલ્સન જોન્સ કોણ છે? ’

જે લોકોનું સામાન્ય જ્ઞાન ઘણું સારું હતું માત્ર એ જ જવાબ આપી શકતા કે ‘વિલ્સન જોન્સ’ એક ઉમદા બિલિયર્ડ ખેલાડી છે. વળી એ લોકોએ પણ બિલિયર્ડ’નું ખાલી નામ જ સાંભળ્યું હશે બાકી એમને ય ખબર નહોતી કે એ રમત શું છે અને એને કેવી રીતે રમાય છે?

એ પછી સામાન્ય જ્ઞાનના લિસ્ટમાં વધુ ૧૯૮૦-૯૦ના દાયકામાં એક નામ ઉમેરાયું- ‘માઈકલ ફરેરા’ પ્રથમ ભારતીય બિલિયર્ડ ચેમ્પિયન ! પછી બિલિયર્ડમાં પોરસાવામાં વાત ત્યાં સુધી વધી કે જેમ આપણી પાસે ક્રિકેટર તેંડુલકર કે ચેસ-ચેમ્પિયન વિશ્વનાથ આનંદ જેવા ખેલાડીઓ છે એમ બિલિયર્ડ રમતમાં આજે પંકજ અડવાણી ને ગીત સેઠી પણ છે. જો કે તો યે એ બિલિયર્ડ રમત શું છે એની હજુ પણ પાકે પાયે કોઇને ખબર નથી, હોં. !

આપણાં દેશમાં વર્ષોથી બિલિયર્ડ ગેમ એવી ક્લબોમાં રમાતી આવી છે કે જ્યાં લાઈટો ઓછી હોય છે, લોકો ધીમે ધીમે દારૂ પીતા હોય, શહેરનાં પૈસાદાર લોકો સૂટ પહેરીને લીલા ટેબલ આસપાસ ફરતા હોય અને એરકંડિશનના ઠંડા વાતાવરણમાં શેઠિયાઓની સિગારેટ અને સિગારનો આછો ધુમાડો વહેતો રહેતો હોય.

આવી મોંઘી ને વિચિત્ર ક્લબો એટલે શું એ ભારતના સામાન્ય નાગરિકો માટે હજૂ ય એક કોયડો છે. આ ક્લબોના બિલિયર્ડ રૂમમાં અમુક જ લોકો આ રમત રમતા અને સામાન્ય રીતે જે લોકો રમતા હોય એ જ પાછા ગેમના પ્રેક્ષક પણ બની જતાં. જેમ એક હાર્મોનિયમવાદક ખુદને પિયાનોથી દૂર રાખે છે , કારણ કે એ પિયાનોને સમજી શકતો નથી. એવી જ રીતે દેશાની કેરમ-પ્રેમી જનતા બિલિયર્ડ ગેમને પોતાનાથી દૂર રાખતી, કારણ કે બિચારાં એ લોકો રમતને સમજી શકતા નહીં.

બિલિયર્ડ વિશે એક ખૂફિયા અને નકકર ઇમેજ ઊભી કરવામાં હિન્દી ફિલ્મોનો પણ બહુ મોટો ફાળો છે. ફિલ્મોમાં આ રમતને એવા ખલનાયકોને રમતાં બતાવવામાં આવે છે, જે શહેરમાં મોટા લેવલની માલદાર પાર્ટી હોય છે. હિન્દી ફિલ્મોના અમીર ખલનાયકો જ્યારે ‘ચલો, હવે હીરોને મારી નાખવામાં આવે’ એવો છેલ્લો નિર્ણય લેતા હોય છે એ નિર્ણાયક ઘડીએ એને બિલિયર્ડ રમતા દેખાડવામાં આવે છે !

બિલિયર્ડ એક શાંત મગજથી રમાતી ઘાતકી રમત છે અને કોઇની હત્યા કરવા કે કરાવવાળાઓ કેટલા નિષ્ઠુર અને સ્ટ્રેસ વગર સાવ આરામથી ટાઢા પેટે એક ઘાતકી નિર્ણય પર પહોંચે છે એવું દેખાડવા માટે બિલિયર્ડ એક અદ્‌ભુત માહોલ સર્જે છે.

બીજી તરફ, ફિલ્મનો હીરો બિલિયર્ડ ત્યારે જ રમે છે જ્યારે હીરોઈન બેવફા સાબિત થાય છે. ધૂંધવાયેલ હીરો, ટેબલ પરનાં લાલ બોલને લાંબી લાકડીની અણીથી ધકેલીને જાળીવાળા ખાનામાં નાખી નાખીને પોતાનો ગુસ્સો બોલ પર કાઢે છે. આમ નાકામ આશિક હીરોએ, હીરોઇનને બંદૂકથી ગોળી તો ન મારી, પણ ગુસ્સામાં બિલિયર્ડના બોલ પર નિશાન તાકીને હળવો થયો.

એ બધું છોડો, પણ ફિલ્મી બિલિયર્ડના સીનની એક મેન શરત એ છે કે એ સીનના ડાયલોગ જબરદસ્ત હોવા જોઈએ. ઇન શોર્ટ, જો કોઇ સોલિડ ડાયલોગબાજી કરી શકે એ આપોઆપ સારું બિલિયર્ડ રમતા શીખી જાય એવું આપણને પાક્કું લાગે!

જોકે, ઘણાં વરસોનાં ધુમ્મસ હટ્યા બાદ ભારતીય બિલિયર્ડ ગેમ આજે પહેલીવાર પ્રકાશમાં આવ્યું છે. પંકજ અડવાણી અને ગીત સેઠી સાથે એમાં ગ્લેમર જોડાયેલું છે. નવાબ પટૌડીના સમયથી ખેલાડીઓ પ્રત્યેનું જે આકર્ષણ ભારતીય છોકરીઓમાં રહ્યું છે, હવે એ બધી કન્યાઓ એવી જ નાજુક નજરે પહેલીવાર ગીત સેઠી કે પંકજને તરફ જોઈ રહી છે ને એ બહાને બિલિયર્ડ ગેમ તરફ પણ. પંકજ કે ગીતનું જે થવાનું હોય એ થાય, પણ બિચારા બિલિયર્ડનું તો નસીબ ખૂલી ગયું. ગીત સેઠી મજબૂત બાંધો, સારી હાઇટ સાથે દેખાવમાં હેન્ડસમ લાગે છે. પણ એનાં પૌરુષની સૌથી મોટી ખૂબી એ છે કે એ એકાગ્ર અને લક્ષ્ય પર જ ધ્યાન કેન્દ્રિત કરનારો મોર્ડન અર્જુન લાગે છે. સૂટની જાહેરાતોમાં આવતા હેન્ડસમ અમીર જેમ આવી ઇમેજ સાથે ગીત સેઠી સિવાય બીજો કોઈ સારો બિલિયર્ડ ખેલાડી હોય જ ન શકે. પાછો એ તો ગંભીર-એકાંતપ્રિય અને ક્લાસિક મ્યુઝિકનો ચાહક પણ છે એટલે ઓર આકર્ષક ઇમેજ બની. આશા છે કે, હવે દેશમાં બિલિયર્ડપ્રેમીઓની સંખ્યામાં વધારો થશે.

જેમ કોહલી, ધોની કે તેંડુલકર ક્રિકેટનો ક્રેઝ ઊભો છે, ઉસ્તાદ અમજદ અલી ખાન તમને સરોદ તરફ ખેંચે છે કે ઝાકિર હુસૈન તબલામાં વાળ ઉલાળીને છોકરીઓને લલચાવે છે.. એ જ રીતે પંકજ અને ગીત સેઠી પણ આપણને બિલિયર્ડ્સ ટેબલ તરફ ખેંચશે. મને તો પૂરેપૂરો ભરોસો છે કે હવે માત્ર બિલિયર્ડ ગેમ મોંઘા ક્લબનાં અંધારિયા એ.સી. ઓરડામાં જ નહીં રમાય, પણ આપણાં ઘરેલું કેરમની જેમ ચાલીમાં, પોળમાં, કમ્પાઉંડમાં કે રસ્તાઓ પર પણ રમાવા માંડશે અને પછી ત્યાં બિલિયર્ડ જેકેટ પહેરેલા છોકરાઓ આપણને જોવા મળશે. અમીરોની આ કેરમ ગેમ- બિલયર્ડ, જ્યારે ગામેગામ ચોરેચૌટે ને ખેતરમાં વડલા-પીપળા નીચે લખોટી કે તીનપત્તીની જેમ રમાય ત્યારે જ સાચો વિકાસ થયો કહેવાય! ■

સ્પોર્ટ્સ મૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# પંત જેવું પુનરાગમન કોઈનું નહીં !

## કાર અકસ્માતમાં મોતથી બચ્યો અને ટેસ્ટમાં ૬૩૪ દિવસના લાંબા બ્રેક પછી જોરદાર કમબૅક કર્યું

સામાન્ય રીતે કોઈ પણ ક્રિકેટર કરીઅરમાં એક કે એક કરતાં વધુ કમબૅક કરતો હોય છે. વિનોદ કાંબળીએ નવ કમબૅક કર્યા હતા. ખેલાડીએ ખરાબ ફૉર્મને કારણે ટીમની બહાર થવું પડ્યું હોય કે અન્ય કોઈ કારણસર તેની બાદબાકી કરવામાં આવી હોય એવા કમબૅક દરેકની કરીઅરમાં આવતા જ હોય છે. જોકે બીમારી કે અકસ્માત જેવા ગંભીર કારણ બદલ ખેલાડીએ લાંબા સમય સુધી ટીમથી દૂર રહેવું પડે અને પછી તે ટીમમાં માનભેર પાછું સ્થાન મેળવે એવું કમબૅક બહુ ઓછા પ્લેયરની કારકિર્દીમાં બને છે. ભારતીય ક્રિકેટના છેલ્લાં થોડાં વર્ષોની વાત કરીએ તો આ બાબતમાં સૌથી પહેલાં યુવરાજ સિંહનું નામ યાદ આવી જાય અને એ પછી હવે રિષભ પંતના કિસ્સામાં પણ એવું જ કમબૅક જોવા મળી રહ્યું છે.

યુવરાજના ફેફસા અને હૃદય વચ્ચેના એક ભાગમાં કૅન્સરની ગાંઠ હતી. આ ગંભીર બીમારીની શરૂઆતને અવગણીને તે ૨૦૧૧ના વન-ડે વર્લ્ડ કપમાં રમ્યો હતો અને ભારતને ટ્રોફી અપાવવામાં મોટું યોગદાન આપ્યું હતું. વિશ્વ કપ બાદ એક રશિયન ડૉક્ટરે તેની કૅન્સરની બીમારી શોધી કાઢી હતી અને તેને સારવાર પર જ ધ્યાન આપવાની સલાહ આપી હતી. યુવરાજે અમેરિકામાં કીમોથેરપીના સેશન પૂરા કર્યા હતા અને ભારત પાછા આવ્યા બાદ બીજા જ વર્ષે ટીમ ઇન્ડિયામાં તેણે કમબૅક કર્યું હતું. ભારતીય ક્રિકેટમાં આ સર્વશ્રેષ્ઠ કમબૅક ગણાય છે. તેની ટેસ્ટ કરીઅર તો ૨૦૧૨માં જ પૂરી થઈ ગઈ હતી, પરંતુ વન-ડે અને ટી-૨૦માં તે કૅન્સર સામેની સફળ લડત બાદ બીજા પાંચ વર્ષ સુધી રમ્યો હતો. ૨૦૧૭માં તેણે રિટાયરમેન્ટ લીધું અને કૅન્સર પીડિતોના લાભાર્થે યોજાતા અનેક પ્રકારનાં કાર્યોમાં જોડાઈ ગયો હતો.



આ લેખમાં આપણે ૨૬ વર્ષીય રિષભ પંતના કમબૅક પર વધુ ચર્ચા કરીશું.

ઉત્તરાખંડના હરિદ્વારનો રહેવાસી રિષભ રાજેન્દ્ર પંત ડિસેમ્બર, ૨૦૨૨માં તેની મમ્મીને સરપ્રાઇઝ આપવા દિલ્હીથી રુડકી આવી રહ્યો હતો ત્યારે દિલ્હી-દેહરાદૂન હાઇવે પર તેનો ગમખ્વાર કાર અકસ્માત થયો હતો જેમાં તેને અનેક પ્રકારની ઈજા થઈ હતી. વહેલી સવારે ૫.૩૦ વાગ્યે તેની કાર ડિવાઇડર સાથે અથડાઈ હતી અને મોટો અકસ્માત સર્જાયો હતો. તેની કાર બળી ગઈ હતી અને ખુદ પંત દાઝી ગયો હતો. ખુદ તેણે કહ્યું હતું કે તે મોતની નજીક પહોંચી ગયો હતો. મોઢા પર, કમરમાં અને શરીરના બીજા અનેક ભાગોમાં તેને ઈજા પહોંચી હતી અને ખાસ તો તેણે ઘૂંટણમાં ઑપરેશન કરાવવું પડ્યું હતું અને લગભગ બે વર્ષે તેણે મેદાન પર ફરી કમબૅક કર્યું હતું. ટેસ્ટ-ક્રિકેટમાં ૬૩૪ દિવસે પાછા ફરેલા પંતે કમબૅક પછીની પહેલી જ ટેસ્ટમાં (ચેન્નઈમાં બાંગ્લાદેશ સામે ૩૯ રન અને ૧૦૯ રન) મૅચ-વિનિંગ પર્ફોર્મ કરીને નામાંકિત ક્રિકેટરોની પ્રશંસા મેળવી છે.

પંતના કમબૅકથી ઑસ્ટ્રેલિયાનો મહાન વિકેટકીપર-બૅટર ઍડમ ગિલક્રિસ્ટ એટલો બધો પ્રભાવિત થયો છે કે તેણે ત્યાં સુધી કહ્યું છે કે 'મને તો પંત બૅટિંગમાં મારા કરતાં વધુ આક્રમક લાગ્યો છે. તે મને મારા કરતાં પણ વધુ નિર્ભય લાગ્યો છે. ક્રીઝમાં તે માનસિક દબાણનો જે રીતે સામનો કરે છે એ મને ખૂબ ગમ્યું. તે લોકોના પૈસા વસૂલ કરી આપનારો અને પબ્લિકને મનોરંજન પૂરું પાડનારો ખેલાડી છે. હું પણ ગમે એટલા પૈસા આપીને પંતની મૅચ જોવાનું ક્યારેય ન ચૂકું. મૅચમાં પરિણામ લાવવાના અભિગમ સાથે જ રમવાની વૃત્તિ તેનામાં જોવા મળી છે. તે મૅચ વિનર તો છે જ, લડાયક મનોવૃત્તિવાળો પણ છે. આપણે બધાએ જોયું કે તે કાર અકસ્માત પછી પાછો બેઠો થઈને રમવા આવ્યો અને પહેલાં કરતાં પણ સારું રમવા લાગ્યો છે.'

આ લેખમાં આપણે યુવરાજ સાથે પંતની લડાયક વૃત્તિની સરખામણી કરી અને યોગાનુયોગ બે દિવસ પહેલાં ખુદ યુવીએ પંતના વખાણ કરતા કહ્યું કે 'હરીફ ટીમનો એકલા હાથે સામનો કરવાની પંતમાં જે કાબેલિયત છે એ જોઈને મને તેની સરખામણી ગિલક્રિસ્ટ સાથે કરવાનું મન થાય છે. ગિલક્રિસ્ટની જેમ મૅચમાં બાજી પલટાવી નાખવાની પંતમાં તાકાત છે.'

પંતની ઇન્ટરનૅશનલ કરીઅર માંડ છ વર્ષ જૂની છે અને એમાં તેણે ૧૪૧ ઇન્ટરનૅશનલ મૅચમાં ૪૫૦૦-પ્લસ રન બનાવ્યા છે, સ્ટમ્પ્સની પાછળથી કુલ ૨૧૦-પ્લસ શિકાર કર્યા છે, સાત સેન્ચુરી અને ૧૯ હાફ સેન્ચુરી ફટકારી છે તેમ જ તેના નામે ૧૧૯ છગ્ગા તથા ૪૫૦-પ્લસ ચોક્કા છે. ભારતને ૯૨ વર્ષના ટેસ્ટ ઇતિહાસમાં જનાર્દન નવલે નામના પ્રથમ વિકેટકીપરથી માંડીને નરેન તામ્હણે, બુધી કુંદરન, ફરોખ એન્જિનિયર, સૈયદ કિરમાણી, કિરણ મોરે, ચંદ્રકાન્ત પંડિત, નયન મોંગિયા, સબા કરીમ, અજય રાત્રા, પાર્થિવ પટેલ, દિનેશ કાર્તિક, વૃદ્ધિમાન સાહા સહિત ઘણા જાણીતા વિકેટકીપર મળ્યા છે અને એ બધામાં મહેન્દ્રસિંહ ધોની સર્વોત્તમ કહી શકાય. જોકે રિષભ પંતનો પ્રભાવ અલગ છે, તેનો લડાયક અભિગમ સૌથી નોખો છે અને ટીમનો આધારસ્તંભ બની રહેવાની તેનામાં ક્ષમતા છે. ■


નિસર્ગનો નિનાદ

ધર્મેન્દ્ર ત્રિવેદી
feedback@bombaysamachar.com

# શિયાળો, સર્પ ને સર્પનું યોગીપણું...

આ પૃથ્વી પર પરિસ્થિતિ અને જરૂરિયાતવશ ક્રમશઃ જન્મેલાં પ્રાણીઓમાંનું સૌથી છેલ્લું પ્રાણી એટલે 'માનવ'. ભગવાન, ખુદા, ઇસુ જેવા અનેકાધિક નામોથી ઓળખાતું અને જેને હું કુદરત કહું છું તે અત્યંત કુશાગ્રબુદ્ધિ અને દુરંદેશી ધરાવતું તત્ત્વ હોવું જોઇએ. કારણ માત્ર એટલું કે તેણે આ પૃથ્વી પરની જીવસૃષ્ટિ માટે જરૂરી જાતિઓનું જરૂરી પ્રમાણમાં સર્જન કર્યા બાદ જ માનવ નામના પ્રાણીને રવાના કર્યું...! પ્રકૃતિ માતાને ખબર હતી કે માનવ પોતાના સ્વાર્થમાં અને હિતમાં ગમે તેનો ભોગ લઇ લેતા અચકાશે નહીં. અને થયું પણ કંઇક એવું જ...

આજે આપણે પર્યાવરણલક્ષી જે કોઇ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ તે સઘળી સ્વનિર્મિત જ છે ! હા, આ કડવું સત્ય આપણે સ્વીકારવું જ રહ્યું. ઓઝોન અને અન્ય વાયુઓના સ્તરોને થઇ રહેલું નુકસાન, ગ્લોબલ વોર્મિંગ જેવી વિકટ સમસ્યાઓની માનવજીવન પર થઇ રહેલી અને થનારી નકારાત્મક અસરો માટે માનવ પ્રાણી પોતે જ જવાબદાર છે. તમે કદી કોઇ સિંહને પોતાનું ઘર કે વ્યવસાય સ્થાપવા માટે વૃક્ષ કાપતો જોયો? તમે કદી કોઇ મગરને માછલીઓ મારવા માટે સ્ફોટક પદાર્થ અથવા ઝેરી રસાયણો વાપરતો સાંભળ્યો છે? આ બધા ધંધા માનવ નામના અતિ દુષ્ટ પ્રાણીના જ છે...!!! ચાલો આપણે આડવાતે ચડી જઇએ તે પૂર્વે મુખ્ય વાતનું અનુસંધાન ફરી જોડી લઇએ. આજે આપણે એક એવા પ્રાણીની ઓળખાણ કરવાની છે જેને માનવે પોતાની સ્મૃતિમાં છે એટલા સમયથી માત્ર નફરત જ કરી છે અને હળાહળ અન્યાય જ કર્યો છે. કદી ડરના લીધે, તો કદી નર્યા અજ્ઞાનના કારણે. સર્પો અંગેનું અજ્ઞાન જ આ નફરતનું મૂળ કારણ છે. કહેવાય છે કે અજ્ઞાન કરતાં અધકચરું જ્ઞાન ઘાતક હોય છે અને આ અધકચરા જ્ઞાનનો ભોગ જો કોઇ બન્યુ હોય તો તે પ્રાણી છે સર્પ. સર્પ પ્રત્યે આપણે હંમેશાં દુર્લક્ષ અને નફરત જ સેવ્યાં છે. આ દુર્લક્ષ અને નફરતનું ખરું કારણ માત્ર અજ્ઞાન અને તેમાંથી નિપજતો ડર જ છે. તો ચાલો તમસો મા જ્યોતિર્ગમયને સાચા અર્થમાં કૃતાર્થ કરીને આપણા જીવનના આ અંધારા ખૂણાને ઉજ્જવળ બનાવીએ.



બાળપણમાં શિયાળામાં શાળાએ જતાં રસ્તામાં આવતા મોટા મોટા પથ્થરા અમે ઊંચકાવતા અને કોઇ કોઇ પથ્થરની નીચેથી દેડકાં મળી આવતાં. ત્યારે અમને એવું લાગતું કે આ દેડકાં મરેલાં છે, પરંતુ દશમા ધોરણમાં જ્યારે જીવવિજ્ઞાનમાં સરિસૃપોની શીત-સમાધી એટલે કે હાઇબરનેશન પ્રક્રિયા વિષે જાણ્યું ત્યારે સમજાયું કે તે બધાં દેડકાં મરેલાં નહોતાં... પણ અમે તેમને બહાર કાઢ્યા પછી કદાચ તેઓ મૃત્યુ પામ્યા હોય! સર્પ એક સરિસૃપ વર્ગનું પ્રાણી હોવાથી તે પણ અન્ય સરિસૃપોની માફક શીત રુધિરવાળું પ્રાણી છે. શીત રુધિર હોવું એટલે કે જે પ્રાણી પોતાના શરીરના તાપમાનને સ્વયં નિયંત્રણમાં રાખીને જરૂર મુજબ ગરમ કે ઠંડું ન કરી શકતું હોય તે તમામ પ્રાણીઓ શીત રુધિરવાળા પ્રાણીઓ કહેવાય.

માનવ શરીર પોતાના શરીરનું તાપમાન પસીનાથી તથા શુક્રપીંડ દ્વારા શરીરમાં ફરતા રુધિરનું તાપમાન યોગ્ય માત્રામાં જાળવી રાખે છે. સર્પના શરીરમાં પસીનાની કે શુક્રપીંડ થકી રુધિરને ઠંડું કરવાની સુવિધાના અભાવે તેને પોતાના શરીરના તાપમાનને જાળવી રાખવા માટે બાહ્ય પરિબળો પર આધાર રાખવો પડે છે. આનો મતલબ એવો થાય કે ઉનાળામાં સર્પને પોતાના રક્તને ઠંડું રાખવા બાહ્ય ઠંડકથી શરીરને ઠંડું રાખવું પડે. તેથી જ ઉનાળા દરમિયાન તમને સર્પ અંધારા ભંડકિયામાં, જ્યાં ભેજ વધુ હોય અથવા તો પાણીનો છંટકાવ કરવામાં આવેલા છોડવાઓના ક્યારામાં લાંબો થઇને પડેલો જોવા મળશે. આ જ પ્રક્રિયા શિયાળામાં ઊલટી થઇ જાય. જેમ જેમ ઠંડીનું પ્રમાણ વધતું ચાલે તેમ તેમ સાપ દેખાતા બંધ થઇ જાય છે.

તમામ સર્પોના જીન્સમાં એક ટાઇમ ટેબલ અને એક ઘડિયાળ ગોઠવાયેલા હોય છે અને જેમ જેમ શિયાળો નજીક આવતો જાય તેમ તેમ તેઓ છુપાવાની એવી જગ્યા શોધી લેતા હોય છે કે જ્યાં શિયાળાના આગામી ચાર માસ દરમિયાન તેઓને કોઇ ખલેલ ન પહોંચે અને એક જ બંધિયાર જગ્યા પર તેઓ પડી રહીને પોતાના શરીરનું તાપમાન જાળવી રાખી શકે જેથી તેમનું રુધિર ઠરીને વહેતું બંધ ન થઇ જાય. મેં બે-ત્રણ વાર ખુલ્લામાં કોઇ વસ્તુ નીચે ફસાઇ ગયેલી ધામણોનું નિરીક્ષણ કર્યું છે. આ ધામણોનું શરીર રબ્બર જેવું થઇ ગયું હોય અને તેને પૂંછડીથી પકડીને ઉલ્ટી લટકાવો તો તેના મોંમાંથી પાણી અને રુધિર અલગ નીકળી આવે છે. આમ શિયાળામાં સર્પ જો પોતાનું તાપમાન જાળવી શકે નહીં તો તેનું લોહી ઠરી અને ઘટ્ટ થઇ જાય છે.



હવે એ મુદ્દો ઊઠે છે કે આ વૈજ્ઞાનિક પ્રક્રિયાને અને સાપના યોગી હોવાપણાને શું સંબંધ હોઇ શકે? ઊંટની માફક સર્પ પણ શિયાળામાં શીત-સમાધીમાં જતા પૂર્વે એટલે કે ચોમાસામાં પુષ્કળ માત્રામાં ખોરાક મેળવીને શરીરમાં ચરબીના થરો જમા કરી લેતો હોય છે. શિયાળામાં ઠંડીની બીકના કારણે સર્પ અંદાજે શિયાળાના ચાર મહિના એક જગ્યા પર બેસી રહેતો હોય છે. આ ગાળામાં તે બને તેટલું ઓછું હલન ચલન કરે છે. તેણે ચોમાસામાં એકઠી કરેલી ચરબીમાંથી સર્પને શરીર માટે જરૂરી જીવનચાલક ઊર્જા મળી રહેતી હોય છે. હવે વાત આવે છે શરીરના ઊર્જા વપરાશની. શરીરની કોઇ પણ પ્રક્રિયા ઊર્જા બાળે છે, પછી ભલે તે શ્વાચ્છોશ્વાસ કેમ ન હોય. કોઇ પણ શરીરની શ્વાચ્છોશ્વાસની પ્રક્રિયા થકી પણ શરીરની વાઇટલ એનર્જીનો વપરાશ થતો હોય છે. દરેક શરીરની શ્વસન પ્રક્રિયામાં ફેફસાં દ્વારા પ્રાણવાયુ તેના લોહીમાં ભળતો હોય છે. અને આ લોહી શરીરના છેક છેવાડે આવેલા કોષો સુધી પ્રાણવાયુ પહોંચાડે છે અને તે રીતે આ કોષો જીવંત રહે છે. રુધિરાભિસરણ પ્રક્રિયા પાછળ પણ સારી એવી ઊર્જાની ખપત થતી હોવાથી સર્પોએ અંતર્સ્ફુરણાથી જ પોતાના હૃદયના ધબકારા ઓછા કરતાં તથા તેના થકી રુધિરાભિસરણ પ્રક્રિયાને પણ ધીમી કરી નાખવાનો પ્રાણાયમનો યોગ સહજપણે સિદ્ધ કર્યો છે. આમ હૃદયના ધબકારા ધીમા કરીને રક્ત-દબાણ ઓછું કર્યું અને તેના કારણે તેને શ્વસન પ્રક્રિયા પણ ધીમી થવાથી શરીરમાં સંચિત ઊર્જાને તેઓ ચાર-ચાર માસ જેટલો લાંબો સમય ભોજન-પાણી વિના જ તેઓ શિયાળાના આ કપરો સમયગાળો હેમખેમ પસાર કરી નાખતા હોય છે.

હવે તમે એક તરફ એમ કહો છો કે તમે, એટલે કે સભ્ય સમાજ, ખૂબજ બુદ્ધિશાળી પ્રાણીઓનો બનેલો છે, પરંતુ આ લેખ વાંચ્યા બાદ પોતાના જ હૃદય પર હાથ રાખીને જાતને માત્ર એક જ પ્રશ્ન પુછો... શું ખરેખર આપણે શિક્ષિત અને સુસંસ્કૃત છીએ ખરા...? કારણ કે આ બન્ને ગુણોમાંનો એક પણ ગુણનો આપણને સૌને જો સાક્ષાત્કાર થયો હોત તો કુદરતના કરિશ્મા જેવા આ જીવને આપણે આટલું ધિક્કારી શકીએ ખરાં? ના બોસ ના... આપણે સૌ પેલી જૂની ઉક્તિ જેવા છીએ... ભણ્યા ખરાં, પણ ગણ્યાં નથી...! કદાચ આપના છુપા અહમને જો ઠેસ પહોંચી હોય તો આ ક્ષુદ્ર 'હોમો સેપિયન્સ'ને માફ કરી દેજો. ■

ફોકસ

કે. પી. સિંહ
feedback@bombaysamachar.com

# દરિયાનાં પાણીમાં ઘટતું ઓક્સિજન...

## માછલાં માથે મોત ભમે છે..!

શું તમે માનશો કે ૧૯૬૦ ની સરખામણીમાં આજે ખુલ્લા મહાસાગરમાં ૧૭ લાખ ચોરસ માઇલથી પણ મોટો એક એવો વિસ્તાર છે, જ્યાં મહાસાગરના અન્ય ભાગોની તુલનામાં, ઓક્સિજન ૪ થી ૫ ટકા અને કેટલીક જગ્યાએ ૧૫ ટકા ઓછો હોવાનું કહેવાય છે. હા, ગ્લોબલ વોર્મિંગને કારણે સમુદ્રના વધતા તાપમાન અને સતત વધતાં એસિડિફિકેશન સિવાય આ એક ગંભીર સમસ્યા છે, જેના પર સામાન્ય રીતે લોકોનું ધ્યાન જતું નથી. પરંતુ સમુદ્રમાં ઓક્સિજન ઘટવાની આ ચોંકાવનારી વાસ્તવિકતાએ વિશ્વભરના ઇકોલોજિસ્ટ્સ અને દરિયાઇ પ્રજાતિના નિષ્ણાતોને ઊંડી ચિંતામાં ધકેલી દીધા છે. નેધરલેન્ડની રેડબૌડ યુનિવર્સિટીના ઇકો-ફિઝિયોલોજિસ્ટ વિલ્કો વર્બર્ક કહે છે, આ એટલું આશ્ચર્યજનક નથી. જો સમુદ્રનું પાણી સતત ગરમ થતું રહેશે, જે આપણે જાણીએ છીએ તે ૭૦ ડિગ્રી ફેરનહીટના આઘાતજનક સ્તરે પહોંચી ગયું છે, એવામાં ગરમ થતા સમુદ્રમાં ઓક્સિજન ઘટવો સ્વાભાવિક છે અને જ્યારે સમુદ્રમાં ઓક્સિજન ઓછો થઈ જાય, તો આપણે કઇ રીતે અપેક્ષા રાખી શકીએ કે, માછલીઓ કોઈપણ સમસ્યા વિના ટકી શકે. છેવટે, માછલીને પણ શ્વાસ લેવાની જરૂર પડે છે. અન્ય પ્રાણીઓની જેમ માછલી પણ શ્વાસ લીધા વિના જીવી શકતી નથી. સમુદ્રના પાણીના વધતા તાપમાન અને પરિણામે ઘટતા ઓક્સિજનને કારણે, માત્ર અમુક ચોક્કસ વિસ્તારોમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના મહાસાગરોમાં ૧૯૬૦ થી ૨૦૧૦ ની વચ્ચે ઓક્સિજનમાં બે ટકાનો ઘટાડો થયો હતો અને વૈજ્ઞાનિકોનું માનવું છે કે આ સદીના અંત સુધીમાં ઓક્સિજનમાં ઘટાડાની ટકાવારી વધીને ૭ ટકા થઇ જશે.

જો કે, વિશ્વભરના મહાસાગરોમાં હજુ પણ કેટલાક વિસ્તાર છે જ્યાં ઓક્સિજનની ઊણપ ૧૫ ટકા સુધી પહોંચી ગઈ છે. ઉદાહરણ તરીકે, ઉત્તરપૂર્વ પેસિફિકના ટોચના ક્ષેત્રમાં ઓક્સિજન ૧૫ ટકાથી વધુ ઘટ્યો છે. જેના કારણે આ સમગ્ર વિસ્તારમાં ૨૫ થી ૩૦ ટકા માછલીઓ અને અન્ય દરિયાઈ પ્રજાતિઓ કાં તો અહીંથી સ્થળાંતર કરી ગઈ છે અથવા તો મોટી સંખ્યામાં મૃત્યુ પામી છે. આઇપીસીસીના ૨૦૧૯ના રિપોર્ટ અનુસાર, ૧૯૭૦ થી ૨૦૧૦ સુધી વિવિધ મહાસાગરોના અમુક વિસ્તારોમાં ઓક્સિજનની અછતને કારણે, એવી મોટી માછલીઓ જે પહેલા મોટી સંખ્યામાં હાજર હતી તે અહીં વિકસી નથી રહી. આ દિવસોમાં, આ ચોક્કસ વિસ્તારોમાં જેલી ફિશ જેવી માછલીઓનો મોટા પાયે વિકાસ થઈ રહ્યો છે, જેને ઓછા ઓક્સિજનની જરૂર પડે છે. આઈપીસીસીના આ રિપોર્ટ અનુસાર, આ ખાસ વિસ્તારોમાં જેલી ફિશમાં ૩ થી ૮ ટકાનો વધારો થયો છે, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે આ વિસ્તારોમાં સમુદ્રમાં ઓક્સિજન ઘટી જવાને કારણે તમામ માછલીઓ અથવા દરિયાઈ જીવોની પ્રજાતિઓ અહીં સરળતાથી રહી શકતી નથી.

આવી જ સ્થિતિ દક્ષિણ-પૂર્વ ચીનના દરિયાકાંઠે પણ જોવા મળી રહી છે, જ્યાં છેલ્લા એક દાયકાથી બોમ્બે ડક નામની માછલીની પ્રજાતિ વિકસી રહી છે. જ્યારે અન્ય માછલીઓ અમુક અંશે ગાયબ થઈ રહી છે. વિચિત્ર નામ ધરાવતી આ બોમ્બે ડક માછલીનો આકાર પણ જેલી માછલી જેવો છે અને તેનું ખાસ ખુલ્લું જડબુ તેને અન્ય માછલીઓથી અલગ પાડે છે પરંતુ તેની વિશિષ્ટ રચનાને કારણે તેને અન્ય માછલીઓની સરખામણીમાં ઘણા ઓછા ઓક્સિજનની જરૂર પડે છે લોકોને તેને ખાવામાં કોઈ ખાસ ફરક નથી લાગતો, તો લોકો તેનાથી ખુશ છે, કારણ કે છેલ્લા એક દાયકામાં બોમ્બે ડક નામની આ ખાસ માછલીની સંખ્યામાં ઘણો વધારો થયો છે, જેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે માછીમારીના જહાજો અગાઉ જ્યાં પ્રતિ કલાક માંડ ૪૦ થી ૫૦ પાઉન્ડ માછલી પકડવામાં સક્ષમ હતા, આ દિવસોમાં તેઓ પ્રતિ કલાક ૪૪૦ પાઉન્ડ માછલી પકડે છે, જે એક દાયકા પહેલાની સરખામણીએ દસ ગણી વધારે છે અને દરિયાઈ જીવનના નિષ્ણાતો તેને ભયાનક રાક્ષસી પ્રવૃતિ માને છે.

યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલંબિયાના ફિશરીઝ રિસર્ચર ડેનિયલ પોલીએ આટલી મોટી માત્રામાં માછલી પકડવાને ક્રૂર ગણાવ્યું છે. પરંતુ આ ક્રૂરતા ઉપરાંત, આ વિસ્તારમાં આ માછલીના મોટા પ્રમાણમાં વધારો થવાનું કારણ પણ ખૂબ જ ભયજનક છે, કારણ કે આ વિસ્તારના દરિયાના પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘણું ઓછું થઈ ગયું છે, જેના કારણે મોટાભાગની માછલીઓ સંકલન કરી શકતી નથી. આવી સ્થિતિમાં તે કાં તો મરી ગઈ અથવા તો અહીંથી ભાગીને બીજે ક્યાંક ચાલી ગઈ. બોમ્બે ડક નામની માછલી તે પ્રજાતિઓમાંની એક છે, જેને ખૂબ ઓછા ઓક્સિજનની જરૂર પડે છે. તેની શારીરિક રચનાને કારણે તે પાણીની બહાર હવામાં રહેલા ઓક્સિજનનો પણ અમુક અંશે ઉપયોગ કરે છે. કહેવાનો અર્થ એ છે કે, ચીનના લોકો વિપુલ પ્રમાણમાં બોમ્બે ડક માછલીઓ ખાવા માટે ઉપલબ્ધ હોવાને કારણે ભલે ખુશ હોય, પરંતુ તે સમગ્ર પૃથ્વી માટે નિરાશાજનક ભવિષ્યની ઝલક છે કારણ કે મહાસાગરોમાં ઓક્સિજન ઘટવાને કારણે મોટાભાગના પ્રાણીઓની પ્રજાતિઓએ એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરવું પડે છે અથવા મૃત્યુને ભેટવું પડે છે. દેખીતી રીતે, આનાથી ઇકોલોજીમાં ભારે અસંતુલન સર્જાવાની શક્યતા વધી ગઈ છે.

એકંદરે, દરિયાના પાણીમાં ઓક્સિજન ઘટવો એ એટલી જ મોટી સમસ્યા છે, જેટલી ગ્લોબલ વોર્મિંગના કારણે વધતા તાપમાનને કારણે સમગ્ર વિશ્વની આબોહવા ઉતાર-ચઢાવમાંથી પસાર થઈ રહી છે અને સર્વત્ર ભયંકર પૂર, અનિયમિત વરસાદ અને ભયંકર ગરમીને કારણે પડી રહેલા દુષ્કાળને કારણે પૃથ્વી પરનું જીવન દિવસેને દિવસે મુશ્કેલ બની રહ્યું છે.


વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે ભવિષ્યમાં આપણા મહાસાગરો વધુ ગરમ થશે અને ઓક્સિજનથી વંચિત થઈ જશે, જેના કારણે દરેક જગ્યાએ નાના કદની માછલીઓની બહુ ઓછી સંખ્યા જોવા મળશે. કારેલામાં લીમડા જેવી સ્થિતિ એ હશે કે ગ્રીન હાઉસ ગેસ ઉત્પન્ન કરતા બેક્ટેરિયા મોટી માત્રામાં વધશે. જેના કારણે ઓછા ઓક્સિજનવાળા પાણીમાંથી સારી માત્રામાં ઓક્સિજન ધરાવતા દરિયામાં દરિયાઈ જીવોની પ્રજાતિઓનું સ્થળાંતર થશે અને ઉષ્ણકટિબંધીય વિસ્તારો માછલીઓથી ખાલી થઈ જશે. જ્યારે ધ્રુવો પર પહેલેથી જ રહેતી મોટી માછલીઓ લુપ્ત થવાના આરે પહોંચી ગઈ છે. ■



## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# પોટસ-પેન્શન ને પોવર્ટી... આજે તો કોઈ આ વાત સાચી નહિ માને!



એન્ડ્ર્યુ કાર્નેગી



યુલેસિસ ગ્રાન્ટ

**POTUS** બદલાયા, પણ LOTUS હજી અડીખમ છે......'

હમણાં સોશિયલ મીડિયા પર એક મિત્રે આવો મેસેજ મોકલ્યો, જે એકદમ તો સમજાયો નહિ પછી ખ્યાલ આવ્યો કે POTUS એટલે 'પ્રેસિડેન્ટ ઓફ ધી યુનાઈટેડ સ્ટેટ્સ'નું ટૂંકાક્ષરી નામ. અને 'લોટસ' એટલે આપણા નરેન્દ્રભાઈ.

મેસેજનો ભાવાર્થ એવો હતો કે ૨૦૧૪થી અમેરિકાએ ત્રણ રાષ્ટ્રપ્રમુખ જોયા અને ભલું હશે તો આ વર્ષના અંતે ચોથા પ્રમુખ જોશે. બીજી તરફ. ભારતમાં નરેન્દ્રભાઈ સતત ત્રણ ટર્મથી અડીખમ છે. આપણે જાણીએ છીએ કે આવા મેસેજ બે ઘડી ગમ્મત ખાતર જ હોય છે, પણ POTUS વિષે કેટલીક રસપ્રદ વાતો જાણવા જેવી છે.

૧૭૮૯માં જ્યોર્જ વોશિંગ્ટન અમેરિકી પ્રમુખ નિમાયા એ પછી આજ દિન સુધીમાં યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાએ કુલ ૪૬ રાષ્ટ્રપ્રમુખ જોયા છે. અમેરિકી પ્રમુખની ટર્મ ચાર વર્ષની હોય છે, કેટલાક નસીબદાર વળી બે ટર્મ ખેંચી નાખે તો વિશ્વના સૌથી શક્તિશાળી વ્યક્તિ તરીકે આઠ વર્ષ સુધી આખી દુનિયા પર રાજ કરવા મળે, પણ પછી શું?

ગુજરાતીમાં કહેવત છે કે 'ઉતર્યો અમલદાર કોડીનો.' એટલે વિશ્વની એકમાત્ર મહાસત્તાની સર્વોચ્ચ સત્તાનો સ્વાદ ચાખ્યા પછી રિટાયર્ડ થયેલ વ્યક્તિનું જીવન કેવું રહેશે એ જાણવાની તાલાવેલી તો થાય જ.

### 'હું આપીશ પેન્શન': સ્ટીલ ટાયકૂન કાર્નેગીએ જાહેરાત કરી

માણસ નિવૃત્ત થાય એટલે સૌથી પહેલો પ્રશ્ન આજીવિકાનો ઊભો થાય. જો મામલો અમેરિકન પ્રેસિડેન્ટનો હોય તો સુરક્ષા અને માન-મોભાની જાળવણી વિશે પણ વ્યવસ્થા પણ કરવી પડે. આ બધા માટે અમેરિકામાં 'ફોર્મર પ્રેસિડેન્ટ એક્ટ' નામક સંઘીય કાયદો અમલમાં છે. તમને જાણીને નવાઈ લાગશે, કે જ્યોર્જ વોશિંગ્ટન પ્રમુખ બન્યા, એ પછી આશરે સવાસો વર્ષો સુધી કોઈને એવો વિચાર જ ન આવ્યો કે રિટાયર્ડ થનારા અમેરિકી પ્રમુખ માટે પેન્શન સ્કીમ હોવી જોઈએ! ઠેઠ ૧૯૧૨માં અમેરિકન સ્ટીલ ઇન્ડસ્ટ્રીના જનક ગણાતા બિઝનેસ ટાયકૂન એન્ડ્ર્યુ કાર્નેગીએ સરકાર સમક્ષ ઓફર મૂકી કે નિવૃત્ત થનાર અમેરિકન પ્રેસિડેન્ટને એ પોતાના ગજવામાંથી વાર્ષિક ૨૫,૦૦૦ ડૉલર્સ જેવું માતબર પેન્શન આપવા તૈયાર છે!

એન્ડ્ર્યુ કાર્નેગી કઈ હસ્તી હતા અને અમેરિકન ઇન્ડસ્ટ્રીઝ તેમજ બેન્કિંગ સિસ્ટમ ઉપર એમનો કેવો પ્રભાવ હતો એ વિગતે સમજવા માટે અભ્યાસ લેખોની આખી શ્રેણી કરવી પડે, પણ આજે જે ક્રોનિ કેપીટાલાઇઝેશન વિષે બૌદ્ધિકો બુમરાણ મચાવતા હોય છે એના આઇકોન સમાન હતા એન્ડ્ર્યુ! જો કે બિઝનેસ એમ્પાયરની સાથે સાથે એમણે દાન-ધર્માદા ય બહુ કર્યા અને દાનવીર તરીકેની છાપ ઉપસાવવામાં સફળ થયા. દેશના રાષ્ટ્રપ્રમુખ રિટાયર્ડ થાય, એ પછી એમને પેન્શન આપવાની એન્ડ્ર્યુની વાત પણ આ જ પ્રકારના 'દાન-ધરમ'માં ગણના પામતી હતી. કેટલાક સાંસદોએ આ પ્રકારની 'પ્રાઈવેટ પેન્શન' સ્કીમ સામે યોગ્ય રીતે જ નાકનું ટીચકું ચડાવ્યું. નિવૃત્ત થયા પછી જો રાષ્ટ્રપ્રમુખે એક બિઝનેસમેનના આશ્રિત થઈને રહેવાનું હોય તો સ્વાભાવિકપણે એ પોતાના કાર્યકાળ દરમિયાન એવી જ નીતિઓ ઘડે, જેનો સીધો ફાયદો એન્ડ્ર્યુ કાર્નેગીને મળે!

### કાયદો ઘડાયો, પણ...

કાર્નેગીની ઓફર પછી એક મહત્ત્વની બાબત એ બની કે અમેરિકી સંસદ નિવૃત્ત થયેલા પ્રમુખો માટે કશુંક કરવું જોઈએ એવું વિચારતી થઇ. જો કે આવું વિચારવામાં ને વિચારવામાં થોડા વધુ દાયકાઓ પસાર થઇ ગયા. અને ઠેઠ ૧૯૫૮માં કાયદો ઘડાયો, જે અગાઉ જણાવ્યું એમ, 'Former Presidents Act' તરીકે ઓળખાયો. આ કાયદો નિવૃત્ત થનાર અમેરિકી રાષ્ટ્રપ્રમુખને પેન્શન સહિત શું શું વ્યવસ્થાઓ આપવી એનો ઉલ્લેખ કરે છે. આ કાયદાના સર્વપ્રથમ લાભાર્થી તરીકે અમેરિકી પ્રમુખ આઈઝન હોવરનું નામ છે. આજે તો હવે આ ફોર્મર પ્રેસિડેન્ટ એક્ટને કારણે નિવૃત્તિ બાદ અમેરિકી પ્રેસિડેન્ટ્સ તગડા આર્થિક લાભો મેળવતા થયા છે, પરંતુ વીતેલી સદીઓ દરમિયાન કેટલાય ભૂતપૂર્વ થયેલા પ્રમુખોએ નાણાભીડ વેઠી હશે એની કલ્પના જ કરવી રહી. એક જાણીતો દાખલો અઢારમાં રાષ્ટ્રપ્રમુખ યુલેસિસ ગ્રાન્ટનો છે.

### યુ.એસ. ગ્રાન્ટઃ બેસ્ટ સેલિંગ પુસ્તક લખ્યું, પણ...

યુ. એસ. ગ્રાન્ટ ૧૮૬૯માં અમેરિકાના અઢારમા રાષ્ટ્રપતિ બન્યા. એ પહેલાં અમેરિકન સિવિલ વોર વખતે આર્મી જનરલ તરીકે પણ ગ્રાન્ટે નોંધપાત્ર કામગીરી બજાવેલી. પોતાની સતત બે ટર્મ પૂરી કરીને એ ઇસ ૧૮૭૭માં રાષ્ટ્રપતિપદેથી નિવૃત્ત થયા એ પછી ખરી કઠણાઈ બેઠી. થયું એવું કે ગ્રાન્ટને ગળાનું કેન્સર થયું. આગળ જતા આ કેન્સર જ એમના મૃત્યુનું કારણે ય બન્યું, પણ નિવૃત્તિ દરમિયાન કેન્સરના ઈલાજ, વગેરે માટે ધન ક્યાંથી મેળવવું એ ગ્રાન્ટ માટે સૌથી મુશ્કેલ સમસ્યા બની રહી. એક તરફ રોગની સારવાર અને બીજી તરફ ખોટાં આર્થિક રોકાણો બાદ માથે વધી રહેલું આર્થિક દેવું... જ્યારે કોઈ રસ્તો જડતો નહોતો ત્યારે વિખ્યાત લેખક માર્ક ટ્વેઇન ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખની મદદે આવ્યા. ટ્વેઇનનો જમાઈ પબ્લિશિંગ હાઉસ ચલાવતો હતો. એમણે ગ્રાન્ટને સૂચન કર્યું, કે 'તું આટઆટલા સંઘર્ષો અને ઉતાર-ચઢાવ વચ્ચે જીવ્યો છે, અમેરિકન ગૃહ યુદ્ધનો હિસ્સો રહ્યો છે, અને સાથે જ બે ટર્મ સુધી દેશનો પ્રમુખ પણ રહ્યો છે તો આ બધાને સાંકળી લેતાં સરસ મજાનાં સંસ્મરણો શા માટે નથી લખતો?'

યુલેસિસ ગ્રાન્ટને મિત્ર ટ્વેઇનની આ સલાહ જચી ગઈ. એણે પોતાની સ્મૃતિઓ આલેખતું એક પુસ્તક લખ્યું: The Personal Memoirs of U. S. Grant. બે ભાગમાં લખાયેલ આ પુસ્તકમાં ગ્રાન્ટની મિલિટરી સેવાઓ, પ્રેસિડેન્શિયલ વર્ષો તેમજ તત્કાલીન રાજકીય પરિસ્થિતિઓ વિશેની વાતો-સંસ્મરણો હતાં. માર્ક ટ્વેઇને ખરા અર્થમાં મિત્ર ધર્મ બજાવતા હોય એ રીતે પોતાની શાખનો સંપૂર્ણ ઉપયોગ કરીને પુસ્તકનો પ્રચાર કર્યો. પુસ્તક હાથોહાથ વેચાયું, પણ કમનસીબી એવી કે ગ્રાન્ટ પોતે પુસ્તકની સફળતા જોવા જીવિત ન રહી શક્યા!


આજે જ્યારે અમેરિકા સહિત દુનિયાભરના નેતાઓ દોમ દોમ સાહ્યબીમાં આળોટતા દેખાય છે ત્યારે કોણ માનશે કે એક સમયે અમેરિકાના નિવૃત્ત રાષ્ટ્રપતિઓને માટે આજીવિકા એક બહુ મોટો પ્રશ્ન હતો! ખેર, આપણે બહુ મન પર લેવું નહિ, આપણે ત્યાં તો નેતાઓ નિવૃત્ત થતા જ નથી. ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# ચિયાંગ મિ વરંડા હાઈ રિસોર્ટ - થાઈલેન્ડ
# કુદરત સાથેનો રસપ્રદ સંવાદ





ચિયાંગ મિ શહેરની બહાર ટેકરીઓ વચ્ચે બનાવેલ આ રિસોર્ટ કુદરત, સાંસ્કૃતિક પરંપરા અને આધુનિક સવલતો વચ્ચેનું સંતુલન છે. અહીં કુદરત સાથે અનેરો તાલમેલ સ્થાપિત થયો છે, થાઈલેન્ડના પરંપરાગત સ્થાપત્યની મુખ્ય બાબતોનો નિષ્ઠાપૂર્વક સમાવેશ થયો છે અને ધનિક વર્ગને અનુરૂપ સવલતો પણ સમાવાઇ છે.

આમ પણ રિસોર્ટમાં ઝાડ પાન, જળકુંડ, અર્ધ-ખુલ્લા વરંડા તથા કુદરતી માહોલ વચ્ચેના આવનજાવનના માર્ગનો સમાવેશ થતો જ હોય છે. રિસોર્ટ અને હોટેલનો આ મુખ્ય તફાવત છે - રિસોર્ટમાં કુદરતી માહોલ વચ્ચે રહેવાનો અહેસાસ થાય જ્યારે હોટલમાં માત્ર આધુનિક સવલતોને આધારે રચના નિર્ધારિત થાય. રિસોર્ટની રચનામાં ક્યારેક પરાણે વસ્તુને કુદરતની વચ્ચે બેસાડી દેવામાં આવે છે. આમાં કુદરત સાથે સાથે મકાનના જે તે ભાગ માટે પણ જાણે પ્રતિકૂળ પરિસ્થિતિ સર્જાય. અહીં ન તો કુદરતને ન્યાય મળે ન તો મકાનની આધુનિક અસરકારકતા જળવાઈ રહે. ઘણા રિસોર્ટ તો કુદરત અને સ્થાપત્ય વચ્ચેના કજોડા સમાન જણાય. પણ અહીં આવું નથી થતું. અહીં કુદરત અને સ્થાપત્ય વચ્ચે સંવાદિતતા પણ છે અને સંતુલન પણ, કંટીન્યુટી અર્થાત સાતત્યતા પણ છે અને સાથે સાથે બંનેની આગવી ઓળખ પણ ઊભી થાય છે, અહીં કુદરત સ્થાપત્યને પોતાનામાં સમાવી લે છે તો સ્થાપત્ય કુદરત વચ્ચે સહજતાથી ગોઠવાઈ જાય છે, અહીં કુદરત પોતાનું મહત્ત્વ ગુમાવતી નથી અને સ્થાપત્ય પોતાનું મહત્ત્વ સ્થાપી શકે છે. આ એક રસપ્રદ સંતુલન છે.

કુદરતને માણવાની મજા ત્યારે જ આવે જ્યારે કુદરત તેના મૂળ સ્વરૂપે અને પહોંચી શકાય તે અંતરે હોય. કુદરતના વિવિધ પાસાને ત્યારે જ માણી શકાય જ્યારે તે વારંવાર સહજતાથી અનુભૂતિમાં આવતા રહે. કુદરત સાથે ત્યારે જ સંબંધ સ્થાપી શકાય જ્યારે તે સામાન્ય વાતાવરણનો ભાગ બની રહે. કુદરતના સૌંદર્યની પ્રતીતિ કરવા તેનું સૌંદર્ય ઉત્સવીય બની રહેવું જોઈએ. કુદરતની નરમાશ અનુભવવાની હોય છે, કુદરતમાં પ્રવર્તમાન વિગતિકરણ ઝીણવટતા પૂર્વક સમજવાનું હોય છે, કુદરતનો સૌંદર્ય તેની જે તે ચોક્કસ સ્થિતિમાં જ અવલોકવાનું હોય છે, કુદરતની સંદર્ભિક યથાર્થતા તેના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજવાની હોય છે, કુદરતની વિવિધતામાં સમાયેલ એકતા પાછળની હકીકત જીવનમાં ઉતારવાની હોય છે, કુદરતને માત્ર શોકેસમાં રાખેલી વસ્તુ ન સમજી તેને એક ગુરુ તરીકે સ્થાપિત કરવાની હોય છે - અને આ બધી વાતો વધતે-ઓછે અંશે આ રિસોર્ટમાં થઈ રહી હોય તેમ જણાય છે. કદાચ તેની રચના પાછળ આવું ઊંડાણ ભરેલું ચિંતન ન પણ હોય, પરંતુ જે પરિણામ ઉદ્ભવે છે તે પ્રશંસનીય છે.

આશરે ૮૦ ઓરડાઓ, નાના-મોટા બેન્કવેટ હોલ, રિફ્રેશમેન્ટ માટે જરૂરી અલ્પાહાર વ્યવસ્થા, બહાર ખુલ્લામાં વાતાવરણને માણી શકાય તે પ્રમાણેની બેઠક વ્યવસ્થા, ઇન્ડોર રમત માટે તથા કસરત માટેના ઓરડાઓ - આ અને આવી ઘણી બાબતો રિસોર્ટમાં હોય તે સ્વાભાવિક છે. અહીંની વિશેષતા એ છે કે આ બધી જગ્યાઓ સાથે એક વરંડો બનાવાયો છે. આની આ ખાસિયતને કારણે જ આને વરંડા રિસોર્ટ નામ અપાયું છે. સાથે સાથે તે ઊંચાઈ પર આવેલું હોવાથી નામની સાથે હાઈ શબ્દ જોડાયો છે.

સ્થાપત્યમાં વરંડો એ એક અગત્યની રચના છે. અહીં બહાર સાથેનો સંપર્ક જળવાઈ રહે છે અને સાથે સાથે પોતાના વ્યક્તિગત સ્થાનનું પણ નિર્ધારણ થાય છે. વરંડામાં બહારના વાતાવરણને માણી શકાય છે અને વાતાવરણની કેટલીક નકારાત્મક અસરોથી બચી પણ શકાય છે. વરંડામાં ખુલ્લાપણું અનુભવાય છે અને સાથે સાથે કંઈક અંશે વ્યક્તિગતતા પણ જળવાઈ રહે છે. વરંડો સંપર્ક સાધવા માટે પ્રેરે પણ છે અને સાથે સાથે જો જરૂરી ન હોય તો એક પ્રકારની મનોવૈજ્ઞાનિક આડાશ પણ ઉભી કરે છે. એક રીતે જોતાં વરંડો એ અંતરાલ છે જે બહારની ખુલ્લી અને ઓરડાની બંધીયાર જગ્યા વચ્ચેના સેતુ તરીકેનું કામ કરે છે. આ એક સંક્રામક સ્થાન છે જે વચગાળાની પરિસ્થિતિનું સર્જન કરી તેના બે છેડે આવેલી બે ભિન્ન પરિસ્થિતિને હળવાશથી પરસ્પર સાંકળે છે. જુદા જુદા પ્રમાણમાં વાળા વરંડા જુદી જુદી પ્રકારની સંભાવનાઓ ઊભી કરે. કેટલાક વરંડા વ્યક્તિગત પ્રમાણ માપવાળા હોય અને જ્યાં એક કે બે વ્યક્તિનો સમાવેશ ઇચ્છનીય રહે તો કેટલાક વરંડા વિશાળ વિસ્તૃત હોય જ્યાં સામૂહિક કાર્યક્રમ શક્ય બને. થાઈલેન્ડના આ વરંડા હાઈ રિસોર્ટમાં જાણે દરેક પ્રકારના વરંડા પ્રયોજાયા છે, અને તે પણ અસરકારક રીતે. અહીં બીજી રસપ્રદ વાત એ છે કે પાણીની જગ્યાએ પાણી મહત્ત્વનું છે અને વૃક્ષની જગ્યાએ વૃક્ષનું. પાણીનો સ્થાપત્યકીય રસપ્રદ ઉપયોગ અહીં જોવા મળે છે અને સાથે સાથે વૃક્ષ કેવી રીતે સ્થાપત્યની સાથે અસરકારક રીતે સંકળાય શકે તે પણ અહીં જોઈ શકાય છે. અહીં લીલોતરીની પોતાની આગવી ઓળખ છે તો સાથે સાથે લાદીબંધ વિસ્તારનું પણ એવું જ મહત્ત્વ સ્થાપિત થાય છે. કુદરત અને મકાન વચ્ચેનો સમન્વય પ્રશંસનીય છે. જ્યારે અહીં કુદરતની વાત કરવામાં આવે ત્યારે આપમેળે ઉગી નીકળેલા ઝાડપાનની વાત તો છે જ પણ સાથે સાથે વ્યવસ્થિત - હેતુસર ઉગાડવામાં આવેલ લેન્ડસ્કેપની પણ વાત છે. આ સમગ્ર રચના થાઈલેન્ડની પરંપરાગત શૈલી તથા સાંસ્કૃતિક વિરાસતને જાળવી રાખે છે. અમુક લોકોના મતે અહીં ઝેન પરંપરાની અનુભૂતિ થઈ શકે. ■







## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# અલ્યા, કોઈક મનસુખને તો મનાવો...



આજે સવારથી જ મનસુખ એ ઉપાડો લીધો છે. કોઈના બાપનું માનતો નથી. પિતૃઓના શ્રાદ્ધ માટે કાગડાઓને સુગર ફ્રી ખીર અને બાફેલા શાકભાજી મુકવાની વાત કરે છે. બાપુજીને સાડા ચારસો ડાયાબિટીસ રહેતું હતું. જીવતા જીવત કોઈએ ધ્યાન ન રાખ્યું, પરંતુ મર્યા પછી 'મારે ધ્યાન રાખવું જોઈએ' આવું કહી અને પોતાની રીતે મેનુ સેટ કર્યું છે.

કાગડાઓની જમાતમાં પણ હાહાકાર મચી ગયો છે. એક-બે કાગડાએ ખીરમાં ચાંચ મારી, પરંતુ આજુબાજુની અગાસીઓ ઉપર ગળી ખીર ખાઈ ચૂકેલા હવે સુગર ફ્રી ખીર ખાવા કોઈ કાગડા આવતા નથી. કાગડાઓએ લાકડિયો તાર તેના સમાજમાં મોકલી દીધો છે કે મનસુખની અગાસી ઉપર કોઈએ જાવું નહીં....

કાગડાની લેટેસ્ટ પેઢી તીખું તમતમતું અને ધમધમાટ ખાવા ટેવાયેલું છે. તેમાં બાફેલા શાકભાજી કોણ ખાય? અને જેટલા ઉમરવાન કાગડા છે તેમણે લાંબી મુસાફરી ટાળી છે એટલે મનસુખની થાળી અગાસીમાં એમનેમ પડી છે.

મનસુખે કુટુંબીઓ ઉપર ધોંસ બોલાવી કે પિતૃઓ હજી નારાજ છે. બાને પણ ખખડાવ્યા કે તમે શું કામ અગાસી ઉપર ગયા. હજુ પણ બાપુજી તમારાથી બીવે છે એટલે અગાસી ઉપર એક પણ કાગડો લેન્ડ થયો નથી.

મનસુખનું આમ તો પહેલેથી જ આવું છે. કોઈની વાત માને નહીં. એને જે કરવું હોય એ કરે. હમણાં એક દિવસ કૂતરાની પૂંછડીમાં લોખંડનો નાનકડો પાઇપ ભરાવતો હતો. આખું કુટુંબ અને મિત્રોએ સમજાવી સમજાવીને થાક્યા કે કૂતરાની પૂંછડી કોઈ દિવસ સીધી થાય નહીં તો છ મહિના પાઇપ ભરાવી રાખીશ તો પણ નહીં. બહુ મગજમારી પછી માંડ માંડ મનસુખ બોલ્યો કે મારે પૂંછડી સીધી નથી કરવી પાઇપ વાંકો કરવો છે...!

મુંબઈઃ કહેવાય છે કે મૃત્યુ નજીક આવતું હોય ત્યારે અંદેશો આવી જતો હોય છે અને અમદાવાદમાં રહેતાં સવિતાબહેનને પણ તેમનું મૃત્યુ નજીક આવી રહ્યું હોવાનું જાણવા મળી ગયું હતું. એટલે જ તેમણે તેમની દીકરીઓને કહ્યું હતું કે મારા મૃત્યુ બાદ મેં લીધેલા નિર્ણયને અમલમાં મૂકજો. ૯૪ વર્ષની ઉંમર ધરાવતાં સવિતાબેહને બે દિવસ પહેલાં દેહનો ત્યાગ કર્યો, પણ તેમણે દેહદાન કરીને પોતાને જીવંત રાખ્યાં છે. સવિતાબહેનને બે દિવસ પહેલાં અચાનક જ બ્લડ પ્રેશરનો પ્રોબ્લેમ થયો હતો અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. હોસ્પિટલમાં જ જાણે આયુષ્ય પૂરું થઇ ગયું હોવાનું



માલૂમ થઇ ગયું હોવાની જાણ સવિતાબહેનને થઇ ગઇ હતી. તેમણે તાબડતોબ તેમની મુંબઈ રહેતી મોટી દીકરી રંજનબહેનને ફોન કરીને કહી દીધું હતું કે બે વર્ષ પહેલાં મેં જે નિર્ણય કર્યો હતો દેહદાન કરવાનો, તેને પૂરું કરજો. બે વર્ષ પહેલાં એક અખબારમાં દેહદાન વિશે વાંચેલા લેખથી પ્રેરિત થયેલાં સવિતાબહેને એ જ દિવસે નક્કી કરી લીધું હતું કે મારે પણ દેહદાન કરવું છે.' મુંબઈમાં રહેતા તેમના મોટા જમાઈ રજનીકાંતભાઈએ મુંબઈ સમાચારને જણાવ્યું હતું કે 'મારાં સાસુને બે દિવસ પહેલાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં ત્યારે જ તેમણે મને રાતે ફોન કરીને કહી દીધું હતું કે મારા વચનને પાળજો. જોકે તેમની બંને દીકરીઓ પણ તેમની માતાએ લીધેલા નિર્ણયને ટેકો આપ્યો હતો.' ■

# વડા પ્રધાન હવે રવિવારે પુણે મેટ્રોનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરવાના છે

પુણેઃ રવિવાર, ૨૯ સપ્ટેમ્બરે પુણેમાં શિવાજીનગર ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને સ્વારગેટ વચ્ચે મેટ્રો લાઇનનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન વડા પ્રધાન નરેન્દ્ર મોદી કરશે એમ સ્થાનિક સંસદસભ્ય અને કેન્દ્રીય પ્રધાન મુરલીધર મોહોળે જણાવ્યું છે. આ કોરિડોરનું ઉદઘાટન કરવા ઉપરાંત પીએમ મોદી રવિવારે સ્વારગેટ - કાત્રજ મેટ્રો પટ્ટાનો શિલાન્યાસ પણ કરશે એમ રાજ્ય કક્ષાના નાગરિક ઉડ્ડયન અને સહકાર પ્રધાને જણાવ્યું હતું.

પુણેમાં ભારે વરસાદને કારણે પીએમ મોદીની ગુરુવારે પુણેની મુલાકાત રદ કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પૂર્વે તેઓ મેટ્રો કોરિડોરને લીલી ઝંડી આપી વડા પ્રધાન ૨૨ હજાર ૬૦૦ કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવાના હતા.

ગુરુવારે વડા પ્રધાનની પુણે મુલાકાત રદ થયાના કલાકો પછી એનસીપી (એસપી)ના કાર્યકારી પ્રમુખ અને બારામતીનાં સંસદ સભ્ય સુપ્રિયા સુળેએ સૂચવ્યું હતું કે મોદીએ ભૂતકાળમાં પાંચ વખત આ પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યું હોવાથી આ વખતે મેટ્રો લાઈનનું ઉદઘાટન તેમણે ઓનલાઇન કરવું જોઈએ. જોકે સુપ્રિયાના સાથી અને પુણે એનસીપી (એસપી)ના અધ્યક્ષ પ્રશાંત જગતાપે આક્રમક ભૂમિકા અપનાવી ચેતવણી આપી હતી કે જો સરકાર ઉદઘાટન નહીં કરે તો મહા વિકાસ અઘાડી (એમવીએ)ના નેતાગણ શુક્રવારે જનહિતમાં સિવિલ કોર્ટ - સ્વારગેટ મેટ્રો લાઇન શરૂ કરી દેશે.

(પીટીઆઈ)■

## મહારાષ્ટ્રમાં 'જાતિ પંચાયત'નો આતંક

# સસરાના લવ મૅરેજની સજા પુત્રવધૂ અને પરિવારને મળીઃ સાત પેઢી સુધી બહિષ્કાર

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના બીડ શહેરમાં સસરાએ લવ મેરેજ કરતા તેની સજા પુત્ર, પુત્રવધૂ અને પરિવારને મળી હતી. પુત્રવધૂ અને તેના પરિવારનો સામાજિક બહિષ્કાર કરવાનો આદેશ આપવા બદલ એક 'જાતિ પંચાયત'ના નવ સભ્યો સામે કેસ નોંધવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. 'સાત પેઢી સુધી' પરિવારને બહિષ્કૃત કરવાનો આદેશ થોડા દિવસો પહેલા ભટકતી જાતિ નંદીવાલે (તિરમલ) સમુદાયની પંચાયત દ્વારા આપવામાં આવ્યો હતો. બહિષ્કારનો આદેશ પસાર કરતા પહેલા આ મામલે પોલીસનો સંપર્ક કરવામાં આવશે તો મહિલાના પરિવારના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી એમ તેમણે શુક્રવારે જણાવ્યું હતું. મરાઠી ભાષામાં 'જાત પંચાયત' તરીકે ઓળખાતી જ્ઞાતિ પંચાયત એ વિવિધ સમુદાયોની આંતરિક વિવાદ અંગેની વ્યવસ્થા છે. આ પંચાયતો ન્યાયના પરિવેશની બહારની સંસ્થા તરીકે કામ કરી સંબંધિત જાતિઓ અથવા સમુદાયોનું સંચાલન કરે છે. એક મજૂર મહિલાએ નોંધાવેલી ફરિયાદના આધારે નવ પંચાયતના નવ સભ્યો સામે બીડના પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હોવાની માહિતી એક પોલીસ અધિકારીએ આપી હતી. ફરિયાદના આધારે નવ જણા સામે મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ પીપલ ફ્રોમ સોશિયલ બોયકોટ (પ્રિવેન્શન, પ્રોહિબિશન એન્ડ રીડ્રેસલ) એક્ટ ૨૦૧૬ની કલમો હેઠળ અને ભારતીય ન્યાય સંહિતાની ગેરકાયદેસર સભા અને ગુનાહિત ધાકધમકી સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. 'હાલમાં આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે અને આ સંદર્ભમાં હજી સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી' એમ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# મુંબઈમાં બ્રેક પછી ફરી વરસાદે જોર પકડ્યું

## માત્ર પાંચ દિવસમાં માસિક સરેરાશ વરસાદ પડી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાને બુધવારે બાનમાં લેનારા વરસાદ એક દિવસ વિરામ લીધા બાદ શુક્રવાર સવારથી ફરી અનેક વિસ્તારમાં મુશળધાર પડ્યો હતો, તેને કારણે નોકરી-ધંધાએ નીકળેલા લોકોના જીવ ડરના મારે ફરી અધ્ધર થઈ ગયા હતા. જોકે વચ્ચે-વચ્ચે વરસાદે બ્રેક લેતા થોડી રાહત રહી હતી. આ દરમિયાન ૨૩ સપ્ટેમ્બરથી શરૂ થયા બાદ માત્ર પાંચ દિવસમાં જ મુંબઈમાં તેનો માસિક સરેરાશ કરતા વધુ વરસાદ નોંધાઈ ગયો છે.

મુંબઈમાં પાંચ દિવસના સમયગાળામાં શહેરમાં ૨૩ સપ્ટેમ્બરથી ૨૭ સપ્ટેમ્બરની વચ્ચે ૩૯૩ મિ.મી. વરસાદ પડ્યો છે, જે મહિનાના સરેરાશ ૩૫૯.૬ મિ.મી. વરસાદને વટાવી ગયો હતો. ૨૭ સપ્ટેમ્બરના સવાર સુધીમાં સાંતાક્રુઝમાં ૩,૦૧૬ મિ.મી. વરસાદ રેકોર્ડ થવાની સાથે મોસમનો કુલ વરસાદ ૩,૦૦૦ મિ.મી.થી આગળ પહોંચી ગયો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉત્તર કોંકણ પર સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશન, જે હવે દક્ષિણ-પશ્ચિમ મધ્ય પ્રદેશ અને તેના પડોશી રાજ્ય સુધી પહોંચી ગયું છે તેને કારણે પાંચ દિવસમાં મુંબઈ સહિત રાજ્યના અનેક વિસ્તારમાં મુશળધાર વરસાદ પડી ગયો છે.

આ દરમિયાન ગુરુવારે પોરા ખાધા બાદ શુક્રવારે સવારથી ફરી અનેક વિસ્તારોમાં વરસાદ રહ્યો હતો, જેમાં દક્ષિણ મુંબઈમાં અમુક વિસ્તારોમાં સવારના ભારે વરસાદને કારણે પીક અવર્સમાં ટ્રાફિક જૅમની સમસ્યા થઈ હતી. બપોર બાદ પૂર્વ અને પશ્ચિમ ઉપનગરમાં વરસાદનું જોર રહ્યું હતું. હવામાન નિષ્ણાતના કહેવા મુજબ વાવાઝોડાની ગતિવિધિએ જોર પકડ્યું છે, તેથી વરસાદના ભારે ઝાપટાં પડી રહ્યા છે. જોકે હવે ટૂંકા સમયગાળામાં જોરદાર વરસાદ પડવાની શક્યતા ઘટી ગઈ છે. શુક્રવાર માટે યલો એલર્ટ હતું, તે મુજબ જુદા જુદા વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદ રહ્યો હતો.

શુક્રવાર સવારના ૮ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં દક્ષિણ મુંબઈમાં ૨૬.૪૩ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૨૨.૯૫ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૨૩.૯૯ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ■

### મધ્યમ વરસાદ રહેશે

હવામાન વિભાગના વર્ગીકરણ મુજબ ૬૪.૫ મિ.મી.-૧૧૫.૫ મિ.મી. વચ્ચે નોંધાયેલ વરસાદ ભારે શ્રેણીમાં આવે છે, તો ૧૫.૬ મિ.મી.થી ૬૪.૫ મિ.મી. વચ્ચે નોંધાયેલ વરસાદ મધ્યમ શ્રેણીમાં આવે છે. હવામાન વિભાગની આગાહી મુજબ ૨૮ સપ્ટેમ્બરથી એક ઑક્ટોબર સુધી ગ્રીન એલર્ટ સાથે મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે.

### છેલ્લા એક દાયકાનો ચોથા નંબરનો હાઈએસ્ટ વરસાદ

બુધવારથી ગુરુવાર સવારના ૨૪ કલાક દરમિયાન સાંતાક્રુઝમાં નોંધાયેલો ૧૭૦ મિ.મી. વરસાદ એ સપ્ટેમ્બર મહિનાનો છેલ્લા ચાર વર્ષમાં સૌથી હાઈએસ્ટ વરસાદ રહ્યો હતો. તો છેલ્લા એક દાયકાનો ચોથા નંબરનો હાઈએસ્ટ વરસાદ રહ્યો હતો. આ અગાઉ એક દિવસમાં સૌથી વધુ વરસાદ સપ્ટેમ્બર ૨૦૧૭માં ૩૦૩.૭ મિ.મી. રહ્યો હતો. ■

# કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રોહિદાસ પાટીલનું નિધન

મુંબઈઃ કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રોહિદાસ પાટીલનું ટૂંકી માંદગી બાદ શુક્રવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ મહારાષ્ટ્રના ધૂળેમાં નિધન થયું હોવાનું પક્ષના સૂત્રોએ જણાવ્યું હતું. પાટીલ તેમના વિધાનસભ્યો પુત્ર કુણાલ અને વિનય પાટીલ તથા દીકરી સ્મિતા સાથે રહેતા હતા. લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ તાજેતરમાં પાટીલની મુલાકાત લીધી હતી અને તેમના તબિયતની પૃચ્છા કરી હતી.■

## મહિલા સાહસિકોનું સશક્તિકરણઃ રોટરી ક્લબ અને આરએમબી ક્લબ ગરિમા દ્વારા પ્રદર્શન

રોટરી ક્લબ્સ અને આરએમબી ક્લબ ગરિમાએ કર્મવીર સ્પોર્ટ્સ ક્લબ, અંધેરી વેસ્ટ ખાતે ૨૮મી અને ૨૯મી સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ થી રાત્રે ૯ સુધી એક વિશિષ્ટ પ્રદર્શનનું આયોજન કરીને મહિલા સાહસિકો અને નાના ઉદ્યોગોને ઉત્થાન અને સશક્તિકરણ કરવા માટે એક સાહસિક પગલું ભર્યું છે. આ ઇવેન્ટ મહિલાઓની આગેવાની હેઠળના સાહસોને નવરાત્રિ અને દિવાળીના તહેવારોની સિઝન માટે સમયસર તેમના ઉત્પાદનોને પ્રદર્શિત કરવા, મોટા ગ્રાહક આધારને ટેપ કરવા અને તેમના વ્યવસાયોને વધારવા માટે એક અનન્ય પ્લેટફોર્મ આપશે. શનિવાર તારીખ ૨૮ સપ્ટેમ્બરે ફેશન શૉ તેમજ રવિવાર તારીખ ૨૯ સપ્ટેમ્બરે ગરબા નાઈટનું આયોજન પણ કરેલ છે. લકી ડ્રો તેમ જ અન્ય ઈનામો પણ રાખેલ છે. પરિવાર સહ પધારો પ્રવેશ નિઃશુલ્ક છે. સર્વને આમંત્રણ છે.

# મુંબઇના આંગણે પ. પૂ. મહંતસ્વામી મહારાજનો ૯૧મો જન્મજયંતી મહોત્સવ ભવ્યતા અને દિવ્યતાથી ઉજવાયો

તા. ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ભગવાન સ્વામીનારાયણનું સ્મૃતિપર્વ, વિશ્વવંદનીય પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજનું સ્મૃતિપર્વ તથા પ. પૂ. મહંતસ્વામી મહારાજની ૯૧મી જન્મજયંતીના ત્રિવેણી ઉત્સવની ઉજવણી મુંબઇમાં ગોરેગામ ખાતે NESCOમાં ધામધૂમથી કરવામાં આવી હતી.



આજે પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજને વધાવવા અને તેમના ચરણોમાં ભાવાંજલિ અર્પણ કરવા BAPS સ્વામીનારાયણ સંસ્થાના દેશ-વિદેશમાંથી ૪૦૦થી વધુ સંતો પધાર્યા હતા. પાંચેય ખંડની ધરતી પરથી પોતાના ગુરુહરિના દર્શન માટે ત્રીસ હજારથી અધિક હરિભક્તો તત્પર બન્યા હતા.

આ આધ્યાત્મિક કાર્યક્રમની શરૂઆત ધૂન અને કિર્તનથી થઇ હતી.

કાર્યક્રમની શરૂઆતમાં પૂજ્ય જ્ઞાનનયનદાસ સ્વામીએ ભગવાન સ્વામીનારાયણના અદ્ભુત કાર્યોની સ્મૃતિ કરતાં કહ્યું કે સાચા સંતમાં ભગવાનનો સાક્ષાત નિવાસ હોય છે અને આજે મહંત સ્વામી મહારાજના જન્મદિવસે ભગવાનની હાજરી અનુભવી શકવાની પાવન તક છે. આ પ્રસંગે BAPS સ્વામીનારાયણ સંસ્થાના વડીલ સંતોએ પુષ્પમાળા દ્વારા પ.પૂ. મહંતસ્વામી મહારાજના ચરણોમાં ભાવાંજલિ અર્પણ કરી હતી અને હજારો દીવડાની સમૂહ આરતીએ વાતાવરણને મંત્રમુગ્ધ બનાવી દીધું હતું. ■

# પીએમપદની ચૂંટણી પહેલાં ને પછી પણ ઓફર આવેલી : નીતિન ગડકરી

મુંબઈઃ દેશના આગામી વડા પ્રધાન બનવા માટે લોકસભા ચૂંટણી પહેલા વિરોધ પક્ષના એક વરિષ્ઠ નેતા દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો એ વાત કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ ગુરુવારે ફરી ઉખેળી હતી અને દાવો કર્યો હતો કે લોકસભાની ચૂંટણી થઈ ગયા પછી પણ તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

મુંબઈમાં એ કાર્યક્રમમાં કેન્દ્રીય પ્રધાને જણાવ્યું હતું કે 'મને (લોકસભા) ચૂંટણી પહેલા અને પછી ઓફર મળી હતી.' જોકે, પોતે વડા પ્રધાન બનવાની મહત્ત્વાકાંક્ષા નથી ધરાવતા એવો ખુલાસો ભાજપના પૂર્વ અધ્યક્ષે કર્યો હતો.

ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે મેં તેમને સામે સવાલ કર્યો હતો કે 'તમે શા માટે મને વડા પ્રધાન બનાવવા માંગો છો અને મારે વડા પ્રધાન (નરેન્દ્ર મોદી) સાથે કેમ ન રહેવું જોઈએ?' વડા પ્રધાન બનવું મારી મહત્ત્વાકાંક્ષા નથી. હું કોઈ હરીફાઈમાં નથી. મેં મારો બાયોડેટા કોઈને આપ્યો નથી. હું મારું કામ કરતો રહું છું. હું જ્યાં છું તેનાથી ખુશ છું. હું પક્ષનો કાર્યકર છું અને આરએસએસનો સભ્ય છું. જો મને પ્રધાન નહીં બનાવવામાં આવે તો પણ કોઈ પણ જાતની ચિંતા કર્યા વિના કામ કરવાનું ચાલુ રાખીશ.' ■

# પ્રોફિટ બુકિંગઃ એચડીએફસી બેન્ક અને આઇસીઆઇસીઆઇ બેન્કની વેચવાલીએ બેન્ચમાર્કને લાઇફટાઇમ હાઇ સપાટીથી નીચે ધકેલ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારના સાનુકૂળ સંકેત છતાં સ્થાનિક બજારમાં એચડીએફસી બેન્ક અને આઇસીઆઇસીઆઇ બેન્ક જેવા ફ્રન્ટલાઈન શેરામાં જોરદાર પ્રોફિટ બુકિંગ થવાને કારણે શુક્રવારે મુખ્ય બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટી જીવનકાળના ઉચ્ચ સ્તરેથી નીચી સપાટીએ ધકેલાયા હતા. સાપ્તાહિક ધોરણે સેન્સેક્સ ૧૦૨૭.૫૪ પોઇન્ટ અથવા તો ૧.૨૧ ટકા ઊછળ્યો છે, જ્યારે નિફ્ટી ૩૮૮ પોઇન્ટ અથવા તો ૧.૫૦ ટકા ઊછળ્યો હતો.

બીએસઇ સેન્સેક્સ ૨૬૪.૨૭ પોઈન્ટ અથવા ૦.૩૧ ટકા ઘટીને ૮૫,૫૭૧.૮૫ પોઇન્ટની સપાટી પર સેટલ થયો હતો. દિવસ દરમિયાન, તે ૧૪૨.૧૩ પોઈન્ટ અથવા ૦.૧૬ ટકા વધીને ૮૫,૯૭૮.૨૫ પોઇન્ટની નવી રેકોર્ડ ઈન્ટ્રા-ડે ટોચે પહોંચ્યો હતો. એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી દિવસ દરમિયાન ૬૧.૩ પોઈન્ટ અથવા ૦.૨૩ ટકા ઉછળીને ૨૬,૨૭૭.૩૫ પોઇન્ટની સર્વકાલીન ઈન્ટ્રા-ડે હાઈ સપાટી નોંધાવ્યા બાદ અંતે ૩૭.૧૦ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા ઘટીને ૨૬,૧૭૮.૯૫ પોઇન્ટના સ્તર પર પહોંચ્યો હતો.

સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી પાવર ગ્રીડ, આઇસીઆઇસીઆઇ બેંક, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, કોટક મહિન્દ્રા બેંક, લાર્સન એન્ડ ટુબ્રો, અદાણી પોર્ટ્સ અને અલ્ટ્રાટેક સિમેન્ટ સૌથી વધુ ગબડનારા મુખ્ય શેરોની યાદીમાં ટોચ પર હતા, જ્યારે સન ફાર્મા, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટાઇટન, એચસીએલ ટેક્નોલોજીસ અને બજાજ ફિનસર્વ સૌથી વધુ વધાનારા શેરોની યાદીમાં હતા.

એસેન્ચરના મજબૂત પરિણામ પાછળ આઇટી શેરોમાં સુધારો જોવા મળ્યો હતો પરંતુ તે ટકી શક્યો નહોતો. વેસ્ટ સિન્થેટિક ફાઇબરમાંથી યાર્ન ઉત્પાદક પેરામાઉન્ટ ડાઇ ટેક સોમવારે મૂડીબજારમાં પ્રવેશ કરશે, પ્રાઇસ બેન્ડ રૂ.૧૧૧થી રૂ.૧૧૭ છે, ભરણું ત્રીજી ઓક્ટોબરે બંધ થશે. શેરની ફાળવણી શુક્રવારે અને લિસ્ટિંગ આઠમીએ થવાની સંભાવના છે રેલટેલમાં રૂ. ૧૫૫ કરોડના ઓર્ડરની ચર્ચાએ ચાર ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ક્રાફ્ટ પેપર અને ડુપ્લેક્સ બોર્ડ્સની ઉત્પાદક સુબમ પેપર્સ મૂડીબજારમાં ૩૦મીએ પ્રવેશ કરશે, પ્રાઈસ બેન્ડ રૂ. ૧૪૪થી રૂ.૧૫૨ છે. શેરની ફાળવણી શુક્રવારે અને લિસ્ટિંગ આઠમીએ થશે. કંપની બોર્ડે રૂ. ૨૦૦ કરોડ એકત્ર કરવાનો પ્રસ્તાવ મંજૂર કર્યો હોવાથી ઝી મિડિયામાં ૧૦ ટકાનો ઉછાળો હતો.

મોર્ગન સ્ટેન્લીએ સુઝલોન એનર્જીના શેર ડાઉનગ્રેડ કર્યા છે. સરકાર એમએસપી અને ઇથેનોલના ભાવમાં વધારો કરવાની વિચારણાં કરી રહી હોવાના અહેવાલો વચ્ચે શુગર શેરોમાં આઠ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. પ્લેટિનમ ગિલ્ડ ઇન્ટરનેશનલ (પીજીઆઇ) ઇન્ડિયાની મેન ઓફ પ્લેટિનમે એમએસ ધોની સિગ્નેચર કલેકશન બહાર પાડ્યું છે, જેમાં પ્લેટિનમ જ્વેલરી પર ધોનીની સહી રહેશે. રિલાયન્સ પાવરના શેરમાં પાંચ ટકાની અપર સર્કિટ લાગી હતી.

માર્કેટ એનાલિસ્ટે કહ્યું હતું કે તાજેતરના સમયગાળાના જોરદા ઉછાળાને પગલે, રોકાણકારોએ ઊંચા મથાળે પ્રોફિટ બુકિંગ શરૂ કર્યુ હોવાથી બેન્ચમાર્ક શેરઆંક અથડાઇ ગયા હતા. દરમિયાન એક નવા ટ્રેન્ડમાં પાછલા કેટલાક સત્રથી સ્મોલ અને મિડકેપમાં વેચવાલી વધી રહી છે, જ્યારે લાર્જ કેપમાં વધી રહી છે.

એનાલિસ્ટ અનુસાર જાન્યુઆરીથી માર્ચના ત્રિમાસકમાં નવા શિખરે પહોચ્યા બાદ હાઉસિંગ માર્કેટ હવે કોન્સોલિડેટ થઇ રહ્યું છે. નેશનલ રીયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલની માહીતી અનુસાર હોમેથોન ૨૦૨૩માં ૫૫,૦૦૦ મુલાકાતી સહભાગી થયા હતા અને રૂ. ૧૦૫૦ કરોડના સોદા થયા હતા. ભારતના સૌથી મોટા રીયલ એસ્ટેટ પ્રોપર્ટી એક્સ્પો હોમેથોનની ત્રીજી આવૃત્તિમાં ચારથી છઠી ઓક્ટોબર દરમિયાન ૧૦૦૦ ટોચના પ્રોજેક્ટ પ્રદર્શિત કરવામાં આવશે. એકંદરે આ ક્ષેત્રે વેચાણ નવા પ્રોજેક્ટથી વધુ રહ્યાં છે.

બીએસઇ મિડકેપ ૦.૨૯ ટકા વધ્યો હતો, જ્યારે સ્મોલ કેપ ઇન્ડેક્સ ૦.૦૭ ટકા વધ્યો હતો. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે સન ફાર્મા ૨.૬૬ ટકા, રિલાયન્સ ૧.૭૨ ટકા, ટાઈટન ૧.૫૦ ટકા, એચસીએલ ટેક ૧.૩૧ ટકા, બજાજ ફિનસર્વ ૧.૧૦ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૯૦ ટકા, એનટીપીસી ૦.૭૩ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૬૬ ટકા, ટાટા સ્ટીલ ૦.૫૪ ટકા અને મારુતિ ૦.૪૯ ટકા વધ્યા હતા, જ્યારે પાવર ગ્રીડ ૩.૦૩ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૮૩ ટકા, ભારતી એરટેલ ૧.૭૪ ટકા, એચડીએફસી બેન્ક ૧.૬૫ ટકા, કોટક બેન્ક ૧.૫૫ ટકા, લાર્સન ૧.૪૯ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૧૧ ટકા, અલ્ટ્રા સિમેન્ટ ૦.૮૪ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૬૪ ટકા અને જેએસડબ્લ્યુ સ્ટીલ ૦.૩૪ ટકા ગબડ્યા હતા.

વૈશ્વિક ઇક્વિટી માર્કેટમાં ચાઇનાનું શરેબજાર ૧૭ વર્ષના તળિયે પટકાયું હોવાના અહેવાલ હતા. એશિયન બજારોમાં, ટોક્યિો, શાંઘાઈ અને હોંગકોંગ શેરબજારમં જોરદાર ઉાળો જોવા મળ્યો હતો, જ્યારે સિઓલ નેગેટિવ ઝોનમાં સરક્યું હતું. યુરોપિયન બજારો બપોરના સત્ર સુધી ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. ગુરુવારે યુએસ બજારો પોઝિટિવ ઝોનમાં બંધ રહ્યાં હતાં.

એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ગુરુવારે રૂ. ૬૨૯.૯૬ કરોડની ઇક્વિટી ખરીદી હતી, જ્યારે ડોમેસ્ટિક ઇન્સ્ટિટ્યુશનલ ઇન્વેસ્ટર્સ (ડીઆઇઆઇ)એ પણ રૂ. ૨,૪૦૫.૧૨ કરોડની ઇક્વિટી ખરીદી હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૦૩ ટકા ઘટીને ૭૧.૫૮ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

બીએસઇ બેન્ચમાર્ક ગુરુવારે ૬૬૬.૨૫ પોઈન્ટ અથવા ૦.૭૮ ટકાના ઉછાળા સાથે ૮૫,૮૩૬.૧૨ની સર્વકાલીન ઉચ્ચ સપાટીએ સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૭૬૦.૫૬ પોઈન્ટ અથવા ૦.૮૯ ટકાના ઉછાળા સાથે ૮૫,૯૩૦.૪૩ ની વિક્રમી ઈન્ટ્રા-ડે ટોચે પહોંચ્યો હતો.

# ડિજિટલ પેમેન્ટમાં દેશના નાના શહેરો અને નગરોનો હિસ્સો ૬૫ ટકા

નવી દિલ્હીઃ દેશની ડિજિટલ પેમેન્ટ સિસ્ટમમાં મધ્યમ અને અન્ય નાના શહેરોનો હિસ્સો ઝડપી વધી રહ્યો છે. આ વિસ્તારોના કુલ ટ્રાન્ઝેક્શનમાં ૬૫ ટકા જેટલી હિસ્સેદારી છે, જેની તુલનાએ મોટા શહેરોમાં આ દર ૭૫ ટકા હોવાનું આ સંદર્ભે તાજેતરમાં હાથ ધરાયેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે. શહેરોમાં યુપીઆઇ સૌથી લોકપ્રિય માધ્યમ છે, જે રાષ્ટ્રીય ટ્રેન્ડ દર્શાવે છે. ગુજરાતમાં અમદાવાદ જેવા મોટા અને મધ્યમ કદના શહેરોમાં ૩૭ ટકાથી વધુ ટ્રાન્ઝેક્શન યુપીઆઇ વડે થઇ રહ્યાં છે, જે રોજિંદી ખરીદીમાં તેનો પ્રભાવ દર્શાવે છે, એમ રિસર્ચ રિપોર્ટના અહેવાલમાં જણાવાયું હતું. વધુમાં નિર્દેશ કર્યો કે આગામી સમયમાં ઓફલાઇન ટ્રાન્ઝેક્શનની તુલનાએ ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં ઝડપી વધારો જોવાશે. ડિજિટલ વોલેટ એ અમદાવાદમાં પ્રભાવી બની રહેલી ડિજિટલ પેમેન્ટની ત્રીજી પદ્ધતિ છે. મોટા અને મધ્યમ કદના શહેરોમાં આશરે ૧૩ ટકા જેટલા ટ્રાન્ઝેક્શનમાં સુગમતા માટે વોલેટ વપરાય છે. યુપીઆઇ કરતા ભલે પાછળ હોય, પરંતુ ક્રેડિટ કાર્ડનો શહેરોમાં ઉપયોગ નોંધપાત્ર છે. વિશાળ અને મધ્યમ કદના સાત ટકા સુધીના ટ્રાન્ઝેક્શન ક્રેડિટ કાર્ડ દ્વારા થાય છે, જે ક્રેડિટ કાર્ડ આધારિત પેમેન્ટની સાથે કમ્ફર્ટનું વધતું સ્તર દર્શાવે છે.

શહેરના ગ્રાહકો માટે રિવોર્ડ પ્રોગ્રામ એ ડિજિટલ પેમેન્ટ પદ્ધતિની તેમની પસંદગી પર અસર કરતું સૌથી મોટું પરિબળ છે. અમદાવાદ જેવા મધ્યમ કદના અને વિશાળ શહેરોમાં સુગમતા અને ઝડપ બાદ ડિજિટલ પેમેન્ટ માટેનું ત્રીજું સૌથી મહત્ત્વનું પરિબળ ગણવામાં આવે છે.

એનપીસીઆઇ અનુસાર યુપીઆઇ પેમેન્ટ્સમાં વાર્ષિક ધોરણે ૪૫ ટકાનો વધારો નોંધાયો છે. જેમાં ટ્રાન્ઝેક્શનનું કુલ મૂલ્ય રૂ. ૨૦.૬૪ ટ્રિલિયન ક્રોસ થઇ ચૂક્યું છે. આ સતત ત્રીજા મહિનો


**મધ્ય રેલવે**

**ડેટા લોગર્સ માટે વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ**

ડિવિઝનલ રેલવે મેનેજર (S&T), ૧લો માળ, પાર્સલ ઓફિસ બિલ્ડીંગ, P.F. નં. ૧૪ & ૧૫ની ઉપર, મધ્ય રેલવે, મુંબઈ CST ૪૦૦૦૦૧, ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી પ્રતિષ્ઠિત કોન્ટ્રાક્ટરો પાસેથી ઓપન ટેન્ડરો મંગાવે છે. ટેન્ડરની સુપ્રતિની તારીખ અને સમયઃ ૨૩/૧૦/૨૪ના ૧૫ ક. સુધી અને તે જ દિવસે ૧૫.૧૫ કલાકે ખોલવામાં આવશે. **કામનું નામઃ** મુંબઈ ડિવિઝનમાં વિવિધ સ્થળોએ બેસાડેલ M/s ઈફ્ટ્રોનિક્સ સિસ્ટમ્સ પ્રા.લી.ના ડેટા લોગર્સ માટે વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ. **ટેન્ડર નોટીસ નં. CR/BB/S&T/સાઉથ/૨૦૨૪/૫૩ અંદાજિત કિંમતઃ** રૂ. ૩.૫૭/- કરોડ. **ખોલવાની તારીખઃ** ૨૩/૧૦/૨૦૨૪ **બારડીઃ** રૂ. ૩૨૮૬૦૦/- **માન્યતાઃ** ૬૦ દિવસ. **પૂર્ણતાનો સમયગાળોઃ** ૩૬ મહિના. આ ટેન્ડર પબ્લિક પ્રોક્યોરમેન્ટ પોલિસી (મેક ઈન ઈન્ડિયા) ઓર્ડર ૨૦૧૭, તારીખ ૧૫/૦૬/૨૦૧૭નું પાલન કરે છે. ટેન્ડરોની સંપૂર્ણ વિગતો મધ્ય રેલવેની વેબસાઈટ **www.ireps.gov.in** પર ઉપલબ્ધ છે. સંપૂર્ણ ટેન્ડર દસ્તાવેજો વેબસાઈટથી ડાઉનલોડ કરી શકાય છે. ટેન્ડરોની સંપૂર્ણ વિગતો ડિવિઝનલ રેલવે મેનેજર (S&T)ની ઓફિસ, મુંબઈ CSTના ''નોટિસ બોર્ડ'' પર ઉબલબ્ધ છે.

**ટિકીટો માટે UTS એપ ડાઉનલોડ કરો** 436



PUBLIC NOTICE **પબ્લિક નોટીસ**

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**
**(સર્વે એન્ડ કન્સ્ટ્રક્શન)**
**વિવિધ બાંધકામ કામો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. Dy. CE(C)III/ADI/ ADI-HMT/TRD/01(REV);** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડે.ચીફ એન્જિનિયર (કન્સ્ટ્રક્શન) III, પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આવકારે છે. **(1) કામનું નામ તેના સ્થળ સાથેઃ ટેન્ડર નં. Dy. CE(C)III/ADI/ADI-HMT/TRD/01(Rev.):** અમદાવાદ - હિંમતનગર - ઉદયપુર ગેજ રૂપાંતરણના સંબંધમાં માળખાના વિદ્યુતીકરણ સહિત નામાંકિત સ્થળો ખાતે ઇલેક્ટ્રીકલ (TRD) વિભાગ માટે સુવિધાઓ પૂરી પાડવા માટે ટાવર વેગન શેડ, TRD ડેપો, વિવિધ પ્રકારના સ્ટાફ ક્વાર્ટર્સ, સમ્પ્સ, સર્કુલટિંગ રોડનું બાંધકામ અને અન્ય પ્રાસંગિક કામો. **(2) કામનો અંદાજીત ખર્ચઃ** ₹ 8,37,38,025.00; **(3) જમા કરવાની અર્નેસ્ટમની:** ₹ 5,68,700.00; **(4) પૂર્ણ કરવાનો સમયગાળો:** 10 (દસ) મહિના; **(5) બિડ જમા કરવાની તારીખ અને સમય:** 21/10/2024 ના 15:00 કલાક સુધી; **ટેકનિકલ બિડ ખોલવી: ટેન્ડર ખોલવું:** 21/10/2024 ના 15:30 કલાકે; **(6) ટેન્ડરની સિસ્ટમ: સિંગલ પેકેટ સિસ્ટમ; (7) તમામ ટેન્ડરર્સ દ્વારા એનેક્ષર-V માં આપવામાં આવેલ પ્રમાણપત્ર સબમિટ કરવું આવશ્યક છે. જેના આધારે ટેન્ડરર્સની યોગ્યતાનું મૂલ્યાંકન કરવામાં આવશે; (8) વેબસાઈટ વિગતો નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઇ શકાશે અને ઓફિસનું સરનામું: વેબસાઈટ: www.ireps.gov.in;** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (કન્સ્ટ્રક્શન) III ની ઓફિસ, પશ્ચિમ રેલ્વે, બીજો માળ, 'એ' વિંગ, નિર્માણ ભવન, સામે. જીસીએસ હોસ્પિટલ, અસારવા, અમદાવાદ. 52

અમને લાઇક કરો: facebook.com/WesternRly


# શૅઈલ, ગેસ અને મેટલ શેરોમાં ઉછાળો, રિયલ્ટી શેરો સૌથી અધિક ઘટ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૮૫,૮૩૬.૧૨ના બંધ સામે શુક્રવારે ૨૬૪.૨૭ પોઈન્ટ્સ (૦.૩૧ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૦.૮૩ લાખ કરોડ વધીને રૂ.૪૭૭.૯૨ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૮૫,૮૯૩.૮૪ ખૂલીને ઊંચામાં ૮૫,૯૭૮.૨૫ સુધી અને નીચામાં ૮૫,૪૭૪.૫૮ સુધી જઈને અંતે ૮૫,૫૭૧.૮૫ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૫ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૫ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૬૦ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૯૭૯ સ્ટોક્સ વધ્યા હતા,૧,૯૫૭ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૨૪ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૮૭ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૩૫ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૨૯ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૦૭ ટકા વધ્યો હતો. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૧૫ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૪૫ ટકા ઘટ્યો હતો.

સેકટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ ઓઈલ એન્ડ ગેસ ૨.૫૭ ટકા, એનર્જી ૨.૧૨ ટકા, મેટલ ૧.૦૨ ટકા, હેલ્થકેર ૦.૭ ટકા, કોમોડિટીઝ ૦.૬૮ ટકા, ક્ન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૪ ટકા, ઓટો ૦.૪૯ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૩૩ ટકા, સર્વિસીસ ૦.૧૯ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૧૭ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૧૬ ટકા અને કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૧ ટકા વધ્યા હતા.

જ્યારે રિયલ્ટી ૧.૦૧ ટકા, બેન્ક્ક્સ ૦.૮૯ ટકા, યુટિલિટીઝ ૦.૮૨ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૭૯ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૬૫ ટકા, પાવર ૦.૫૨ ટકા, એફએમસીજી ૦.૩૪ ટકા અને ટેક ૦.૧૩ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૫૪૩.૧૮ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૨,૯૨૪ સોદામાં ૬,૩૨૬ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૬૫,૭૩,૫૧૦ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૪,૩૯,૨૭,૨૨૨.૧૭ કરોડનું રહ્યું હતું.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. AC/M-E/૧૭૭/જન./A.E.(M-I) તા. ૨૭/૦૯/૨૦૨૪

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર ''M/પૂર્વ વોર્ડમાં વિવિધ રસ્તાઓના ટેન્ડર નં. ૨૦૨૪_MCGM_૧૦૮૩૩૯૩'' રિસરફેસિંગ માટે ત્રણ પેકેટ સિસ્ટમમાં, ટેન્ડરમાં પાત્રતાની શરતો (માપદંડ) મુજબ લાયકાત ધરાવતા, પાત્ર બિડરો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

ટેન્ડર કોપી ''ટેન્ડર્સ'' સેક્શન હેઠળ BMCના પોર્ટલ (https://mahatender.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે. બિડર્સને સલાહ આપવામાં આવે છે કે બિડ કરતા પહેલા ''ટેન્ડર્સ'' સેક્શન હેઠળ https://mahatender.gov.in ખાતે BMCના ઈ-ટેન્ડરીંગમાં ભાગ લેતા ટેન્ડર દસ્તાવેજને ધ્યાનથી વાંચો. મુદત ૨૮-૯-૨૦૨૪થી ૫-૧૦-૨૦૨૪ સુધી.

ટેન્ડર નં. ૨૦૨૪_MCGM_૧૦૮૩૩૯૩

સહી/-
આસીસ્ટન્ટ કમિશનર M/પૂર્વ વોર્ડ

PRO/1442/ADV./2024-25

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**



BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ)

EE(WW) સિવિલ/૨૨૧૪/મેન્ટ. તારીખઃ- ૨૬/૦૯/૨૦૨૪

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (M.C.G.M.) ના કમિશનર નીચેના વિગતવાર કામ માટે પેકેટ - 'A', 'B', & 'C', સિસ્ટમમાં ટકાવારી દરના ધોરણે ઈ-ટેન્ડર મંગાવે છેઃ-

| | |
|---|---|
| વિભાગ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| સબ વિભાગ | E.E.W.W. (સિવિલ) મેન્ટ. |
| બીડ નંબર | ૨૦૨૪_MCGM_૧૦૯૨૭૫૦ |
| વિષય | **K/E વોર્ડમાં વિલે-પાર્લે (પૂ) ખાતે પાર્લે કંટ્રોલ રૂમનું રિનોવેશન કામ તથા પાર્લે કંટ્રોલ બિલ્ડીંગનું જનરલ અને સ્ટ્રકચરલ રિપેર** |
| ટેન્ડર વેચાણ | તારીખઃ ૨૮.૦૯.૨૦૨૪ ૧૧.૦૦ કલાકથી |
| સુપ્રતીની છેલ્લી તારીખ | ૦૯.૧૦.૨૦૨૪ ૧૬.૦૦ કલાક સુધી |
| પ્રી - બીડ મિટિંગ | N.A. |
| પેકેટ A ખૂલશે (ઓનલાઈન) | ૧૧.૧૦.૨૦૨૪ ૧૬.૦૦ કલાક પછી |
| પેકેટ B ખૂલશે (ઓનલાઈન) | ૧૧.૧૦.૨૦૨૪ ૧૬.૧૫ કલાક પછી |
| પેકેટ C ખૂલશે (ઓનલાઈન) | ૧૮.૧૦.૨૦૨૪ ૧૫.૦૦ કલાક પછી |
| વેબસાઈટ | www.portal.mcgm.gov.in / www.mahatenders.gov.in |
| સંપર્ક ઓફિસરઃ | |
| A) નામ | શ્રી રાહુલ એન. પારેખ<br>આસી. એન્જિ. W.W. (સિવિલ) મેન્ટ. |
| B) ટેલિફોન નંબર (ઓફિસ) | ૦૨૨-૨૫૧૨૬૩૭૬ |
| C) મોબાઈલ નંબર | મોબાઈલ નં.: ૯૭૬૬૧૨૬૭૧૩ |
| D) ઈમેલ id | eewwcivilmaintes.he@mcgm.gov.in |

સહી/-
(એસ. વાય. ઘોડે)
Dy. H. E. (મેન્ટ.)

PRO/1425/ADV./2024-25

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**


# ચાંદીમાં નફારૂપી વેચવાલીએ ₹ ૧૦૭૪ની પીછેહઠ, સોનું ₹ ૧૧૦ નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે અમેરિકાના રોજગારીનાં તેમ જ જીડીપીના ડેટા પ્રોત્સાહક આવવાની સાથે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૨૬૮૫.૪૨ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. વધુમાં આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સ્પેન્ડિચર ડેટાની જાહેરાત પૂર્વે રોકાણકારોનો સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ રહેતાં ભાવમાં ધીમો ઘટાડો આવ્યો હતો. આમ વિશ્વ બજારને અનુસરતા આજે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ સાધારણ રૂ. ૧૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણે કિલોદીઠ રૂ. ૧૦૭૪નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની ઊંચા મથાળેથી આક્રમક નફારૂપી વેચવાલીનું દબાણ તેમ જ ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૦૭૪ ઘટીને રૂ. ૯૧,૪૪૮ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહેતાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૦ના ઘટાડા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૭૫,૩૩૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૫,૬૪૦ના મથાળે રહ્યા હતા.

અમેરિકા ખાતે ગત સપ્તાહે બેરોજગારી ભથ્થું મેળવવા માટેની અરજીની સંખ્યા અપેક્ષિત ૨,૪૫,૦૦૦ સામે ઘટીને ચાર મહિનાની નીચી ૨,૧૮,૦૦૦ની સપાટીએ રહી હોવાના તેમ જ છેલ્લા ત્રિમાસિકગાળામાં અમેરિકાનો જીડીપીનો સુધારિત વૃદ્ધિદર ત્રણ ટકાના સ્તરે યથાવત્ રાખ્યો હોવાના અહેવાલ સાથે વર્ષ ૨૦૨૪માં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કુલ ૧૦૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બનતા ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનામાં તેજીનું વલણ જોવા મળ્યા બાદ ઊંચા મથાળેથી પીછેહઠ જોવા મળી હતી. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને અમેરિકાના ફુગાવાના ડેટાની જાહેરાત પૂર્વે સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧૧ ટકા ઘટીને ઔંસદીઠ ૨૬૬૭.૧૩ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૨૫ ટકા ઘટીને ૨૬૮૮.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૯ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ફેડરલ રિઝર્વ દ્વારા ૫૦ બેસિસ પૉઈન્ટના હળવી નાણાનીતિ અપનાવવાના સંકેત ઉપરાંત વર્ષ ૨૦૨૪માં કુલ એક ટકાનો અને વર્ષ ૨૦૨૫માં વધુ એક ટકાનો કાપ મૂકવાનો નિર્દેશ આપતા સોનામાં તેજીનું વલણ જોવા મળ્યું છે. તે જોતા સોનામાં તેજીનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં એલકેપી સિક્યોરિટીઝના વિશ્લેષક જતીન ત્રિવેદીએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલ વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૨૬૦૦ ડૉલરની સપાટી મજબૂત ટેકાની સપાટી જણાય છે.


**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટીસ IREPS ટેન્ડર નં. M-૪૪૨-CNC-SWL-SMP**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી, Sr. DME/RTM, પશ્ચિમ રેલવે, રતલામ, ડિવિઝન IREPS ટેન્ડર નં. M-૪૪૨-CNC-SWL-SMP, નીચેના કામ માટે IREPS પર અપલોડ કરવાની તારીખઃ ૨૩-૦૯-૨૦૨૪ **(ઓપન ટેન્ડર, સિંગલ પેકેટ સિસ્ટમ).** જો ખોલવાની તારીખ બંધ અથવા રજા હોય, તો ટેન્ડર તેજ સમયે તે પછીના કામકાજના દિવસે ખોલવામાં આવશે. **કામનું નામ સાથે તેનું સ્થળઃ** ત્રણ વર્ષ માટે રતલામ ડિવિઝનના વેગન ડેપો શંભુપુરા ખાતે HYT મેકના CNC સરફેસ વ્હીલ લેથ (CNC SWL-૧૪૭)ના CAMC માટે કોન્ટ્રાક્ટ વર્ક. **કામની અંદાજિત કિંમતઃ** રૂ. ૧,૦૭,૨૩,૮૪૦.૦૦/- તમામ કર અને GST સહિત. **બાના રકમઃ** રૂ. ૨,૦૩,૬૦૦.૦૦/- **કામનો પૂર્ણતાનો સમયગાળોઃ** LOAના ઈશ્યૂના તારીખથી ૩૬ મહિના, **ઓફિસનું સરનામું જ્યાંથી ટેન્ડર ખોલવામાં આવ્યું છેઃ** Sr. DME (C&W)/RTM, DRM ઓફિસ, રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવેની ઓફિસ, **ટેન્ડરની સુપ્રતિની અને ખોલવાની તારીખ અને સમયઃ** બંધ થવાનો સમયઃ ૧૬.૧૦.૨૦૨૪ના ૧૫:૦૦ કલાકે. ખોલવાની તારીખઃ ૧૬.૧૦.૨૦૨૪ના ૧૫:૩૦ કલાકે. વેબસાઈટ વિગતો અને નોટીસ બોર્ડ સ્થળઃ ટેન્ડર દસ્તાવેજો IREPS - ireps.gov.inની વેબસાઈટ પરથી પણ ડાઉનલોડ કરી શકાય છે, ટેન્ડરર દ્વારા જરૂરી અન્ય કોઈપણ માહિતી કામના કલાકો દરમિયાન Sr. DME/RTM, DRM ઓફિસ, રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવેની ઓફિસમાંથી મેળવી શકાય છે.

V/240 **Sr. DME (C&W), રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે**

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જિનિયર વિભાગ)

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| ટેન્ડર ડોક્યુમેન્ટ નંબર | ૨૦૨૪_MCGM_૧૦૮૭૦૫૨_૧ |
| સંસ્થાનું નામ | બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા |
| વિષય | A.E.(મેઈન્ટે.) W.W. WS સાઉથ ડિવિઝન હેઠળ K વોર્ડમાં વોટર મેઇન્સ પર સ્થાપિત કંટ્રોલ વાલ્વ માટે ફોલ્સ કી વ્યવસ્થાની ડિઝાઇન, ફેબ્રિકેશન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ |
| સ્ક્રુટિની ફી | રૂા. ૩,૮૯૪/-(રૂ. ૩,૩૦૦/- + ૧૮% GST અથવા GST લાગુ પડવાપાત્ર) |
| ઈ-ટેન્ડરનો ખર્ચ (અંદાજિત ડિપોઝિટ) | આઈટમ રેટ ટેન્ડર |
| બિડ સિક્યુરિટી ડિપોઝિટ /ઈએમડી | રૂા. ૧૮,૦૦૦/-<br>**બીડરે URL http://mahatender.gov.in પર GOMના પેમેન્ટ ગેટવેઝ દ્વારા બારડીની સંપૂર્ણ રકમ ચૂકવવી પડશે.** બીડરે પેકેટ એમાં બીડ સુપ્રતિની ઓનલાઈન ચૂકવેલ બારડીની સ્કેન કરેલ કોપી અપલોડ કરવી જોઈશે. કોઈપણ બીડ જે સ્વીકાર્ય બીડ સુરક્ષા દ્વારા સંલગ્ન નહીં હોય તો બિન-પ્રતિસાદ તરીકે એમ્પ્લોયર દ્વારા નકારવામાં આવશે. |
| ટેન્ડરની ઈસ્યુ કરવાની તારીખ અને વેચાણ | ૨૭/૯/૨૦૨૪, ૧૧.૦૦ કલાક સુધી |
| ટેન્ડર વેચાણની અને બિડ સિક્યુરિટી જમા કરવાની છેલ્લી તારીખ અને સમય | ૧૧/૧૦/૨૦૨૪, ૧૬.૦૦ કલાક સુધી |
| પેકેટ એ, બી અને પેકેટ સી ઓનલાઈન જમા કરવાની તારીખ અને સમય | ૧૧/૧૦/૨૦૨૪, ૧૬.૦૦ કલાક સુધી |
| પ્રિ-બીડ મીટિંગ | લાગૂ પડે નહીં |
| પેકેટ એ ખોલવાનું | ૧૪/૧૦/૨૦૨૪ ૧૬.૦૧ કલાક થી |
| પેકેટ બી ખોલવાનું | ૧૪/૧૦/૨૦૨૪ ૧૬.૦૫ કલાક થી |
| પેકેટ સી ખોલવાનું | ૨૧/૧૦/૨૦૨૪ ૧૫.૦૦ કલાક થી |
| વેબસાઈટ | http://portal.mcgm.gov.in - https://mahatenders.gov.in |
| કમ્યુનિકેશન માટેનું એડ્રેસ | આસિસ્ટન્ટ એન્જિનિયર વોટર વર્ક્સ (મેઈન્ટેનન્સ) વેસ્ટર્ન સબ/સાઉથ, કેપ્ટન વિનાયક ગોરે ફ્લાઈઓવર બ્રિઝ નીચે, દાદાભાઈ પથ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬. |
| બિડ ખોલવાનું સ્થળ | આસિસ્ટન્ટ એન્જિનિયર વોટર વર્ક્સ (મેઈન્ટેનન્સ) વેસ્ટર્ન સબ/સાઉથની ઓફિસમાં ઓનલાઈન |

**આ ટેન્ડર ડોક્યુમેન્ટ ટ્રાન્સફરેબલ નથી.**

કોઈ પણ કારણ આપ્યા વગર ઉપર જણાવેલા વિષય માટે કોઈપણ અરજી સ્વીકારવા અથવા નકારવાનો હક્ક એમસીજીએમ અનામત રાખે છે.

સહી/-
ડેપ્યુટી હાઈડ્રોલિક એન્જિનિયર (મેઈનટેનન્સ)

PRO/1430/ADV./2024-25

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**


# ડૉલર સામે રૂપિયો બે પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ અને માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલી નીકળતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહેતાં બે પૈસા નબળો પડીને ૮૩.૬૮ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સાધારણ નરમાઈ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારની ઈક્વિટીમાં લેવાલી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૬૬ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૩.૬૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૭૧ અને ઉપરમાં ૮૩.૬૨ની રેન્જમાં અથડાયા બાદ અંતે સાધારણ બે પૈસાની નરમાઈ સાથે ૮૩.૬૮ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયો ડૉલર સામે આઠ પૈસા ઘટ્યો હતો.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૬૪.૨૭ પૉઈન્ટનો અને ૩૭.૧૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૦૬ ટકા વધીને ૧૦૦.૩૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો અને સ્થાનિક સ્તરે માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં લેવાલીનું દબાણ રહેતાં રૂપિયામાં નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૩ ટકા ઘટીને બેરલદીઠ ૭૧.૫૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૬૨૯.૯૬ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના એક્સચેન્જના અહેવાલોને ધ્યાનમાં લેતાં રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.


**મધ્ય રેલવે**

**મુંબઈ ડિવિજન પર વિવિધ કામો**

**ક્ર.નં. ૧. કામનું નામઃ** DEN(E) BBના અધિકારક્ષેત્રમાં કોન્ટ્રાકટરના મોબાઈલ ફ્લેશ બટ વેલ્ડીંગ પ્લાન્ટસ અને મશીનરી સાથે રેલ્સનું ફ્લશ બટ વેલ્ડીંગ. **અંદાજિત મૂલ્યઃ** રૂ. ૧૭૩.૯૫ લાખ. બારડી રૂ. ૨૩૭૦૦૦ **પૂર્ણતાનો સમયગાળોઃ** ૧૨ મહિના. **ક્ર.નં. ૨. કામનું નામઃ** DEN(E) BB સેક્શનમાં ઈન-સિટુ ગ્લુડ જોઈન્ટનું ફેબ્રિકેશન. **અંદાજિત મૂલ્યઃ** રૂ. ૯૪.૨૯ લાખ. બારડી રૂ. ૧૮૮૬૦૦ **પૂર્ણતાનો સમયગાળોઃ** ૧૨ મહિના. **ક્ર.નં. ૩. કામનું નામઃ** ADEN(M) JNJ સેક્શન (૨ વર્ષ માટે) હેઠળ SSE/P-વે/JNJ હેઠળ KARP-URAN સેક્શનમાં પરચુરણ પી-વે. **અંદાજિત મૂલ્યઃ** રૂ. ૧૮૬.૨૫ લાખ. બારડી રૂ. ૨૪૩૧૦૦ **પૂર્ણતાનો સમયગાળોઃ** ૨૪ મહિના. **ક્ર.નં. ૪. કામનું નામઃ** પાર્ટ A-DEN (E) BBના અધિકારક્ષેત્રમાં BMC દ્વારા ૨૭.૯૯૭ TKM ટ્રેક અને ૧૦ T/Osનું ડિપ સ્ક્રીનીંગ, પાર્ટ B-DEN (E) BB સેક્શનમાં TRR(P)-૧૯.૬૮૩ KM (૧૫.૪૦ KMમાં BSR-JNPT અને PNVL-ROHAમાં ૪.૨૮૩ KM) **અંદાજિત મૂલ્યઃ** રૂ. ૩૨૪.૭૨ લાખ. બારડી રૂ. ૩૧૨૪૦૦ **પૂર્ણતાનો સમયગાળોઃ** ૯ મહિના. **ક્ર.નં. ૫. કામનું નામઃ** DEN (E) BB હેઠળ APTA ડેપો ખાતે ૬૫ mm મશીન ક્રશેડ બેલાસ્ટનું સપ્લાઈનિંગ અને સ્ટેકિંગ. **અંદાજિત મૂલ્યઃ** રૂ. ૩૦૬.૦૧ લાખ. **બારડીઃ** રૂ. ૩૦૩૦૦ **પૂર્ણતાનો સમયગાળોઃ** ૧૨ મહિના. **ક્ર.નં. ૬ કામનું નામઃ** A) CSMT-CSMT ખાતે ચેન્ચ રોડ/ C&W સીક લાઈન શેડ ખાતે રિપેસ કામ. B) CSMT-ADEN/W/CSMT હેઠળ સર્વિસ બિલ્ડિંગ CSMT ઉપર પરાં કોન્કોર્સ સ્ટીલ સ્ટ્રકચર, પ્લેટફોર્મ નં. ૦૧થી ૦૭, ૧૬/૧૭, ૧૮ના ટ્રસનું મેજર સ્ટ્રકચર રિપેર્સ સાથે મેજર સ્ટીલ સ્ટ્રકચરનું પેઈન્ટિંગ. C) a) CSMT-SSE/W/CSMT હેઠળ કાર્નક બંદર ખાતે ડોગ સ્કેડ શેડનું રિપેર b) CSMT-SSE/W/CSMT હેઠળ કાર્નક બંદર ખાતે ડોગ સ્કેડ ખાતે ડોગ કેનલ્સનું રિપેર. D) SSE/W/CSMT હેઠળ CSMT ખાતે OHE પોલ અને COP શીટ વચ્ચે અરેસ્ટિંગ લિકેજીસનું રિપેર્સ. **અંદાજિત મૂલ્યઃ** રૂ. ૨૪૧.૮૨ લાખ. **બારડીઃ** રૂ. ૨૭૦૯૦૦ **પૂર્ણતાનો સમયગાળોઃ** ૯ મહિના **ક્ર. નં. ૭. કામનું નામઃ** ADEN (wks) ભાયખલા હેઠળ ૨૪ મહિનાની મુદત માટે ઓફિર્સસ કલ્બ, જોગર્સ પાર્ક ન્યૂ જોગર્સ પાર્ક (દિપ્તી ગાર્ડન) વગેરે સહિત ભાયખલા હોસ્પિટલ ગાર્ડન, નિર્મલ પાર્ક ગાર્ડનનું જાળવણી અને ડેવલોપમેન્ટ. **અંદાજિત મૂલ્યઃ** રૂ. ૧૧૬.૭૪ લાખ. **બારડીઃ** રૂ. ૨૦૮૪૦૦ **પૂર્ણતાનો સમયગાળોઃ** ૨૪ મહિના **ક્ર. નં. ૮. કામનું નામઃ** કુર્લા, VVH, ઘાટકોપર, વિક્રોલી, કાંજુરમાર્ગ, ભાડુંપ, નાહુર, મુલુંડ અને LTT સ્ટેશનો, વચ્ચે CLA-TNA સ્ટેશન ખાતે FOBના સ્ટેરકેસેસ ડેમેજ/વોર્ન-આઉટ / સ્લીપરી ફલોરિંગ, સાઈડ શીટસ અને ડેક શીટનું રિપેર્સ. **અંદાજિત મૂલ્યઃ** રૂ. ૧૭૮.૪૦ લાખ. **બારડીઃ** રૂ. ૨૩૯૨૦૦ **પૂર્ણતાનો સમયગાળોઃ** ૯ મહિના **ક્ર. નં. ૯ કામનું નામઃ** ૨ વર્ષની મુદત માટે મુંબઈ ડિવિઝન ઉપર તમામ અનધિકૃત ઝૂંપડા તોડી પાડવા માટે JCB, ટ્રક, પોકલેન ભાડે લેવા. **અંદાજિત મૂલ્યઃ** રૂ. ૬૫.૬૪ લાખ. **બારડીઃ** ૧૩૧૩૦૦. **પૂર્ણતાનો સમયગાળોઃ** ૨૪ મહિના. **ક્ર.નં. ૧૦ કામનું નામઃ** SSE (હોર્ટીકલ્ચર) VVH અને ADEN/CSMTના માંગ મુજબ પ્લાન્ટસ ટ્રી સેટલિંગ સહિત હોર્ટીકલ્ચર મટેરિઅલ્સનું સપ્લાય. **અંદાજિત મૂલ્યઃ** રૂ. ૬૮.૪૦ લાખ. **બારડીઃ** ૧૩૬૮૦૦ **પૂર્ણાતાનો સમયગાળોઃ** ૨૪ મહિના. I) ટેન્ડર ઉપરોક્ત સદર ટેન્ડરનો બંધ થવાનો તારીખ અને સમયઃ ક્ર.નં. ૧ અને ૨. ૧૮/૧૦/૨૦૨૪, ક્ર.નં. ૩, ૭ & ૮ ૨૧-૧૦-૨૦૨૪ના, ક્ર.નં. ૪, ૯ & ૧૦ ૨૫/૧૦/૨૪ના ૧૧.૦૦ કલાક સુધી. ૧૧.૦૦ કલાક પછી ખોલવામાં આવશે. II) સંભવિત ટેન્ડરર્સને ટેન્ડર અને સુધારાની વિગતો માટે www.ireps.gov.in વેબસાઈટની મુલાકાત લેવા વિનંતી. જો કોઈ હોય તો, III) ટેન્ડરર ફક્ત વેબસાઈટઃ www.ireps.gov.in દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે ઉપરોક્ત ઈ-ટેન્ડરમાં ભાગ લઈ શકે છે અને ઈ-ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર્સ સુપ્રત કરવાની મંજૂરી નથી. મેન્યુઅલી જો સુપ્રત કરવામાં આવે તો તેને ખોલવામાં આવશે નહીં કે ધ્યાનમાં લેવામાં આવશે નહીં. IV) બારડી સિક્યોરિટી કાં તો ઈ-પેમેન્ટ ગેટવે દ્વારા રોકડમાં જમા કરવામાં આવશે અથવા ભારતની સુનિશ્ચિત કોમર્શિયલ બૅન્ક તરફથી બૅન્ક ગેરંટી, બોન્ડ તરીકે સુપ્રત કરવામાં આવશે અથવા ટેન્ડર દસ્તાવેજોમાં ઉલ્લેખિત કરવામાં આવશે. V) વધુ પૂછપરછ માટે, સંપર્ક કરી શકે છોઃ ડિવિઝનલ રેલવે મેનેજર (વર્કસ) ઓફિસ, સેન્ટ્રલ રેલવે ફોન પર. ૦૨૨-૬૭૪૫૫૩૨૩. VI) આ ટેન્ડર ૧૬-૯-૨૦૧૭ના પબ્લિક પ્રોક્યોરમેન્ટ પોલિસી ઓર્ડર ૨૦૧૭નું પાલન કરે છે. ટેન્ડરોની સંપૂર્ણ વિગતો વેબસાઈટ ''www.ireps.gov.in'' પર ઉપલબ્ધ છે. ટેન્ડરોની સંપૂર્ણ વિગતો ડિવિઝનલ રેલવે મેનેજર (વર્કસ) ઓફિસ, મુંબઈ CSMTના નોટીસ બોર્ડમાં પણ ઉપલબ્ધ છે.

**ઓપન ઈ-ટેન્ડર નોટીસ નં. CR-DRM (W) BB-2024-24, ૨૬-૯-૨૦૨૪ના**

**ટિકીટો માટે UTS એપ ડાઉનલોડ કરો** 443

# મોક ડ્રિલનો ફફડાટ

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં વેપારથી ધમધમતા મુંબાદેવી અને ઝવેરી બજાર વિસ્તારમાં શુક્રવારે બોમ્બ મુકાયો હોવાની વાત ફેલાઇ હતી, જેને કારણે સ્થાનિકો અને વેપારીઓમાં જીવ અધ્ધર થઇ ગયા હતા. જોકે નવરાત્રિ તહેવારને ધ્યાનમાં રાખી પોલીસ દ્વારા મોક ડ્રિલ હાથ ધરવામાં આવી હોવાનું જણાતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

ઝવેરી બજારમાં બાઇક અને કારથી અવરજવર કરવાની સાથે પાર્કિંગ માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને બોમ્બની વાતને કારણે પાયધૂની, ઝવેરી બજાર, દવા બજાર તથા મસ્જિદ બંદર વિસ્તારને કોર્ડન કરવામાં આવ્યા છે. પોલીસ બંદોબસ્ત ગોઠવવા સાથે અનેક માર્ગોને પણ બંધ કરી દેવામાં આવ્યા છે, એવો મેસેજ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જોકે પોલીસ દ્વારા (જુઓ પાનું ૪)







(અમય ખરાડે)

# ગોવા ફરવા નીકળેલા પોલીસોનું કારસ્તાનઃ યુવતીની છેડતી કર્યા પછી અપહરણનો પ્રયાસ

## ગામવાસીઓએ કોન્સ્ટેબલો સહિત પાંચને ફટકાર્યાઃ બન્ને પોલીસને સસ્પેન્ડ કરવામાં આવ્યા

મુંબઈઃ વસઈ ટ્રાફિક પોલીસ વિભાગમાં કાર્યરત બે કોન્સ્ટેબલે પોલીસની છબિ ખરડાય એવું કારસ્તાન કર્યું હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. ત્રણ મિત્ર સાથે ગોવા ફરવા જઈ રહેલા બે કોન્સ્ટેબલે સિંધુદુર્ગ જિલ્લાના દેવગડ તાલુકામાં યુવતીની કથિત છેડતી કર્યા પછી તેના અપહરણનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતાં રોષે ભરાયેલા ગામવાસીઓએ પાંચે જણને મેથીપાક ચખાડી પોલીસના તાબામાં સોંપ્યા હતા. દેવગડ પોલીસે પાંચેય આરોપીની ધરપકડ કરતાં બન્ને કોન્સ્ટેબલને સેવામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.


પોલીસોની ગામવાસીઓએ મારપીટ કરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના ૨૪ સપ્ટેમ્બરના દેવગડ તાલુકાના જામસંડે ગામમાં બની હતી. વસઈ ટ્રાફિક વિભાગ સાથે સંકળાયેલા પોલીસ કોન્સ્ટેબલ હરિરામ ગિતે (૩૪) અને પ્રવીણ રાનડે (૩૨) મિત્રો માધવ કેન્દ્રે (૩૨), શ્યામ ગિતે (૩૨) અને સતવા કેન્દ્રે (૩૨) સાથે ડ્યૂટી પરથી રજા લઈને ખાનગી વાહનમાં ગોવા ફરવા જઈ રહ્યા હતા.

કહેવાય છે કે જામસંડે ગામના આનંદવાડી વળાંક પાસે આરોપીઓની નજર કૉલેજમાંથી ઘરે જઈ રહેલી ૧૮ વર્ષની યુવતી પર પડી હતી. યુવતી એકલી હોવાનું જોઈ પોલીસ કોસ્ટેબલોએ તેની કથિત છેડતી કરી હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે પોલીસ કર્મચારી હરિરામ ગિતેએ 'મારી સાથે આવે છે? તને વસઈ ફેરવીશ,' એમ કહ્યું હતું. વાહનમાં હાજર અન્ય લોકોએ પણ યુવતી સાથે બેહૂદું વર્તન કર્યું હતું. આરોપીઓના વર્તન તરફ ધ્યાન ન આપી યુવતીએ આગળ ચલવા માંડ્યું હતું. જોકે આરોપીઓએ હાથ પકડીને યુવતીને વાહન (જુઓ પાનું ૪)

## એનસીપીના નેતાનાં પત્નીએ લોચા વાળ્યા

# કલામની સરખામણી લાદેન સાથે કરી

મુંબઈઃ શરદ પવાર જૂથના એનસીપીના નેતા જિતેન્દ્ર આવ્હાડનાં પત્ની રુતા આવ્હાડની મુશ્કેલી વધી હતી, જ્યારે તેમણે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન સાયન્ટિસ્ટ એપીજે અબ્દુલ કલામની સરખામણી ટેરરિસ્ટ ઓસામા બિન લાદેન સાથે કરી હતી.

થાણેમાં ગુરુવારે એક કાર્યક્રમમાં વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. આ કાર્યક્રમમાં તેમણે બાળકોને સંબોધીને તેમણે લાદેન કેવી રીતે ટેરરિસ્ટ બન્યો એ માટે તેમની બાયોગ્રાફી વાંચવાની સલાહ આપી હતી. તમારે ઓસામા બિન લાદેનની બાયોગ્રાફી ચોક્કસ વાંચવી જોઇએ. કેવી રીતે એપીજે અબ્દુલ કલામની રાષ્ટ્રપતિ બનવાની સફળતા અને ઓસાબા બિન લાદેનની ટેરરિસ્ટ બનવા માટેની સફળતા એ બંને વચ્ચે સામ્યતા છે. પણ, બિન લાદેન શા માટે ટેરરિસ્ટ બન્યો. કારણ કે તેને સોસાયટીએ દબાણ કર્યું હતું, એવું રુતાએ કાર્યક્રમમાં કહ્યું હતું.

રુતા આવ્હાડની વિવાદાસ્પદ ટિપ્પણીને કારણે ઘણો હોબાળો મચ્યો હતો. અજિત પવાર જૂથના સાંસદ આનંદ પરાંજપેએ રુતા આવ્હાજે બિન લાદેનને હીરો તરીકે ચીતર્યા હોવા સામે પગલાં લેવાની માગ કરી છે. દરમિયાન રુતા આવ્હાડની ટિપ્પણી બાદ ભાજપના પ્રવક્તા શેહઝાદ પૂનાવાલાએ કહ્યું હતું કે ઈન્ડિયુતિના તમામ પક્ષો ટેરરિસ્ટ માટે (જુઓ પાનું ૪)

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



Experience the
World's Largest Indoor Marine Life Theme Park!
At SeaWorld® Yas Island, Abu Dhabi
DEP DATES 27th OCT | 03rd NOV | 25th DEC | 18th JAN | 08th FEB | 22nd FEB | 16th MAR
PACKAGE INCLUSIONS
08 DAYS
• રીટર્ન ઇકોનોમી ક્લાસ એરફેર.
• ૦૭ રાત્રી સુપર ડીલક્સ હોટેલ માં નિવાસ.
• Ferrari World Yas Island Abu Dhabi, SeaWorld® Yas Island Abu Dhabi, Yas Waterworld Yas Island Abu Dhabi, Warner Bros. World™ Yas Island Abu Dhabi, Qasr Al - Watan, Emirates National Auto Museum, Swaminarayan Temple, Abu Dhabi by Night અને Sheikh Zayed Grand Mosque નો રોમાંચક અને યાદગાર અનુભવ.
• વિવિધ પ્રીમિયમ અને પ્રખ્યાત ઇન્ડિયન રેસ્ટોરન્ટ માં વેજ / જૈન લંચ અને ડીનર.
• વીઝા, એન્ટ્રન્સ ફી અને ટુરીઝમ દિરહામ TAX સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
FOR MORE DETAILS
YAS ISLAND ABU DHABI | SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

સત્યમેવ જયતે ગુજરાત સરકાર
વિકસિત ભારત વિકસિત ગુજરાત



# ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા રોગ નિયંત્રણ સૌની જવાબદારી

## સાવચેતીના પગલાં


ઘરની આસપાસ ફૂલદાની, કૂંડા, પક્ષીકુંજ તથા પાણી સંગ્રહનાં તમામ પાત્રોમાં પાણી ભરાઈ ના રહે તે જોવું


વરસાદી સિઝન દરમિયાન નકામા પાત્રો જેવાં કે, બોટલ, ટીન, ટાયર અને નાળિયેરની કાચલી, ભંગાર વગેરેને ખુલ્લામાં નાખવાં નહીં


ડૉક્ટરની સલાહ વગર ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના દર્દીએ હોસ્પિટલમાં દાખલ થવાનો આગ્રહ રાખવો નહીં


પાણીની ટાંકીને ઢાંકીને રાખો


ફ્રિઝની ટ્રે અને એ.સી. નું જમા થતું પાણી નિયમિત ખાલી કરો

ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાની કોઈ ખાસ દવા ઉપલબ્ધ નથી જેથી ડૉક્ટરના માર્ગદર્શન વગર દવાઓ લેવી નહીં

ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના દર્દીએ સારવાર માટે એસ્પિરિન દવાનો ઉપયોગ કરવો નહીં

## જરૂરી સંદેશ

ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા રોગ ચેપી માદા એડીસ ઈજિપ્તી મચ્છરના કરડવાથી થાય છે અને તેને અટકાવી શકાય છે

એડીસ ઈજિપ્તી મચ્છર દિવસે કરડે છે

## ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાથી બચવા આટલું જરૂર કરવું

- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા ફેલાવતા મચ્છરોના ડંખથી બચવા આખી બાંયનાં કપડાં પહેરવાં તથા શરીરના ખુલ્લા ભાગ પર મચ્છર વિરોધી ક્રીમનો ઉપયોગ કરવો.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાથી બચવા મચ્છરદાનીનો ઉપયોગ કરવો.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના દર્દીએ ખાસ મચ્છરદાનીમાં સૂવાનો આગ્રહ રાખવો.
- દર અઠવાડિયે ફૂલદાની, કુંડા, પક્ષીકુંજ અને કુલર જેવા પાણી સંગ્રહના તમામ પાત્રોને ખાલી કરી, ઘસીને સાફ કરી, સૂકવવા અને ત્યારબાદ જ ઉપયોગમાં લેવા.
- ઘર, ધાબા પર અને ઘરની આસપાસ પડી રહેલ નકામા ખાલી પાત્રો, ભંગાર, ટાયર, નાળિયેરની કાચલી વગેરેનો નાશ કરવો.
- બારી બારણામાં મચ્છરજાળી લગાવવી.
- સખત તાવ, આંખોના ડોળાની પાછળ દુખાવો, સ્નાયુ અને સાંધાનો દુખાવો અને શરીર પર ચકામા કે ઓરી જેવા દાણા દેખાય તો નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો.
- પાણી સંગ્રહ કરવાના થતા તમામ પાત્રો હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવાં.
- તાવ દરમિયાન નજીકનાં આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરો, પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લો અને અને આરામ કરો

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**